# ફઝીલતે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)

## (મઅસુમીન અ.મુ.સ.ની હદીસોની રોશનીમાં એહલેબૈત અ.મુ.સ.ની ૧૦૦ હદીસો)


: લેખક :

**ઈબ્ને શાઝાન**

: અનુવાદક :

સૈયદ મોહસીન અલ હુસૈની અલ મીલાની



: પ્રકાશક :

**હાજી નાજી મેમોરિયલ ટ્રસ્ટ**

માળીના ટેકરા, આંબાચોક, ભાવનગર.

મો.:+૯૧-૮૪૬૦૫૩૪૫૯૮

વેબસાઈટ : www.hajinaji.com

ઈમેલ : hajinajitrust@gmail.com

# નોંધ...

- વધુ કિતાબો ડાઉનલોડ કરવા માટે www.hajinaji.com પર લોગ ઓન કરો.
- કિતાબોમાં કોઇ ભૂલચૂક જણાય તો પેજની વિગત અને કિતાબનું નામ જાણ કરવા વિનંતી.

hajinajitrust@gmail.com

# અનુક્રમણિકા


| ક્રમ | ફઝીલત | પેજ |
|---|---|---|
| * | અર્પણ | ૧૬ |
| * | લેખકનો ટૂંકમાં પરિચય | ૧૭ |
| * | લેખક ઈબ્ને શાઝાન દ્વારા નોંધ | ૧૯ |
| * | અનુવાદક સૈયદ મોહસીન અલ હુસૈની અલ મીલાનીની નોંધ | ૨૧ |
| ૧ | મખ્લૂકના સરદાર | ૨૩ |
| ૨ | સૌથી શ્રેષ્ઠ | ૨૪ |
| ૩ | અલી (અ.સ.) અને હસન (અ.સ.) અલ્લાહનું નામ છે | ૨૫ |
| ૪ | મખ્લૂકના માર્ગદર્શક | ૨૬ |
| ૫ | સાકીએ કૌસર | ૨૭ |

| | | |
|---|---|---|
| ૬ | ઉમ્મતના હાદી | ૨૯ |
| ૭ | વિલાયતે હઝરત અલી (અ.સ.) | ૩૧ |
| ૮ | અલ્લાહ તરફથી ખાસ તોહફો | ૩૨ |
| ૯ | અંબિયા (અ.મુ.સ.)ના વારીસ અને મોઅમીનોના સરદાર | ૩૫ |
| ૧૦ | જાનશીને રસૂલ (સ.અ.વ.) | ૩૭ |
| ૧૧ | કયામતના દિવસે ખુદાની નીદા | ૪૦ |
| ૧૨ | દુશ્મને અલી (અ.સ.) ઉપર અલ્લાહની લાઅનત | ૪૨ |
| ૧૩ | આસમાનમાં પણ એક ફરિશ્તો હઝરત અલી (અ.સ.)ની સુરતમાં | ૪૩ |
| ૧૪ | અલ્લાહ તથા રસૂલ (સ.અ.વ.)ના ચહીતા | ૪૫ |
| ૧૫ | નુરની શાદી નુર સાથે | ૪૭ |

| | | |
|---|---|---|
| ૧૬ | પુલે સેરાત પરથી પસાર થવા માટે હઝરત અલી (અ.સ.)નો પરવાનો જરૂરી છે | ૪૯ |
| ૧૭ | હઝરત અલી (અ.સ.)ની વિલાયત કબૂલ કરનાર મોઅમીન અને ઈન્કાર કરનાર કાફીર છે | ૫૧ |
| ૧૮ | ઈલ્મના દરવાજા | ૫૫ |
| ૧૯ | ૭૦ હઝાર ફરિશ્તા હઝરત અલી (અ.સ.)ને ચાહવાવાળા માટે ઈસ્તીગ્ફાર કરે છે | ૫૭ |
| ૨૦ | હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત અલ્લાહની નઝદીકીનું કારણ છે | ૫૯ |
| ૨૧ | હઝરત અલી (અ.સ.)ની ફઝીલત કોઈ ગણી શકતું નથી | ૬૧ |
| ૨૨ | હઝરત અલી (અ.સ.) ઉમ્મતના પિતા છે | ૬૪ |

| | | |
|---|---|---|
| ૨૩ | હઝરત અલી (અ.સ.)ની નાફરમાની જહન્નમનું કારણ | ૬૬ |
| ૨૪ | હઝરત અલી (અ.સ.) હાકીમ છે | ૬૭ |
| ૨૫ | સૌથી વધુ ઇલ્મ ધરાવનાર | ૬૯ |
| ૨૬ | હઝરત અલી (અ.સ.) દરેકના અમીર છે | ૭૦ |
| ૨૭ | હઝરત અલી (અ.સ.)ની આગળ વધે તે કાફિર છે | ૭૩ |
| ૨૮ | મખ્લૂકાત પર સ્પષ્ટ દલીલ હઝરત અલી (અ.સ.) | ૭૪ |
| ૨૯ | હઝરત અલી (અ.સ.)ના મોહીબ્બોનું સ્થાન | ૭૬ |
| ૩૦ | અંધકારમાં નુર | ૭૮ |
| ૩૧ | વસીઓમાં શ્રેષ્ઠ | ૮૦ |
| ૩૨ | હોઝે કૌસરના માલીક | ૮૨ |

| | | |
|---|---|---|
| ૩૩ | હું અને અલી (અ.સ.) એક જ નુરમાંથી | ૮૪ |
| ૩૪ | ઉમ્મતના ઈમામ | ૮૬ |
| ૩૫ | મેઅરાજમાં પંજેતન (અ.મુ.સ.)નો ઝિક્ર | ૮૭ |
| ૩૬ | હઝરત અલી (અ.સ.)ની ફરમાબરદારી કરો | ૮૯ |
| ૩૭ | હઝરત અલી (અ.સ.)ના ચાહવાવાળાની ૧૮ ફઝીલત | ૯૦ |
| ૩૮ | હઝરત અલી (અ.સ.)ની વિલાયત હિદાયત છે | ૯૬ |
| ૩૯ | હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત કરનારનો દરજ્જો | ૯૭ |
| ૪૦ | હઝરત અલી (અ.સ.) માટે હઝરત હારૂન બિન ઈમરાનનું ખમીસ આવ્યું | ૯૮ |

| | | |
|---|---|---|
| ૪૧ | હઝરત અલી (અ.સ.)ની વિલાયતને પકડી લો | ૧૦૦ |
| ૪૨ | જન્નતના પ્યાલામાં હૌઝે કૌસરનું પાણી હઝરત અલી (અ.સ.) માટે આવ્યું | ૧૦૩ |
| ૪૩ | ઈમામુલ મુત્તકીન | ૧૦૬ |
| ૪૪ | કોણ નજાત પામશે – કોણ હલાક થશે ? | ૧૦૯ |
| ૪૫ | હઝરત અલી (અ.સ.) ઝમીનનું નૂર છે | ૧૧૦ |
| ૪૬ | કોણ જન્નત / જહન્નમમાં જશે ? | ૧૧૧ |
| ૪૭ | અલ્લાહે પ્રસંશા કરી | ૧૧૩ |
| ૪૮ | હઝરત અલી (અ.સ.)નું ઉદાહરણ ઉમ્મતમાં ઈસા ઈબ્ને મરયમ જેવું છે | ૧૧૫ |
| ૪૯ | સૌથી પહેલા જન્નતમાં દાખલ થનાર | ૧૧૭ |

| | | |
|---|---|---|
| ૫૦ | જો બે બંદાઓ ન હોત તો હું હઝરત આદમ (અ.સ.)ને પૈદા ન કરત. | ૧૧૯ |
| ૫૧ | જન્નતમાં હિસાબ વગર દાખલ થવા માટે એહલેબૈત (અ.મુ.સ.)ની સાથે મોહબ્બત કરવી જોઇએ | ૧૨૧ |
| ૫૨ | કયામતના દિવસે હઝરત અલી (અ.સ.) 'ફિરદોસ' ઉપર બેઠશે | ૧૨૨ |
| ૫૩ | હઝરત અલી (અ.સ.) પયગમ્બર (સ.અ.વ.)નું એક અંગ છે | ૧૨૪ |
| ૫૪ | જન્નતના દરવાજા ઉપર લખાણ | ૧૨૫ |
| ૫૫ | મુનાદી અર્શની અંદરથી નિદા આપશે આ સૌથી સાચા છે | ૧૨૭ |
| ૫૬ | પયગમ્બર (સ.અ.વ.) ઉપર હઝરત અલી (અ.સ.) માટે અલ્લાહની વહી | ૧૨૯ |
| ૫૭ | પયગમ્બર (સ.અ.વ.) પછી અગર કોઇ નબી હોત તો તે હઝરત અલી (અ.સ.) હોત | ૧૩૦ |

| | | |
|---|---|---|
| ૫૮ | ઈમામ (અ.મુ.સ.) અલ્લાહની સ્પષ્ટ નિશાની છે | ૧૩૧ |
| ૫૯ | હઝરત પયગમ્બર (સ.અ.વ.)ના બીલા ફસ્લ ખલીફા | ૧૩૨ |
| ૬૦ | પંજેતન (અ.મુ.સ.)નો દરજ્જો | ૧૩૪ |
| ૬૧ | જનાબે ફાતેમા (સ.અ.)ની મોહબ્બત ૧૦૦ જગ્યાએ કામ આવશે | ૧૩૫ |
| ૬૨ | અલ્લાહનો તોહફો અને સફરજન ઉપર લખાણ | ૧૩૭ |
| ૬૩ | હઝરત અલી (અ.સ.)નો ઈન્કાર કરે તે કાફીર | ૧૩૯ |
| ૬૪ | સૌથી પહેલા જન્નતી | ૧૪૦ |
| ૬૫ | મેઅરાજની રાત્રે જન્નતમાં પયગમ્બર (સ.અ.વ.)એ એક નૂર જોયું | ૧૪૧ |
| ૬૬ | હઝરત અલી (અ.સ.) શ્રેષ્ઠ ઈન્સાન, આમાં શક કરનાર કાફીર | ૧૪૩ |

| | | |
|---|---|---|
| ૬૭ | અગર સબ્ર ઈન્સાનની શકલમાં હોત તો તે હઝરત અલી (અ.સ.) હોત | ૧૪૪ |
| ૬૮ | હઝરત અલી (અ.સ.)નો ઝિક્ર ઈબાદત છે | ૧૪૬ |
| ૬૯ | તુબા જન્નતનું વૃક્ષ છે | ૧૪૭ |
| ૭૦ | હઝરત અલી (અ.સ.) સાથે જંગ કરનાર કાફીર | ૧૪૮ |
| ૭૧ | આખેરતના ભાતા માટે શ્રેષ્ઠ હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત | ૧૪૯ |
| ૭૨ | મારી વફાત પછી હઝરત અલી (અ.સ.) મારા સ્થાને - હઝરત રસૂલેખુદા સ.અ.વ. | ૧૫૦ |
| ૭૩ | ખજુરના વૃક્ષે ગવાહી આપી | ૧૫૧ |
| ૭૪ | એહલેબૈત (અ.મુ.સ.)ની ૧૯ ફઝીલત | ૧૫૩ |
| ૭૫ | સ્પષ્ટ હુજ્જત હઝરત અલી (અ.સ.) | ૧૫૫ |

| | | |
|---|---|---|
| ૭૬ | હઝરત અલી (અ.સ.) હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ના વઝીર | ૧૫૭ |
| ૭૭ | એહલેબૈત (અ.મુ.સ.)નો ઈન્કાર અલ્લાહ તઆલાનું  અપમાન | ૧૫૮ |
| ૭૮ | સૌથી વધુ ઇલ્મ ધરાવનાર | ૧૬૧ |
| ૭૯ | હઝરત અલી (અ.સ.)ને ચાહનારાઓ માટે ખુશી અને આનંદ | ૧૬૨ |
| ૮૦ | હઝરત અલી (અ.સ.)ની પ્રશંસા ફરિશ્તા કરે છે | ૧૬૪ |
| ૮૧ | મજબુત રસ્સી હઝરત અલી (અ.સ.)ની વિલાયત | ૧૬૫ |
| ૮૨ | પહેલાના દરેક નબીને પણ હઝરત અલી (અ.સ.)ની વિલાયતનો પયગામ આપવામાં આવ્યો હતો | ૧૬૭ |
| ૮૩ | કયામતમાં હઝરત અલી (અ.સ.)ને સાત નામોથી પુકારવામાં આવશે | ૧૬૯ |

| | | |
|---|---|---|
| ૮૪ | હઝરત અલી (અ.સ.)ના ચહેરા તરફ નઝર કરવી ઈબાદત છે | ૧૭૦ |
| ૮૫ | હઝરત અલી (અ.સ.)નો રસ્તો સીધો રસ્તો છે | ૧૭૧ |
| ૮૬ | હઝરત અલી (અ.સ.) કુરઆન કરતા બહેતર | ૧૭૩ |
| ૮૭ | હસનૈન (અ.સ.) માટે જન્નતથી ફળ આવ્યું | ૧૭૪ |
| ૮૮ | હઝરત અલી (અ.સ.) ઉપર ઈમાન રાખનાર માટે ફરિશ્તા ઈસ્તેગફાર કરે છે | ૧૭૬ |
| ૮૯ | હઝરત અલી (અ.સ.)ની ફઝીલત બયાન કરો | ૧૭૭ |
| ૯૦ | જન્નતને પૈદા કરવામાં નથી આવી પરંતુ તમારી અને તમારા શિયાઓ માટે | ૧૭૯ |

| | | |
|---|---|---|
| ૯૧ | હઝરત અલી (અ.સ.)ના શિયા ૫૦૦ વર્ષ પહેલા જન્નતમાં જશે | ૧૮૦ |
| ૯૨ | એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરનારનો અજ્ર | ૧૮૧ |
| ૯૩ | મેં (અલ્લાહે) હઝરત અહમદ (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.)ને મારા નૂરમાંથી પૈદા કર્યા | ૧૮૩ |
| ૯૪ | અલ્લાહ તઆલા તેને ચાહે છે જે હઝરત અલી (અ.સ.)ને ચાહે છે. | ૧૮૫ |
| ૯૫ | નમાઝ, રોઝા અને દુઆની કબૂલીય્યાત માટે હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત જરૂરી | ૧૮૭ |
| ૯૬ | હઝરત અલી (અ.સ.)ના શિયાઓને કયામતના દિવસે સખાવતની સાથે બદલો | ૧૮૯ |
| ૯૭ | કેવા શ્રેષ્ઠ ખલીફા નિયુક્ત કર્યા | ૧૯૧ |

| | | |
|---|---|---|
| ૯૮ | કયામતના દિવસે હઝરત અબુતાલિબ (અ.સ.)નું નૂર દરેક નૂર કરતા વધારે નૂરાની હશે સિવાય પાંચ નૂર | ૧૯૪ |
| ૯૯ | હઝરત અલી (અ.સ.)ની ફઝીલતની ગણત્રી શકય નથી | ૧૯૬ |
| ૧૦૦ | અકીદાની કબૂલીયાત માટે હઝરત અલી (અ.સ.)ની વિલાયત અને તેમના દુશ્મનોથી બરાઅત જરૂરી | ૧૯૭ |
| * | આલીમોના આ કિતાબના બારામાં કથનો | ૧૯૯ |
| * | સુન્ની કિતાબો અને આલીમો જેઓએ આ કિતાબનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો | ૨૦૧ |

# અર્પણ

મારે આ કોને અર્પણ કરવી જોઈએ?

આ એક નમ્ર કોશિશ મારા મૌલા અને આકા માટે છે, એ કે જેમને મારા પરવરદિગાર તરફથી તોહફો મળ્યો, જેણે કહ્યું: આ તોહફો અલ્લાહ તરફથી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) માટે છે.[૧]

---

૧ આ એજ હદીસ છે જે હાફીઝ દયલમીએ તેમની કિતાબ ફિરદૌસમાં અબ્દુલ રઝઝાકથી તેમણે મોઅમ્મરથી તેમણે ઝોહરીથી તેમણે અરફાહ બિન ઝુબૈરથી તેમણે ઈબ્ને અબ્બાસથી કે જેણે કહ્યું: જ્યારે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ અમ્ર બિન અબ્દવદ અલ અમેરીને કત્લ કર્યો, આપ (અ.સ.) પોતાની ખૂન ભરેલી તલવાર સાથે રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે આવ્યા જેમાંથી અમ્રનું ખૂન ટપકી રહ્યું હતું. જ્યારે રસુલુલ્લાહ (સ.અ.વ.) એ અલી (અ.સ.) તરફ નિગાહ કરી તો ફરમાવ્યું: 'અય અલ્લાહ! અલી (અ.સ.)ને એવી ફઝીલતો અતા કર કે જે તે બીજા કોઈને અતા કરી ન હોય અને તેમના પછી બીજા કોઈને અતા નહિ કર.' તેથી જીબ્રઈલ જન્નતમાંથી એક નારંગી લઈને નાઝીલ થયા. તેમણે રસુલુલ્લાહ (સ.અ.વ.)ને કહ્યું: 'અલ્લાહ અઝઝ વ જલ્લએ તમને સલામ મોકલાવ્યા અને કહ્યુ કે: હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને મારા તરફથી સલામ અને આ નારંગી આપજો.' રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તે નારંગી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને આપી અને તેના બે ભાગ થઈ ગયા. તે નારંગીમાં એક લીલા રંગનું રેશ્મી કપડું હતું જેમાં આ મુજબ લખેલુ હતું: 'આ તોહફો અલ્લાહ તરફથી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) માટે છે.' (ખ્વારઝમીએ મનાકીબમાં પા. ૧૦૫, ઝહબીએ મિઝાનુલ એઅતેદાલ ભ.૧, પા. ૭૬, કુંદુઝીએ યનાબીઉલ મવદ્દત, પા. ૯૫)

# લેખકનો ટૂંકમાં પરિચય

ઈબ્ને શાઝાન પાંચમી સદીના મહાન આલીમોમાંથી હતા કે જેઓએ વારસા અને એહલેબૈત (અ.મુ.સ.)ના ઈલ્મને લખાણ અને ઘણી કિતાબોના પ્રકાશનથી હિફાઝત કરી, આ કિતાબ તેનોજ એક નમુનો છે.

આ કિતાબની મુસ્લીમ દુનિયામાં એક ખાસ અસર છે કારણકે લેખકે સાવચેતી સાથે સુન્ની કિતાબોમાંથી સ્ત્રોતોને પસંદ કર્યા છે, તેથી પક્ષપાતનો કોઈ સવાલ જ રહેતો નથી.

જેઓ ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરે છે તેઓ જુએ છે કે ઘણી વખત ખરીદેલા લેખકો લોકોના દિલોમાં પોતાની ઝહેરીલી કિતાબો દ્વારા શંકાઓ પૈદા કરે છે. આપણા આલીમો છે કે જેઓ તેમનો મુકાબલો કિંમતી અને ભરોસાપાત્ર પ્રકાશનોથી કરે છે, જેમકે આ પ્રકાશન, જે કોઈપણ વ્યક્તિગત મંતવ્યથી પર છે.

આ કિતાબની બે આવૃત્તિઓ છે. પહેલી આવૃત્તિ આયતુલ્લાહ સૈયદ મુસ્તફા ખુંસારીની લાઈબ્રેરીમાં છે અને બીજી આવૃત્તિ આયતુલ્લાહ અલ મરાશી અલ નજફીની લાઈબ્રેરીમાં છે.

ઈબ્ને શાઝાનના અમૂક કિંમતી પ્રકાશનો નીચે મુજબ છેઃ

૧) ઈઝાહ દફાએન અલ નવાસેબ

૨) અલ ઈખ્તેલાફ ફી વહદત અલ કત્તાબીન

૩) રદ્દુલ શમ્સ અલા અમીરૂલ મોઅમેનીન

૪) અલ મનાકીબ

# લેખક ઈબ્ને શાઝાન દ્વારા નોંધ

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે.

તમામ વખાણ અલ્લાહ માટે જે શરૂઆત વગર પહેલેથી છે અને અંત વગર છેલ્લે સુધી છે, પોતાના ફેંસલાઓમાં આદીલ, રહમાન, એ માલિક કે જેને બીજા કોઈની જરૂર નથી, તે ઉચ્ચ હોવા છતાં પોતાના બંદાઓથી નઝદીક છે. આ તેના તરફથી વખાણ છે કે જે જાણે છે કે વખાણ જરૂરી છે અને તેને ભુલી જવા ગુનાહ છે, આ તેનો અકીદો છે કે જે જાણે છે કે તેના કાર્યો તેના અકીદા ઉપર આધારીત છે, તે કે જે પરવરદિગારની રહમત ઉપર ભરોસો કર્યા વગર વજુદ નથી રાખી શકતો.

હું અલ્લાહ ઉપર એના જેવો ભરોસો કરૂ છું કે જે માનતો હોય કે અલ્લાહ સિવાય કોઈ સત્તા અને શક્તિ નથી. હું ગવાહી આપું છું કે કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ (ત.વ.ત.) અને આ ગવાહી મારા મૃત્યુ સુધી છે, હું ઉમ્મીદ રાખુ છું કે આ મને મુશ્કીલ સમયે બચાવે છે. હું ગવાહી આપું છું કે મોહમ્મદ (સ.અ.વ.) તેના બંદા અને રસુલ છે, તેઓ રહમતના નબી છે, તેઓ ઉમ્મતના ચિરાગ છે અને તેઓ ઉમ્મતને જેહાલત અને અંધકારમાંથી બચાવનાર છે.

અલ્લાહની અમર્યાદિત અને અગણિત સલવાત તેમના અને તેમના એહલેબૈત (અ.મુ.સ.) ઉપર થાય.

મેં આ અમીરૂલ મોઅમેનીન, મોઅમીનોના સરદાર, અલ્લાહના શેર, હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની બેમિસાલ ફઝીલતોને સુન્ની કિતાબોમાંથી જમા કરી છે. તેને મજબુતીથી પકડી રાખજો અને તેને સંપૂર્ણ રીતે શીખી લેજો. તે નાની છે તેથી વાંચકો કંટાળાની ફરિયાદ ન કરી શકે. અલ્લાહ આપણને સીધા રસ્તા ઉપર ચાલવાની તૌફીક અતા કરે અને આપણને જન્નતથી દૂર ન રાખે.

# અનુવાદક સૈયદ મોહસીન અલ હુસૈની અલ મીલાનીની નોંધ

આ શીઆ સ્ત્રોતોમાં ખુબજ કિંમતી કિતાબ છે. શકય પ્રયત્ન કરવામાં આવ્યા છે કે અરબીથી અંગ્રેજી તથા અંગ્રેજીથી ગુજરાતી તરજુમો કરવામાં કોઈ વસ્તુ રહી ન જાય.

એ સમજવું ખુબજ જરૂરી છે કે આ હદીસો રસુલુલ્લાહ (સ.અ.વ.)ની છે અને અલ્લાહ કુરઆન કરીમમાં ફરમાવે છેઃ

***"અને તે પોતાના મનથી કાંઈ કહેતા નથી પરંતુ તેમને વહી કરવામાં આવે છે." (૫૩:૩-૪)***

નીચેના સુચનો આ કિતાબને વાંચવામાં વધુ રચનાત્મક થશેઃ

૧) હદીસના સ્ત્રોતને જુઓ (દરેક ફઝીલતના ઉપરની છેલ્લી વ્યક્તિ). આનાથી તમને રસુલુલ્લાહ (સ.અ.વ.)ની દરેક હદીસમાં વપરાયેલ લહેજો સમજવામાં વધુ સારી સમજણ મળશે.

૨) અલ્લાહ તરફથી બયાન હદીસો જેમાં સીધી બીજાઓ સાથે સરખામણી છે તેના ગુણવત્તા અને લહેજા ઉપર ધ્યાન આપો.

૩) દરેક ફઝીલતને એક કરતા વધુ વખત વાંચવાનો પ્રયત્ન કરો જ્યાં સુધી તમે તે હદીસનો સંપૂર્ણ અર્થ સમજી ન લ્યો. વાંચકોનો હેતુ કિતાબ પૂરી વાંચી લેવાનો ન હોવો જોઈએ પરંતુ તેમનો હેતુ તેને શીખવાનો હોવો જોઈએ.

દરેક ફઝીલતનો સ્ત્રોત દરેક પાનાના અંતે આપવામાં આવ્યો છે અને આ દરેક સ્ત્રોત અરબીમાં છે. અગર કોઈ સ્ત્રોતનું ભાષાંતર કરવામાં આવ્યું છે તો પછી તેના પાના નંબર અરબી આવૃતિ સાથે સરખી રીતે નહિ મળે.

હું દરેક વાંચકોને આ કિતાબના લેખક અને મહાન આલીમ ઈબ્ને શાઝાન માટે એક સૂરએ ફાતેહા પઢવા ગુઝારીશ કરૂં છું.

## ફઝીલત ૧: મખ્લૂકના સરદાર

હસન ઈબ્ને અહમદ બિન સોખ્તાવય કુફામાં ૩૭૪ હી.સ. માં અબુબક્ર મોહમ્મદ બિન અહમદ બિન ઈસા બિન મેહરાનથી, તે યહ્યા બિન અબ્દીલ હમીદથી, તે કૈસ બિન રબીઅથી, તે અઅમશથી તે અબાયાથી, તે હબ્બા અલ અરાનીથી, તે અમીરૂલ મોઅમેનીન હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી વર્ણવે છે કે જેઓએ ફરમાવ્યું:

**રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:**

**હું પહેલા અને છેલ્લાનો સરદાર છું અને અય અલી! તમો મારા પછીની મખ્લુકના સરદાર છો. અમારા પ્રથમ અંતિમ જેવા છે અને અમારા અંતિમ પ્રથમ જેવા છે.**[૨]

---

[૨] બેહાર ભ.૨૫ પા. ૩૬૦ હ. ૧૭, ગાયાતુલ મરમ પા. ૪૫૦ હ. ૧૪ પા. ૬૨૦ હ. ૧૭, ખ્વારઝમીએ મનાકીબમાં પા. ૩૧ અને મકતલ ભ.૧ પા. ૩૯, યનાબીઉલ મવદ્દત ૧૩૩, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૦૩, એહકાકુલ હક્ક ભ.૬ પા. ૧૧૧, મિસ્બાહુલ અન્વાર પા. ૬૧.

# ફઝીલત ૨: સૌથી શ્રેષ્ઠ

અબુ ઝકરીયા તલ્હા બિન અહમદ બિન તલ્હા બિન મોહમ્મદ અલ સર્રામ, અબુ મઆદ શાહ બિન અબ્દીલ રહમાન બહરાતથી, તે અલી બિન અબ્દીલ્લાહથી, તે અબ્દુલ હમીદ અલ કત્તાદથી, તે હશીમ બિન બશીરથી, તે શોઅબા બિન અલ હજ્જાજથી, તે અદી બિન સાબીતથી, તે સઈદ બિન જુબૈરથી, તે ઈબ્ને અબ્બાસથી કહે છે કે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:**

**મારા પછી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અલ્લાહની શ્રેષ્ઠ મખ્લુક છે. હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જન્નતના જવાનોના સરદાર છે, અને તેઓના પિતા તેઓ કરતા પણ ઉંચો દરજ્જો ધરાવે છે અને જનાબે ફાતેમા (સ.અ.) દુનિયાની તમામ સ્ત્રીઓના સરદાર છે. અલી (અ.સ.)એ જનાબે ફાતેમા (સ.અ.)નો હાથ માંગ્યો છે અને અગર અલી (અ.સ.) કરતા વધુ સારૂં કોઈ ફાતેમા (સ.અ.) માટે હોત તો હું આપ (સ.અ.)ના નિકાહ અલી (અ.સ.) સાથે ન કરત.**[3]

---

[3] શૈખે સદુકે ખેસાલમાં પા. ૨૦૬ હ. ૨૫, બેહાર ભ.૪૩, પા. ૨૬ હ. ૨૪, ઈબ્ને શહરે આશુબે મનાકીબમાં ભ.૩ પા. ૧૦૩, શૈખે સદુકે મઆનીલ અખ્બાર પા. ૧૦૭ હ. ૧, કુન્દુઝીએ યનાબીઉલ મવદ્દત પા. ૨૬૦, અવાલીમ ભ.૧૧ પા. ૪૪, દાયલમીએ ફિરદૌસમાં, સોયુતિએ તારીખુલ ખોલફા પા. ૧૧૪, ઈબ્ને અબીલ હદીદે શર્હે નહજુલ બલાગાહ, ભ.૨ પા. ૪૫૭, હિલ્યુલ અવલીયા ભ.૨ પા. ૪૨, ખ્વારઝમીએ મકતલ ભ.૧ પા. ૭૯, મોશ્કીલ અલ અત્હાર ભ.૧ પા. ૪૮, મોહીબ અલ દિન અલ તબરીએ સખાએર

## ફઝીલત ૩: અલી (અ.સ.) અને હસન (અ.સ.) અલ્લાહનું નામ છે

અબુલ તૈયબ મોહમ્મદ બિન હુસૈન તૈમુલથી મોહમ્મદ બિન સુલૈમાનથી નકલ કરે છે, તે યહ્યા બિન અહમદથી, તે મોહમ્મદ બિન મુતવક્કીલથી, તે ઝુફ્ર બિન અલ હઝીલ, તે અઅમશથી, તે મોવરરીકથી, તે જાબીર બિન અબ્દીલ્લાહ અન્સારીથી, તેઓ કહે છે કે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:**

**હસન (અ.સ.)ને હસન એ માટે કહેવામાં આવે છે કારણકે અલ્લાહના એહસાનથી આસમાન અને જમીન સ્થિર ઉભા છે. હસન નામ એહસાન ઉપરથી આવ્યું છે[૪] અને અલી અને હસન એ બન્ને નામ અલ્લાહના નામ ઉપરથી આવ્યા છે અને હુસૈન નામ હસન નામનું લઘુદર્શક છે.[૫]**

---

અલ ઉકબા પા. ૪૩, મોઅતસર મીન મુખ્તસર ભ.૨ પા. ૧૪૭, સલબીએ તારીખુલ ઈસ્લામ ભ.૨ પા. ૯૧, વસીલતુલ આમાલ પા. ૮૦, રશ્ફત અલ સાદી ૨૨૬, ઈસ્તેઆબ ભ.૪ પા. ૩૮૫ ઈસાબાહ ભ.૪ પા. ૩૭૮, સેરાતઅલ નબવીય્યહ ભ.૨ પા. ૬, મશારેકલ અન્વાર પા. ૧૦૫, ઉસુદ અલ ગાબા ભ.૫, પા. ૫૨૨.

[4] ઈમામો (અ.મુ.સ.) અલ્લાહની સિફાતોનું પ્રતિનિધિત્વ કરે છે અને અલ્લાહની એક સિફત 'માયાળુ' છે. ઈમામ હસન (અ.સ.) અલ્લાહના માયાળુપણાનું પ્રતિનિધિત્વ કરે છે. ઈમામ હસન (અ.સ.)ના કારણે આસમાન ઝમીન ઉપર નથી પડતું. જુઓ ઝિયારતે જામેઆ કબીરા.

[5] ૫ મદીનતુલ મઆજીઝ પા. ૨૦૨ હ. ૪ અને પા. ૨૩૮ હ. ૮, હિલ્યતુલ અબરાર ભ.૧ પા. ૪૯૯, બેહાર ભ.૪૩ પા. ૨૫૨, અવાલીમ પા. ૧૬, મનાકીબ ઈબ્ને શહરે આશોબ ભ.૨ પા. ૧૬૬.

## ફઝીલત ૪: મખ્લૂકના માર્ગદર્શક

અહમદ બિન મોહમ્મદ બિન જર્રાહ કાઝી ઉમર બિન અલ હુસૈનથી નકલ કરે છે, તે આમેના બિન્તે અહમદ બિન ઝહલ બિન સુલૈમાન અલ અઅમશથી, તે તેણીના પિતાથી, તે સુલૈમાન બિન મેહરાનથી, તે મોહમ્મદ બિન કસીરથી, તે અબી ખૈસમાથી, તે અબ્દુલ્લાહ ઉમરના ફરઝંદથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

હું ચેતવનાર છું અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) તમારા માર્ગદર્શક છે. (*“બેશક તમે એક ચેતવનાર છો અને દરેક ઉમ્મત માટે એક હાદી છે.”* (૧૩:૭)) હસન (અ.સ.) થકી તમને અલ્લાહની રહમત મળે છે અને હુસૈન (અ.સ.)થકી તમો નજાત પામો છો અથવા (તેમની નાફરમાનીથી) તમો બદબખ્ત બનો છો. હુસૈન (અ.સ.) જન્નતના દરવાજાઓમાંથી એક દરવાજો છે, અલ્લાહે હુસૈન (અ.સ.) સાથે જંગ કરનારાઓ ઉપર જન્નતની ખુશ્બુ હરામ કરી છે.[૬]

---

[6] બેહાર ભ.૩૫ પા. ૪૦૫ હ. ૨૮, ગાયાતુલ મરામ પા. ૨૩૫ હ. ૬, બુરહાન ભ.૨૧ પા. ૧૮૧, ખ્વારઝમીએ મકતલમાં ભ.૧ પા. ૧૪.

# ફઝીલત ૫: સાકીએ કૌસર

મોહમ્મદ બિન અલી બિન ફઝલ બિન તમામ અલ ઝય્યાત મોહમ્મદ બિન કાસીમથી નકલ કરે છે, તે એબાદ બિન યઅકુબથી, તે મુસા બિન ઉસ્માનથી, તે અઅમશથી, તે અબુ ઈસ્હાકથી, તે હારીસ અને સઈદ બિન કૈસથી તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) કે જેમણે કહ્યું:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

હું હવ્ઝ પર વારીદ હોઈશ અને અય અલી (અ.સ.)! તમો સાકી હશો, હસન (અ.સ.) લોકોને હવ્ઝથી દૂર રાખશે, હુસૈન (અ.સ.) હુકમ આપનારા હશે, અલી ઈબ્ને હુસૈન (અ.સ.) હુકમોને લાગુ કરતા હશે, મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) દોરનાર હશે, જઅફર ઈબ્ને મોહમ્મદ (અ.સ.) એકઠા કરનાર હશે, મુસા ઈબ્ને જઅફર (અ.સ.) મોહીબ્બો અને બુગ્ઝ રાખનારને ગણી રહ્યા હશે અને મુનાફીકોને નાબુદ કરી રહ્યા હશે, અલી ઈબ્ને મુસા (અ.સ.) મોઅમીનોને શણગારનાર હશે, મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) જન્નતવાસીઓને એમના દરજ્જાઓ પર રાખી રહ્યા હશે, અલી બિન મોહમ્મદ (અ.સ.) તેમના શીઆઓના ખતીબ હશે અને તેઓની શાદી હુરૂલઈન સાથે કરાવશે (*“અને મોટી મોટી ખુબસુરત આંખોવાળી હુરો.”* (૫૬:૨૨)) હસન ઈબ્ને અલી

(અ.સ.) જન્નતનવાસીઓના ચિરાગ હશે તેઓના થકી તેઓ પ્રકાશિત થશે અને કાએમ (અ.ત.ફ.શ.) કયામતના દિવસે તેઓની શફાઅત કરનારા હશે અને અલ્લાહ ફકત તેઓની જ શફાઅતને કબુલ કરશે કે જેમનાથી તેઓ રાઝી હશે.[૭] [૮]

[7] આ દરેક લકબ અલ્લાહની સિફાતોમાંથી એક સિફતનું પ્રતિનિધિત્વ કરે છે. જરૂરી નથી કે આ લકબો કયામતના દિવસે હૌઝે કવસર સાથે સંકળાયેલ હોય. અમૂક ઈમામની આ ઝીંદગીમાં, કયામતના દિવસે અને / અથવા જન્નતમાં ભજવેલ સિફાતનું વર્ણન કરે છે. અમૂક લકબો ઈમામોને તેઓ સાથે દુનિયામાં થયેલ વ્યવહારના કારણે આપવામાં આવેલ છે.

[8] ખ્વારઝમી મકતલમાં ભ.૧ પા. ૯૪, તરાએફ પા. ૧૭૩, સેરાતલ મુસ્તકીમ ભ.૨, પા. ૧૫૦, હિલ્યતુલ અબરાર ભ.૨ પા. ૭૨૧, ગાયતુલ મરામ પા. ૩૫, હ. ૨૨ અને પા. ૬૯૨ હ. ૨, ફરાએદુસ્સીમતૈન ભ.૨ પા. ૨૩૧ હ. ૫૭૨, બેહાર ભ. ૩૬ પા. ૨૭૦

## ફઝીલત ૬: ઉમ્મતના હાદી

મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન ઉબૈદીલ્લાહ બિન મોર્રાહ અબ્દુલ્લાહ બિન મોહમ્મદ અલ બગાવીથી તે અલી બિન જાદથી, તે અહમદ બિન વહાબ બિન મન્સુરથી, તે અબુ કોબૈસા શુરૈહ બિન મોહમ્મદ અલ અંબારીથી, તે નાફેઅથી તે અબ્દુલ્લાહ બિન હ. ઉમર ઈબ્ને અલ ખત્તાબથી, તે કહે છે કે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું:

અય અલી (અ.સ.)! હું મારી ઉમ્મતને ડરાવનાર છું અને  તમો તેઓના હાદી છો, હસન (અ.સ.) તેમના રેહબર છે, હુસૈન (અ.સ.) તેને દોરનાર છે, અલી ઈબ્ને હુસૈન (અ.સ.) તેઓને એકત્ર કરનાર છે, મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) તેઓના આરીફ છે, જઅફર ઈબ્ને મોહમ્મદ (અ.સ.) તેઓના લખનાર છે, મુસા ઈબ્ને જઅફર (અ.સ.) તેઓની ગણતરી કરનારા છે, અલી ઈબ્ને મુસા (અ.સ.) તેઓને રસ્તો પસાર કરનાર અને નજાત દેનાર અને બુગ્ઝ રાખનારાને દૂર કરનારા અને મોઅમીનોને નઝદીક કરનારા હશે, મોહમ્મદ ઈબ્ને અલી (અ.સ.) મારી ઉમ્મતને દોરનારા હશે, અલી ઈબ્ને મોહમ્મદ (અ.સ.) મારી ઉમ્મતના સાથે મોટા આલીમ અને

તેઓના રક્ષક હશે, હસન ઈબ્ને અલી (અ.સ.) તેઓને પુકારનારા અને તેઓને અતા કરનારા હશે, કાએમ (અ.સ.) તેઓને પીવડાવનારા અને તેના હાજતો પુરી કરનાર છે.

પછી આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું: અય અબ્દુલ્લાહ! (ઈબ્ને ઉમર) *‘‘બેશક તેમાં બારીકાઈથી નિરીક્ષણ કરનારા માટે ચોક્કસ નિશાનીઓ છે.’’* (૧૫:૭૫)[૯] [૧૦]

---

[9] જુઓ સંદર્ભ-૪

[10] બેહાર ભ.૩૬ પા. ૨૮૦, મનાકીબે શહરે આશોબ, ભ.૧ પા. ૨૫૧, ઈસ્બાતુલ હોદાત ભ.૩. પા. ૨૨૨, ૩૪ અલગ રીતોથી. સેરાતલ મુસ્તકીમ ભ.૨ પા. ૧૫૦.

## ફઝીલત ૭: વિલાયતે હઝરત અલી (અ.સ.)

સહલ બિન અહમદ અબુ જઅફર મોહમ્મદ બિન જરીર અલ તબરીથી નકલ કરે છે, તે હેનાદ બિન અલ સીરરીથી, તે મોહમ્મદ બિન હિશામથી, તે સઈદ અબી સઈદના દિકરાથી, તે મોહમ્મદ બિન મુનકદીરથી, તે જાબીર બિન અબ્દીલ્લાહ અલ અન્સારીથી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

જ્યારે અલ્લાહે આસમાનો અને જમીનને ખલ્ક કરી તેઓને પુકાર્યા, તો તેમણે જવાબ આપ્યો અને તેઓની સામે મારી નુબુવ્વતને રજુ કરી અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની વિલાયતને રજુ કરી. તે બન્નેએ તેને કબુલ કર્યું પછી અલ્લાહે બીજી મખ્લુકને ખલ્ક કરી અને પછી દીનની બાબતો અમોને સોંપી દીધી અને ખુશબખ્ત એ છે કે જે અમારા સાથે ખુશ હોય અને બદબખ્ત એ છે કે જે અમારા સાથે બદબખ્તી કરે. અમો અલ્લાહના હલાલને હલાલ કરનારા અને તેના હરામને હરામ કરનારા છીએ.[11]

---

11 ગાયતુલ મરામ પા. ૨૦૮ હ. ૯, ખ્વારઝમીએ મનાકીબમાં પા. ૭૯ અને મકતલમાં ભ.૧ પા. ૪૬, અલ મોહતઝેર પા. ૯૭, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા.૨૯૧, મિસ્બાહુલ અન્વાર પા. ૬૪, બેહાર ભ.૧૭ પા.૧૩ હ. ૨૫.

## ફઝીલત ૮: અલ્લાહ તરફથી ખાસ તોહફો

કાઝી અલ મોઅફી બિન ઝકરીયા અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન અલ અઝીઝ અલ બગવીથી નકલ કરે છે, તે યહ્યા અલ હમાનીથી, તે મોહમ્મદ બિન અલ ફઝીલથી, તે અલ કલ્બીથી, તે અબી સાલેહથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

એક દિવસ હું, રસુલુલ્લાહ (સ.અ.વ.), અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ની ખિદમતમાં બેઠો હતો, ત્યારે જીબ્રઈલ (અ.સ.) નાઝીલ થયા અને રસુલુલ્લાહ (સ.અ.વ.)ને સલામ કરી અને એક સફરજન આપ્યું. રસુલુલ્લાહ (સ.અ.વ.) સલામ કબુલ કરતા સફરજન લીધું.

ત્યારબાદ રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને સલામ કરી અને સફરજન આપ્યું. હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) એ સલામ કબુલ કરતા સફરજન લીધું. આપ (અ.સ.)એ સફરજનને બોસો આપ્યો અને પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)ને પરત કર્યું. રસુલુલ્લાહ (સ.અ.વ.) એ સફરજન લેતા તેમના સલામ કબુલ કર્યા.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) એ હસન (અ.સ.)ને સલામ કરી અને સફરજન આપ્યું. હસન

(અ.સ.)એ સલામ કબુલ કરતા સફરજન સ્વિકાર્યું. આપ (અ.સ.) એ સફરજનને બોસો આપ્યો અને પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)ને પરત કર્યું. આપ (સ.અ.વ.)એ તેમના સલામને કબુલ કર્યા.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) એ હુસૈન (અ.સ.)ને સલામ કરી અને સફરજન આપ્યું. હુસૈન (અ.સ.)એ સલામ કબુલ કરતા સફરજન સ્વિકાર્યું. આપ (અ.સ.) એ સફરજનને બોસો આપ્યો અને પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)ને પરત કર્યું. આપ (સ.અ.વ.)એ તેમના સલામને કબુલ કર્યા.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફાતેમા (સ.અ.)ને સલામ કરી અને સફરજન આપ્યું. જનાબે ફાતેમા (અ.સ.)એ સલામ કબુલ કરતા સફરજન સ્વિકાર્યું. આપ (અ.સ.) એ સફરજનને બોસો આપ્યો અને પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)ને પરત કર્યું. આપ (સ.અ.વ.)એ તેમના સલામને કબુલ કર્યા.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરી અલી (અ.સ.)ને સલામ કરી અને સફરજન આપ્યું. અલી (અ.સ.)એ સલામ કબુલ કરી અને સફરજનને બોસો આપ્યો. જ્યારે આપ (અ.સ.)એ સફરજન રસુલુલ્લાહ (સ.અ.વ.)ને પરત કરવા ચાહ્યું ત્યારે તે આપના હાથમાંથી પડયું. સફરજનના બે ભાગ થઈ

ગયા અને તેમાંથી એક નૂર નિકળ્યું ત્યાં સુધી કે તે આસમાન સુધી પહોંચી ગયું.

સફરજનની અંદર આ પયગામ લખેલો હતોઃ

બિસ્મિલ્લાહ હિર રહમાનીર રહીમ. આ અલ્લાહ તરફથી હઝરત મોહમ્મદ મુસ્તફા (સ.અ.વ.), હઝરત અલીએ મુર્તઝા (અ.સ.), જનાબે ફાતેમા ઝહરા (સ.અ.), રસુલુલ્લાહ (સ.અ.વ.)ના બે નવાસાઓ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.), માટે તોહફો છે અને તેઓના મોહિબ્બોના માટે કયામતના દિવસે આગથી અમાન છે.[૧૨]

---

12 ગાયાતુલ મરામ પા.૬૫૯, મદીનતુલ મઆજીઝ પા. ૬૧ હ. ૧૩૧, ખ્વારઝમી મકતલમાં ભ.૧ પા. ૯૫, બેહાર ભ.૪૩ પ.૩૦૮ હ.૭૨, ‘અવાલીમ’ ભ.૧૬ પા. ૬૨, શૈખે સદુક આમાલીમાં પા. ૪૭૭, જવાહીર અલ સાનીયા પા. ૨૩૩.

## ફઝીલત ૯: અંબિયા (અ.મુ.સ.)ના વારીસ અને મોઅમીનોના સરદાર

નૂહ બિન અહમદ બિન અયમાન ઈબ્રાહીમ બિન એહમ બિન અબી હસીનથી નકલ કરે છે, તે તેમના દાદાથી, તે યહ્યા બિન અબ્દીલ હમીદથી, તે કૈસ બિન રબીઅથી, તે સુલૈમાન અલ અઅમશથી, તે જઅફર બિન મોહમ્મદ (ઈમામ સાદિક અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ મને ફરમાવ્યું:

અય અલી! તમે મોઅમીનોના સરદાર છો અને મુત્તકીઓના ઈમામ છો. અય અલી! તમે તમામ અંબીયાઓના વારસદારોના સરદાર છો.

તમે દરેક નબીના ઈલ્મના વારસદાર છો અને તમે સિદ્દીકીન (સાચાઓ)માં શ્રેષ્ઠ છો અને અલ્લાહ ઉપર પહેલા ઈમાન લાવનારમાં શ્રેષ્ઠ છો.

અય અલી! તમે તે ઔરતના શોહર છો જે તમામ દુનિયાની ઔરતોની સરદાર છે અને તમે નબીઓમાંના શ્રેષ્ઠ નબીના વારસદાર છો.

અય અલી! તમે મોઅમીનોના સરદાર છો.

અય અલી! તમે તે દલીલ છો જે મારા પછી તમામ લોકો ઉપર અલ્લાહના વજુદની સાબીતી છો.

જેઓ તમને અનુસરશે તેઓ જન્નતમાં જશે અને જેઓ તમારી વિરૂધ્ધ છે તેઓ માટે જહન્નમ છે.

અય અલી! અલ્લાહની કસમ! જેણે મને નબી બનાવી મોકલ્યો છે અને જેણે મને તમામ મખ્લુકાતમાંથી પસંદ કર્યો છે. અગર કોઈ બંદો એક હજાર વર્ષ અલ્લાહની ઈબાદત કરે, અલ્લાહ તેના આમાલ ત્યાં સુધી કબુલ નહિ કરે જ્યાં સુધી તે તમારી અને તમારા ફરઝંદોની વિલાયતમાં ન માને.[13] તદઉપરાંત તમારી વિલાયત ત્યાં સુધી કબુલ કરવામાં નહિ આવે જ્યાં સુધી તે તમારા દુશ્મનો તથા તમારા ફરઝંદોના દુશ્મનો સાથે દુશ્મની ન હોય.[14] આ એ બાબત છે જે જીબ્રઈલે મને કહી છે. આ પછી તેઓ ઈચ્છે તો મોઅમીનો બને અને ઈચ્છે તો કાફીરો બને.[15]

---

13 અલ્લાહ વિલાયતમાં ન માનનારના આમાલ કબુલ નથી કરતો.

14 અલ્લાહ વિલાયતની માન્યતાને એહલેબૈત (અ.મુ.સ.)ના દુશ્મનો સાથે દુશ્મની વગર કબુલ કરતો નથી.

15 અલ યકીન પા. ૫૬, બેહાર ભ.૨૭ પા. ૧૯૯ હ. ૬૬, ગાયાતુલ મરામ પા. ૧૭ હ. ૯, ઈસ્બાતુલ હોદાત ભ.૪, પા. ૧૬૮ હ. ૫૦૭, કન્ઝુલ ઉમ્માલ પા. ૧૮૫, મુસ્તદરક ભ.૧ પા. ૨૩, રવઝતુલ જન્નત ભ.૬ પા. ૧૮૩.

## ફઝીલત ૧૦: જાનશીને રસૂલ (સ.અ.વ.)

સહલ બિન અહમદ, અલી બિન અબ્દીલ્લાહથી નકલ કરે છે, તે અલ ઝુબૈરી ઈસ્હાક બિન ઈબ્રાહીમથી, તે અબ્દુલ રઝઝાક બિન હમ્મામથી, તે તેમના પિતાથી, તે અબ્દુલ રહમાન બિન ઔફના ગુલામ મીનાથી, તે અબ્દુલ્લાહ બિન મસઉદથી, તે કહે છે:

હું રસુલુલ્લાહ (સ.અ.વ.)ની સાથે હતો ત્યારે આપ (સ.અ.વ.)એ ઉંડો નિસાસો લીધો.

મેં પુછયું: યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! તમે શા માટે આટલા ઉદાસ છો?

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું: અય ઈબ્ને મસઉદ! મારી અજલ કરીબ છે.

મેં કહ્યું: યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! તમારા ખલીફાની નિમણુંક કરો.

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ સવાલ કર્યો: કોને?

મેં કહ્યું: હ. અબુબકર.

રસુલુલ્લાહ (સ.અ.વ.) ખામોશ થઈ ગયા અને ફરી ઉંડો નીસાસો લીધો.

મેં કહ્યું: તમે શા માટે આટલા ઉદાસ છો? મારી જાન આપના ઉપર કુરબાન! યા રસુલુલ્લાહ (સ.અ.વ.)!

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મારી અજલ નઝદીક છે.

મેં કહ્યુંઃ તમારા ખલીફાની નિમણુંક કરો.

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ સવાલ કર્યોઃ તે કોણ હશે?

મેં કહ્યુંઃ હ. ઉમર બિન અલ ખત્તાબ.

રસુલુલ્લાહ (સ.અ.વ.) ખામોશ થઈ ગયા અને ત્રીજી વાર ઉંડો નીસાસો લીધો.

મેં પુછયુંઃ તમે શા માટે આટલા ઉદાસ છો? મારા માં-બાપ આપના ઉપર કુરબાન થાય! યા રસુલુલ્લાહ (સ.અ.વ.)!

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યુંઃ મારી અજલ નઝદીક છે.

મેં કહ્યુંઃ તમારા ખલીફાની નિમણુંક કરો.

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ સવાલ કર્યોઃ તે કોણ હશે?

મેં કહ્યુંઃ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) રડવા લાગ્યા અને ફરમાવ્યુંઃ આહ! તમે લોકો તેમની ઈતાઅત નહિ કરો. અગર ઈતાઅત કરત તો અલ્લાહ તમને

**જન્નતમાં દાખલ થવાની પરવાનગી આપત. પરંતુ તેમની નાફરમાની કરવાથી અલ્લાહ તમારા કોઈપણ નેક અમલ કબુલ નહિ કરે.[૧૬]**

---

[16] ગાયાતુલ મરામ પા. ૬૯ હ. ૧૪, ખ્વારઝમી મનાકીબમાં પા. ૬૪, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૧૬૭ હ. ૨૦૯, તુસી આમાલીમાં ભ.૧ પા. ૩૧૩, મનાકીબ ઈબ્ને શહરે આશોબ ભ.૨ પા. ૨૬૨, બશારતુલ મુસ્તફા પા. ૨૧૫, તારીખુલ દમીશ્ક ભ.૩ પા. ૭૨, નફાહતુલ લહુત પા. ૧૧૪, અરજાહ અલ મતાલેબ પા. ૧૬૨, મકસદ અલ રગીબ પા. ૨૯, મજમઉઝ ઝવાએદ ભ.૫ પા. ૧૮૫, ઈબ્ને કસીર તેમની તફસીરમાં ભ.૯ પા. ૨૦૦.

## ફઝીલત ૧૧: કયામતના દિવસે ખુદાની નીદા

સહલ બિન અહમદ બિન કુફી, અબ્દુલ્લાહ બિન હુસૈન બિન મોહમ્મદ અલ ગઝનવીથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન મોહમ્મદ અલ સકફીથી, તે અબ્દુલ રહમાન અલ સેરાજથી, તે કતીબાહ બિન સઈદ અબુ રજાથી, તે નાફેઅથી, તે અબ્દુલ્લાહ બિન હ. ઉમર અલ ખત્તાબથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ

અય અલી! કયામતના દિવસે તમને નૂરના મિમ્બર ઉપર બેસાડી લાવવામાં આવશે. તમારા માથા ઉપર તાજ હશે જે એટલો નૂરાની હશે કે લોકો અંજાય જશે.

અલ્લાહ નીદા આપશેઃ મોહમ્મદ (સ.અ.વ.), અલ્લાહના રસુલના વસી કયા છે?

પછી અય અલી! તમે કહેશો, હું હાજર છું.

પછી નિદા દેનાર નિદા આપશેઃ ‘જેઓ તમને મોહબ્બત કરતા હતા તેઓને જન્નતમાં દાખલ કરવામાં આવે અને જે તમારી ખિલાફ હતા તેઓને જહન્નમમાં નાખો.’

તેથી તમે (અલી અ.સ.) જન્નત અને જહન્નમમાં જનારાઓને તકસીમ કરશો અને આ અલ્લાહનો હુકમ છે.[૧૭]

[17] ગાયાતુલ મરામ પા. ૬૯ હ. ૧૫, શૈખે સદુકની આમાલી પા. ૨૯૫ હ. ૧૪, બેહાર ભ.૭ પા. ૨૩૨, જવાહેરૂલ સન્નીયા પા. ૨૭૭, ઈસ્બાતુલ હોદાત ભ.૩ પા. ૪૦૨, તબરી બીશારામાં પા. ૬૮, કુન્દુઝી યનાબીઉલ મવદ્દતમાં પા. ૮૩

## ફઝીલત ૧૨: દુશ્મને અલી (અ.સ.) ઉપર અલ્લાહની લાઅનત

અબુ મોહમ્મદ જઅફર બિન અહમદ બિન અલ હુસૈન અલ શાશી, અહમદ બિન ઝિયાદ અલ કતનથી નકલ કરે છે, તે યહ્યા બિન અબી તાલિબથી, તે અમ્ર બિન અબ્દીલ ગફફારથી, તે અઅમશથી તે અબી સાલેહથી તે અબુ હુરૈરાથી, તે કહે છે:

હું રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે હતો જ્યારે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) દાખલ થયા.

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ મને સવાલ કર્યો: અય અબુ હુરૈરા! શું તમે જાણો છો આ કોણ છે?

મેં કહ્યું: હા, યા રસુલુલ્લાહ! આ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: આ (અલી અ.સ.) ખઝાનાઓથી ભરેલ દરીયો છે. તેઓ ઉગતા સૂર્ય છે. તેઓ કરમ અને સખાવતમાં ફુરાત નદી કરતા આગળ છે,[૧૮] અને તેમનું દીલ સમગ્ર કાએનાત કરતા મોટું છે. અલ્લાહની લઅનત થાય તેઓ ઉપર જેઓ તેમનાથી નફરત કરે.[૧૯]

---

[18] અરબી ભાષામાં નદી, દરિયા અને પાણી અમર્યાદિત કરમ દેખાડવા માટે વપરાય છે. સામાન્ય રીતે ફુરાત એક વિશાળ નદી, દરિયાના દાખલા તરીકે ગણાતું.

[19] કન્ઝુલ ઉમ્માલ પા. ૬૨, બેહાર ભ.૨૭ પા. ૨૨૭ હ. ૨૯

## ફઝીલત ૧૩: આસમાનમાં પણ એક ફરિશ્તો હઝરત અલી (અ.સ.)ની સુરતમાં

અબુલ કાસીમ જઅફર બિન મોહમ્મદ બિન મસરૂર, હુસૈન બિન મોહમ્મદથી નકલ કરે છે, તે અહમદ બિન અલવીયાથી જેઓ ઈબ્ને અલ અસ્વદ અલ અસ્બહાની તરીકે પ્રખ્યાત છે, તે ઈબ્રાહીમ બિન મોહમ્મદથી, તે અબ્દુલ્લાહ બિન સાલેહથી, તે જુરૈર બિન અબ્દીલ હમીદથી, તે મુજાહીદથી તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને આ ફરમાવતા સાંભળ્યા:

મેઅરાજની રાત્રે, જ્યારે પણ હું ફરિશ્તાઓના સમુહ પાસેથી પસાર થતો, તેઓ મને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના બારામાં એટલુ બધુ વધારે પુછતા કે મને એવું લાગવા લાગ્યું કે મારા કરતા અલી (અ.સ.) આસમાનમાં વધુ મશ્હુર છે.

જ્યારે હું ચોથા આસમાન ઉપર પહોંચ્યો, મેં મૌતના ફરિશ્તાને જોયો.

તે મૌતના ફરિશ્તાએ મને પુછયું: અય મોહમ્મદ (સ.અ.વ.)! અલી (અ.સ.) કેમ છે?

મેં કહ્યું: અય મારા દોસ્ત, તમે અલી (અ.સ.)ને કેવી રીતે ઓળખો છો?

તેણે કહ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! હું તે દરેકની ઝીંદગી લેવા માટે જવાબદાર છું જેને

અલ્લાહે પૈદા કર્યા છે સિવાય કે બે લોકોની, એક તમારી અને બીજી અલી (અ.સ.)ની, કારણકે અલ્લાહ પોતે તમારી ઝીંદગી લેશે.

પછી હું અર્શની નીચે પહોંચ્યો અને જ્યારે મેં ઉપર જોયુ તો મેં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને મારા પરવરદિગારના અર્શ હેઠળ ઉભા જોયા.

મેં કહ્યું: અય અલી! તમે મારી સાથે દોડ લગાડી?

પછી જીબ્રઈલે પુછયું: અય મોહમ્મદ (સ.અ.વ.)! તમે કોની સાથે વાતો કરી રહ્યા છો?

મેં કહ્યું: હું મારા ભાઈ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) સાથે વાતો કરી રહ્યો છું.

જીબ્રઈલે કહ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! આ અલી (અ.સ.) નથી. આ એક ફરિશ્તો છે જેને અલ્લાહે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની સુરતમાં પૈદા કર્યો છે. જ્યારે અમો ફરિશ્તાઓ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની કમી મહેસુસ કરીએ છીએ તો અમો આ ફરિશ્તાને જોઈ લઈએ છીએ અને અલ્લાહ પાસે અલી (અ.સ.)ના શીઆઓ માટે ઈસ્તગ્ફાર કરીએ છીએ.[૨૦]

---

[20] મદીનતુલ મઆજીઝ પા. ૧૪૩ હ. ૪૦૪, કન્ઝુલ ઉમ્માલ ૨૫૯, બેહાર ભ.૧૮ પા. ૩૦૦ હ. ૩

## ફઝીલત ૧૪: અલ્લાહ તથા રસૂલ (સ.અ.વ.)ના ચહીતા

અબુલ હસન અલી બિન અહમદ બિન મોતવૈહ અલ મકરી, અહમદ બિન મોહમ્મદથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન અલીથી, તે અલી બિન ઉસ્માનથી, તે મોહમ્મદ બિન ફુરાતથી, તે મોહમ્મદ બિન અલી અલ બાકીર (અ.સ.)થી, તેઓ તેમના પિતા (ચોથા ઈમામ અ.સ.)થી, તેઓ તેમના હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ તેમના પિતા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અલ્લાહના અને મારા વસી છે. તેઓ અલ્લાહની અને મારી સ્પષ્ટ દલીલ છે. તેઓ અલ્લાહનો અને મારો દરવાજો છે. તેઓ અલ્લાહના અને મારા ચુંટાએલા છે. અલ્લાહ તેમને ચાહે છે અને હું પણ તેમને ચાહુ છું. તેઓ અલ્લાહના ચહીતા છે અને મારા ચહીતા છે. તેઓ અલ્લાહની અને મારી તલવાર છે. તેઓ મારા ભાઈ, મારા સહાબી, મારા વઝીર અને મારી હિફાઝત કરનાર છે. જે કોઈ તેમને મોહબ્બત કરે છે તે મને મોહબ્બત કરે છે, જે તેમની સાથે નફરત રાખે છે તે મારી સાથે નફરત રાખે છે. તેમના દોસ્તો મારા દોસ્તો છે અને તેમના દુશ્મનો

મારા દુશ્મનો છે. તેઓ મારી દુખ્તરના શોહર છે અને તેમના ફરઝંદો મારા ફરઝંદો છે. તેમની જંગ મારી જંગ છે, તેમના શબ્દો મારા શબ્દો છે, તેમના હુકમો મારા હુકમો છે. તેઓ તમામ અંબીયાના વસીઓના સરદાર છે. તેઓ મારી ઉમ્મતમાં શ્રેષ્ઠ છે. તેઓ મારી પછી તમામ લોકોના સરદાર છે.[૨૧]

---

[21] ગાયાતુલ મરામ પા. ૬૯ હ. ૧૬, કન્ઝુલ ઉમ્માલ ૧૮૫, ઈસ્બાતુલ હોદાત ભ.૩ પા. ૬૩૨ હ. ૮૬૦, બેહાર ભ.૨૬ પા. ૨૬૩ હ. ૪૭

# ફઝીલત ૧૫: નુરની શાદી નુર સાથે

કાઝી મોઅફી બિન ઝકરીયા, હસન બિન અલી અલ આસેમીથી નકલ કરે છે, તે સુહૈબથી, તે તેમના પિતાથી, તે જઅફર બિન મોહમ્મદ અસ સાદિક (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા હુસૈન બિન અલી બિન અબી તાલિબ (અ.સ.)થી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) ઉમ્મે સલમા (સ.અ.)ના ઘરે હતા જ્યારે એક ફરિશ્તો જેને વીસ માથા હતા તે નાઝીલ થયો. તે ફરિશ્તાના દરેક માથામાં એક હજાર ઝબાનો હતી અને તે દરેક ઝબાનથી અલગ ભાષામાં અલ્લાહના વખાણ કરી રહ્યો હતો. તેની પાંખો સાત આસમાનો અને સાત ઝમીનો કરતા મોટી હતી.

રસુલુલ્લાહ (સ.અ.વ.)ને લાગ્યું કે તે જીબ્રઈલ છે તેથી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેમને કહ્યું, મેં તમને કયારેય આ રૂપમાં નથી જોયા.

તે ફરિશ્તાએ કહ્યું: હું જીબ્રઈલ નથી. હું સરસાઈલ છું. અલ્લાહે મને મોકલ્યો છે જેથી તમે નૂરની શાદી નૂર સાથે કરી આપો.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેને સવાલ કર્યો: આનાથી મુરાદ કોણ છે?

તે ફરિશ્તાએ કહ્યું: તમારી દુખ્તર ફાતેમા (સ.અ.)ની શાદી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) સાથે.

તેથી રસુલુલ્લાહ (સ.અ.વ.) એ જીબ્રઈલ, મીકાઈલ, ઈસ્રાફીલ અને સરસાઈલની ગવાહીમાં જનાબે ફાતેમા (સ.અ.)ની શાદી અલી (અ.સ.) સાથે કરી.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ જોયુ કે સરસાઈલના ખભા દરમ્યાન આ લખાણ લખેલુ હતું:

''લા એલાહા ઈલ્લલ્લાહ. મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ છે અને તે નબી છે જે લોકો માટે રહેમત છે. અલી (અ.સ.) અલ્લાહની મખ્લુકાત ઉપર તેની સ્પષ્ટ દલીલ છે.''

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ સરસાઈલને સવાલ કર્યો: તમારા ખભા દરમ્યાન આ લખાણ કયારથી છે?

સરસાઈલે કહ્યું: હઝરત આદમ (અ.સ.)ની ખિલ્કતના બાર હજાર વર્ષ પહેલાથી.[૨૨]

---

[22] મદીનતુલ મઆજીઝ પા. ૧૫૮ હ. ૪૬૩, ખ્વારઝમી તેની મનાકીબમાં પા. ૨૪૫, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૩૫૨, બેહાર ભ.૪૩૬ પા. ૧૨૩ હ. ૩૧, મોહતઝર પા. ૧૩૩.

# ફઝીલત ૧૬: પુલે સેરાત પરથી પસાર થવા માટે હઝરત અલી (અ.સ.)નો પરવાનો જરૂરી છે

અબુ અબ્દીલ્લાહ મોહમ્મદ બિન વહબાન, અલ હન્નાદ અહમદ બિન ઈબ્રાહીમથી નકલ કરે છે, તે હુસૈન બિન અબ્દીલ્લાહ અલ ઝફરાનીથી, તે ઈબ્રાહીમ બિન મોહમ્મદ અલ સકફીથી, તે યહ્યા બિન અબ્દીલ કુદ્દુસથી, તે અલી બિન મોહમ્મદ અલ તયાલસીથી, તે મોહમ્મદ બિન વાકેઈ અલ જર્રાહથી, તે ફઝીલ બિન મઝરૂકથી, તે અતીતા અલ અવફાઈથી, તે અબી સઈદ અલ ખુદરીથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને આમ ફરમાવતા સાંભળ્યા:

કયામતના દિવસે, અલ્લાહ બે ફરિશ્તાઓને સેરાત (પુલ) ઉપર બેસવાનો અને તેની હિફાઝત કરવાનો હુકમ આપશે. કોઈ પણ તે પુલ પસાર નહિ કરી શકે સિવાય તે કે જેની પાસે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) દ્વારા અપાયેલ પરવાનો હોય. અલ્લાહ આ બે ફરિશ્તાઓને જેઓ પાસે પરવાનો ન હોય તેઓને રોકવાનો અને તેના બારામાં પુછતાછનો હુકમ કરશે. અગર તેઓ જવાબ દેવામાં નિષ્ફળ જશે તો આ ફરિશ્તાઓ તેઓને તેઓના ઉંધા માથે જહન્નમમાં ફેંકી દેશે.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ આ કુરઆનની આ આયત દલીલ તરીકે પેશ કરી, ‘‘અને તેઓને ઉભા રાખો, બેશક તેઓને સવાલ કરવામાં આવશે.’’ (૩૭:૨૪).

પછી મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને પુછયું: યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! મારા માઁ-બાપ આપના ઉપર કુરબાન થાય! મને બતાવો આ પરવાનો શું છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: તે પરવાના ઉપર આ મુજબનું લખાણ રૌશન નૂરથી લખાયેલ છે:

લા એલાહા ઈલ્લલ્લાહ

મોહમ્મદુર રસુલુલ્લાહ

અલીયુન વલીયુલ્લાહ.[૨૩]

---

23 યકીન ફી ઈમ્રત અમીરૂલ મોઅમેનીન પા. ૫૭, બુરહાન ભ.૪ પા. ૧૭ હ. ૩, ગાયાતુલ મરામ પા. ૧૭ હ. ૧૦, બેહાર ભ. ૩૯ પા. ૨૦૨ હ. ૨૨

## ફઝીલત ૧૭: હઝરત અલી (અ.સ.)ની વિલાયત કબૂલ કરનાર મોઅમીન અને ઈન્કાર કરનાર કાફીર છે

અહમદ બિન મોહમ્મદ બિન ઉબૈદીલ્લાહ અલ હાફીઝ, અલી બિન સીનાન અલ મૌસુલીથી નકલ કરે છે, તે અહમદ બિન મોહમ્મદ અલ ખલીલી અલ અમોલીથી, તે મોહમ્મદ બિન સાલેહથી, તે સુલૈમાન બિન અહમદથી, તે ઝિયાદ બિન મુસ્લીમ, તે અબ્દુલ રહમાન બિન યઝીદ બિન જાબીરથી, તે સલામથી, તે અબી સલમાથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને આ ફરમાવતા સાંભળ્યા:

મેઅરાજની રાત્રે અલ્લાહે મને પુછયું: શું રસુલે તે બાબતમાં માન્યું જે કાંઈ તેમના પરવરદિગાર તરફથી તેમના ઉપર નાઝીલ કરવામાં આવ્યું?

મેં કહ્યું: હા. અને મોઅમીનોએ, અલ્લાહ, તેના ફરિશ્તાઓ, તેની કિતાબો અને તેના રસુલો ઉપર અકીદો રાખ્યો છે.

અલ્લાહે કહ્યું: તમે સાચા છો.

પછી અલ્લાહે પુછયું: તમે કોને વસી તરીકે પસંદ કર્યા?

મેં કહ્યું: મારી ઉમ્મતમાંથી શ્રેષ્ઠને.

અલ્લાહે પુછયુંઃ તમારા મકસદ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે?

મેં કહ્યુંઃ હા, અય અલ્લાહ!

પછી અલ્લાહે કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! મેં મારી તમામ મખ્લુક ઉપર નિગાહ કરી અને તેઓમાંથી તમને પસંદ કર્યા. પછી મેં મારા નામ ઉપરથી તમારૂં નામ રાખ્યું. તેથી, તે કોઈના માટે જાએઝ નથી કે તમારૂં નામ લીધા વગર મારૂં નામ લે. મારૂં નામ મહેમુદ છે અને તમારૂં નામ મોહમ્મદ છે. પછી મેં ફરી મારી મખ્લુકાત ઉપર નઝર કરી અને અલી (અ.સ.)ને પસંદ કર્યા અને મારા નામમાંથી તેમનું નામ કાઢયું. તેથી મારૂં નામ આઅલા છે (સૌથી ઉચ્ચ) અને તેમનું નામ અલી છે. અય મોહમ્મદ (સ.અ.વ.)! મેં તમને, અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.), હુસૈન (અ.સ.) અને ઈમામ હુસૈન (અ.સ.)ની નસ્લમાંથી બીજા અઈમ્મા (અ.મુ.સ.)ને મારા નૂરમાંથી પૈદા કર્યા છે. પછી મેં મારી આસમાન અને ઝમીનની તમામ મખ્લુકાતને તમારા વિલાયત કબુલ કરવા કહ્યું. જેઓએ તે કબુલ કર્યું તેને હું મોઅમીન માનુ છું અને જેઓએ ઈન્કાર કર્યો તેને હું કાફીર માનુ છું.

અય મોહમ્મદ (સ.અ.વ.)! મારા બંદાઓમાંથી કોઈ બંદો મારી ત્યાં સુધી ઈબાદત કરે કે તેના ટુકડે ટુકડા થઈ જાય અને તેની પાસેથી કંઈ બાકી ન રહે, પરંતુ તે તમારી, અલી (અ.સ.), અને તેમના ફરઝંદોમાંથી અઈમ્મા (અ.મુ.સ.)ની વિલાયતને કબુલ કરવાનો ઈન્કાર કરે તો હું તેને કબુલ નહિ કરૂ અને માફ નહિ કરૂ, જ્યાં સુધી તે તમારી, અલી (અ.સ.) અને તેમના ફરઝંદોમાંથી અઈમ્મા (અ.મુ.સ.)ની વિલાયત કબુલ ન કરે.

પછી અલ્લાહે મને પુછયુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! શું તમે તેઓને જોવા ચાહો છો?

મેં કહ્યુંઃ હા, અય અલ્લાહ!

અલ્લાહે કહ્યુંઃ અર્શની જમણી બાજુ જુઓ.

પછી મેં નિગાહ કરી અને અલી (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.), હુસૈન (અ.સ.), અલી બિન હુસૈન (અ.સ.), મોહમ્મદ બિન અલી (અ.સ.), જઅફર બિન મોહમ્મદ (અ.સ.), મુસા બિન જઅફર (અ.સ.), અલી બિન મુસા (અ.સ.), મોહમ્મદ બિન અલી (અ.સ.), અલી બિન મોહમ્મદ (અ.સ.), હસન બિન અલી (અ.સ.) અને મહદી (અ.સ.) ને જોયા. તેઓ નૂરથી ઘેરાયેલા હતા અને કયામની હાલતમાં અલ્લાહની ઈબાદત કરી રહ્યા

હતા. મહદી (અ.સ.) તેઓની વચ્ચે હતા અને તેઓ ચમકતા સિતારાની જેમ ચમકી રહ્યા હતા.

પછી અલ્લાહે કહ્યું:

અય મોહમ્મદ (સ.અ.વ.)! તેઓ મારી નિર્ણાયક દલીલો છે અને મહદી (અ.સ.) મારા વતી બદલો લેશે. મારી ઈઝઝતની કસમ તે મારા દોસ્તોનો સાથ અને મારા દુશ્મનોથી બદલો લેશે. તેમનું અનુસરણ અને તેમની ઈતાઅત દરેક માટે વાજીબ છે. મારી પરવાનગીથી તેઓએ આસમાનને ઝમીન ઉપર પડવાથી રોકી રાખ્યું છે.[૨૪]

---

24 બેહાર ભ.૨૭ પા. ૧૯૯ હ. ૨૭, મદીનતુલ મઆજીઝ પા. ૧૪૩ હ. ૪૦૫, અરબઈન ખાતૂન અલ આબાદી હ. ૧૭, ખ્વારઝમી તેમની મકતલમાં ભ.૧ પા. ૯૫, તરાએફ પા. ૭૦ હ. ૨૭૦, હિલ્યતુલ અબરાર ભ.૧ પા. ૧૮૬, ફરાએદુસ્સીમતૈન ભ.૨ પા. ૩૧૯ હ. ૫૭૧, શૈખ તુસી તેમની ગયબતમાં પા. ૯૫, ઈસ્બાતુલ હોદાત ભ.૨ પા. ૪૬૨, ફોરાતુલ કુફી તેમની તફસીરમાં પા. ૫.

## ફઝીલત ૧૮: ઈલ્મના દરવાજા

મોહમ્મદ બિન સઈદ અબુલ ફરજ અહમદ બિન મોહમ્મદ બિન સઈદથી નકલ કરે છે, તે સાદ બિન તુરૈફ અલ ખફફાફથી, તે સઈદ બિન ઝુબૈરથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને ફરમાવ્યું:

અય અલી (અ.સ.)! હું ઈલ્મનું શહેર છું અને તમે તેના દરવાજા છો. શહેરમાં ફકત તેના દરવાજા થકી દાખલ થઈ શકાય છે.

જેઓ એવો દાવો કરે છે કે તેઓ મને ચાહે છે પરંતુ તમારાથી નફરત કરે છે તેઓ જુઠ બોલી રહ્યા છે કારણકે તમે મારામાંથી છો અને હું તમારામાંથી છું, તમારૂં ગોશ્ત મારૂં ગોશ્ત છે, તમારૂં ખૂન મારૂં ખૂન છે, તમારો નફસ મારો નફસ છે, તમે જે છુપાવો છો તે હું છુપાવું છું, તમે જે જાહેર કરો છો તે હું જાહેર કરૂં છું.

તમે મારી ઉમ્મતના ઈમામ અને મારા વસી છો. જેઓ તમારી ઈતાઅત કરશે તેઓ કામ્યાબ છે, જેઓ તમારી નાફરમાની કરે તેઓ નિષ્ફળ છે. જેઓ તમારૂં અનુસરણ કરશે તેમને ફાયદો થશે અને જેઓ તમારી વિરૂધ્ધ છે તેઓ ખસારામાં છે. જેઓ તમને સમર્પિત

છે તેઓ સફળ છે અને જેઓએ તમને છોડયા તે નુકસાન ઉઠાવનાર છે.

તમે અને તમારી પછી અઈમ્મા (અ.મુ.સ.) નૂહ (અ.સ.)ની કશ્તી સમાન છો. જે કશ્તી ઉપર સવાર થયા તેઓ નજાત પામ્યા અને જેઓ પાછળ રહ્યા તેઓ ડુબી ગયા.

તમે સિતારા સમાન છો. કયામતના દિવસ સુધી જ્યારે પણ એક સિતારો અદ્રષ્ય થાય તો બીજો નમુદાર થશે.[૨૫]

---

[25] ગાયાતુલ મરામ પા. ૫૪૩, શૈખે સદુકે આમાલીમાં પા. ૨૨૨, કમાલુદ્દીન ભ.૧ પા. ૨૪૧, બેહાર ભ.૨૩ પા. ૧૨૫ હ. ૫૩, તબરી બેશારતુલ મુસ્તફા પા. ૩૯, ફરાએતુસ્સીમતૈન ભ.૨ પા. ૨૪૩, જામેઉલ અખદ્રબાર પા. ૧૬, બેહાર ભ.૪૦ પા. ૨૦૩ હ. ૯, ખતીબે તારીખુલ બગદાદમાં ભ.૧૧ પા. ૨૦૪, અસ્કલાનીએ લેહાનુલ મિઝાનમાં ભ.૫ પા. ૧૯.

## ફઝીલત ૧૯: ૭૦ હઝાર ફરિશ્તા હઝરત અલી (અ.સ.)ને ચાહવાવાળા માટે ઈસ્તીગ્ફાર કરે છે

મોહમ્મદ બિન હમીદ અલ જર્રાર, હસન બિન અબ્દીલ સમદથી નકલ કરે છે, તે યહ્યા બિન મોહમ્મદ બિન કાસીમ અલ કઝવીનીથી, તે મોહમ્મદ બિન હસન અલ હાફીઝથી, તે અહમદ બિન મોહમ્મદથી, તે હુદબા બિન ખાલીદથી, તે હમ્માદ બિન સલમાથી, તે સાબીતથી, તે અનસ બિન માલિકથી,[૨૬] તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલ્લાહે હઝરત અલી (અ.સ.)ના ચહેરાના નૂરમાંથી ૭૦,૦૦૦ ફરિશ્તાઓને ખલ્ક કર્યા. તેઓ

---

26 'અનસ' ખુબજ માનનીય અને ભરોસાપાત્ર હતા કારણકે તેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ગુલામ હતા. તેથી વાંચકો તેમનું નામ હદીસોની ઘણી કિતાબોમાં જોશે. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ખાત્રી કરી કે અનસ તેમને અલી (અ.સ.)ના બારામાં વાત કરતા સાંભળે અને અનસ એ દિવસની ચેતવણી આપતા રહ્યા કે જે દિવસે તેમને ગવાહીની જરૂર પડશે. રસુલુલ્લાહ (સ.અ.વ.)ની વફાત બાદ ઈમામ અલી (અ.સ.)એ, તેમની અબુબકર સાથેની દલીલમાં અનસને ગવાહી દેવા અને લોકોને તેણે રસુલુલ્લાહ (સ.અ.વ.)થી સાંભળેલી હદીસમાંથી થોડીક હદીસો બયાન કરવા કહ્યું. અનસે એમ કહીને ઈન્કાર કર્યો કે તે વૃધ્ધ થઈ ગયો છે અને તેને કાંઈ યાદ નથી. ઈમામ (અ.સ.)એ તેણે ચેતવ્યો કે 'અગર તું જુઠુ બોલીશ તો હું તારા ઉપર લઅનત કરીશ.' તેમ છતાં અનસે આગ્રહ કર્યો કે તેને કંઈ યાદ નથી તેથી ઈમામ અલી (અ.સ.)એ તેના ઉપર બધા લોકો સામે રસુલુલ્લાહ (સ.અ.વ.)ની મસ્જીદમાં લઅનત કરી. અનસ તરત જ અંધ થઈ ગયો અને એવી બીમારીમાં સપડાય ગયો જે બીમારી તેની ચામડી ખાતી હતી ત્યાં સુધી કે તે મરી ગયો.

**ફકત તેમના માટે,[૨૭] તેમના શીઆઓ માટે અને જેઓ તેમને ચાહે છે, તેમના માટે કયામતના દિવસ સુધી ઈસ્તીગ્ફાર કરશે.[૨૮]**

---

[27] આ આયતો અહઝાબ-૩૩, આલે ઈમરાન-૬૧, નીસા-૫૯. તૌબા-૧૧૯, માએદાહ-૫૫, રાઅદ-૪૩, હજ-૭૭-૭૮, નહલ-૪૩, અંબીયા ૭૩, સજદહ-૨૪, નૂર-૫૫ મુજબ અમીરૂલ મોઅમેનીન (અ.સ.), ફાતેમા (સ.અ.) - દુનિયાઓની સ્ત્રીઓની સરદાર અને તેમના ૧૧ ફરઝંદો, અઈમ્મા (અ.મુ.સ.) એવી રીતે મઅસુમ છે જેવી રીતે રસુલુલ્લાહ (સ.અ.વ.)

એ હકીકત કે ફરિશ્તાઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) માટે ઈસ્તીગ્ફાર કરે છે એવી રીતે છે કે અલ્લાહ પોતાના રસુલ (સ.અ.વ.)ને કુરઆનમાં કહે છે 'જેથી અલ્લાહ તમારા આગલા ગુનાહો તેમજ પાછલા ગુનાહો માફ કરી દે.' (૪૮ઃ૨)

મુફઝઝલે ઈમામ સાદિક (અ.સ.)ને પુછયુંઃ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના કયા ગુનાહ હતા જે અલ્લાહે માફ કર્યા.

ઈમામ (અ.સ.)એ ફરમાવ્યુંઃ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના કોઈ ગુનાહ ન હતા પરંતુ તેઓએ અલ્લાહ પાસે તેમના શીઆઓના, અલી (અ.સ.)ના શીઆઓના અને તેમના ફરઝંદોમાંથી કયામતના દિવસ સુધી આવનાર અઈમ્મા (અ.મુ.સ.)ના શીઆઓના ગુનાહો માટે જવાબદાર બનાવવામાં આવે. રસુલુલ્લાહ (સ.અ.વ.) એ અલ્લાહ પાસે એ પણ વિનંતી કરી કે શીઆઓના ગુનાહને બીજા અંબીયા (અ.સ.) સામે જાહેર ન કરે (જેનો હિસાબ દેવાની તેમણે જવાબદારી લીધી છે). તેથી અલ્લાહે આ આયત તેમના ઉપર નાઝીલ કરી જેનો અર્થ થાય છે કે અલ્લાહે શીઆઓના ગુનાહ માફ કરી દીધા છે. (અન્વારૂલ નોઅમાનીયા ભ.૨ પા. ૯૨, તફસીરે કુમ્મી ભ.૨ પા. ૩૧૪.)

[28] ગાયાતુલ મરામ પા. ૫૮૫ હ. ૭૫, મદીનતુલ મઆજીઝ પા. ૧૭૩ હ. ૪૮૭, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૩૧, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ. ૧ પા. ૩૯, મિસ્બાહુલ અન્વાર પા. ૬૪, ઈરશાદુલ મરામ પા. ૮ હ. ૧૮, મનાકીબ અલ મુર્તુઝવીય્યહ પા. ૨૨૦, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૦૩, બેહાર ભ.૩૯ પા. ૨૭૫ હ. ૫૨

## ફઝીલત ૨૦: હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત અલ્લાહની નઝદીકીનું કારણ છે

સહલ બિન અહમદ બિન અબ્દીલ્લાહ, મોહમ્મદ બિન જુરૈરથી નકલ કરે છે, તે હસન બિન ઈબ્રાહીમ અલ બગદાદીથી, તે મોહમ્મદ બિન યઅકુબ અલ ઈમામથી, તે અહમદ ઈબ્ને યહ્યાથી, તે અબ્દુલ રહમાન અલ મહદીથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

એક શખ્સ રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે આવ્યો અને સવાલ કર્યો: શું હું હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની મોહબ્બતથી કાંઈ ફાયદો મેળવી શકીશ?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: મને ન ખબર પડે જ્યાં સુધી જીબ્રઈલને ન પુછું.

તેથી જીબ્રઈલ રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે તરત જ આવ્યા. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેમને આ સવાલ પુછયો.

જીબ્રઈલે કહ્યું: હું નથી જાણતો. મારે ઈસ્રાફીલને પુછવું પડશે.

તેથી જીબ્રઈલે ઉપર ગયા અને ઈસ્રાફીલને પુછયું: શું હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની મોહબ્બત કોઈને ફાયદો પહોંચાડશે?

ઈસ્રાફીલે કહ્યુંઃ હું નથી જાણતો જ્યાં સુધી હું અલ્લાહ અઝઝ વ જલ્લને ન પુછું.

પછી અલ્લાહે આ વહી ઈસ્રાફીલ ઉપર નાઝીલ કરીઃ

મારી વહીના ભરોસાપાત્ર ફરિશ્તાઓને કહો કે મારા સલામ મારા ચહીતા મોહમ્મદ (સ.અ.વ.)ને આપે અને તેઓને કહો કે અલ્લાહે સલામ મોકલાવ્યા છે અને તમને જણાવે છે કે 'તમે મારાથી એટલા નઝદીક છો જેટલું હું ચાહું છું. અને અલી (અ.સ.) અને હું તમારાથી એટલા નઝદીક છે જેટલા તમે મારાથી છો. અને જે કોઈ અલી (અ.સ.)થી મોહબ્બત કરે તેઓ મારાથી એવા નઝદીક છે જેવા અલી (અ.સ.) તમારાથી છે.[૨૯]

[29] ગાયાતુલ મરામ પા. ૫૮૫ હ. ૭૬, મદીનતુલ મઆજીઝ પા. ૧૬૩ હ. ૪૫૦, જવાહેર અલ સનીય્યાહ.

## ફઝીલત ૨૧: હઝરત અલી (અ.સ.)ની ફઝીલત કોઈ ગણી શકતું નથી

હસન બિન હમ્ઝા બિન અબ્દીલ્લાહ, અહમદ બિન અલ હસન અલ ખશાબથી નકલ કરે છે, તે અય્યુબ બિન નૂહથી, તે અબ્બાસથી, તે અમ્ર બિન અબાનથી, તે અબાન બિન તગલબથી, તે અકરામાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

આખરી હજથી પાછા ફર્યા પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અય લોકો! જીબ્રઈલ રૂહુલ અમીન, અલ્લાહ અઝઝ વ જલ્લ તરફથી મારી પાસે આવ્યા અને કહ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! અલ્લાહ તમને જોવાની ખુબ ઈચ્છા ધરાવે છે. તેથી સારી વસીય્યત તૈયાર કરો અને તમારા કાર્યોને પૂરા કરો.

અય લોકો! મારો આખેરત તરફ જવાનો સમય આવી ગયો છે અને હું એકબીજાની જુદાઈને જોઈ રહ્યો છું. તેથી અગર તમારા શરીરોએ મને છોડી દીધો છે તો તમારી રૂહોને એમ કરવા ન દેતા.

અય લોકો! અલ્લાહે કયારેય અમર નબી નથી બનાવ્યો અને હું અમર નથી. અલ્લાહે કુરઆનની આ આયતમાં ઈરશાદ ફરમાવ્યું છે: *“અને અમરપણું તો અમોએ તમારી પહેલા પણ કોઈને માટે નથી*

*રાખ્યું. ત્યારે જો તમે મૃત્યુ પામશો તો શું તેઓ હંમેશા માટે જીવતા રહેશે? દરેક નફસ મૌતનો સ્વાદ ચાખનાર છે''* (૨૧:૩૪-૩૫). જાણી લો કે મારા પરવરદિગારે મને હુકમ કર્યો છે કે તમારા માટે વસીય્યત કરતો જાઉ.

જાણી લો કે મારા પરવરદિગારે મને હુકમ કર્યો છે કે તમને નજાતની કશ્તી અને રોઝીનો દરવાજો બતાવું. તમારામાંથી જેઓએ મારા પછી હયાત રહેવું હોય અને નુકશાનકારક ફિત્નાથી સલામત રહેવું હોય તો તેઓએ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની વિલાયતને મઝબુતીથી પકડી રાખવી જોઈએ. તેઓ સૌથી વધુ સાચા અને હક્ક અને બાતીલમાં શ્રેષ્ઠ ફેંસલો કરનાર છે.

તે મારા પછી દરેક મુસલમાનના ઈમામ છે. જે તેમનાથી મોહબ્બત કરે છે અને તેમનું અનુસરણ કરે છે તેઓને કયામતના દિવસે હવ્ઝે કવસર ઉપર મારી પાસે પલટાવવામાં આવશે. કયામતના દિવસે હું તેઓને જોઈશ જેઓએ તેમની નાફરમાની કરી હશે પરંતુ તેઓ મને નહિ જોઈ શકે. તેઓને બીજાઓ તરફ ખેંચવામાં આવશે જેઓ, તેઓને જહન્નમના ઉંડાણમાં લઈ જશે.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય લોકો! મેં તમને શ્રેષ્ઠ સુચન કર્યું છે પરંતુ તમોને સુચન દેનારાઓ પસંદ નથી. હું આ કહીને મારા અને તમારા માટે માફી ચાહુ છું. પછી આપ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને પેશાની ઉપર બોસો આપ્યો.[૩૦]

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમારી ફઝીલતો ગણી નથી શકાતી. અલ્લાહની કસમ! જેણે અનાજ અને લોકોને પૈદા કર્યા, અગર તમામ મખ્લુકાત તમને ચાહે અને તમારા હકીકી દરજ્જાને સમજે તો અલ્લાહ જહન્નમને પૈદા જ ન કરત.[૩૧]

---

[30] અરબોમાંથી કપાળ ઉપર બોસો દેવો એ ખુબજ ઈઝઝત અને માનની નિશાની છે.

[31] ગાયાતુલ મરામ પા. ૪૫ હ. ૪૮, એહકાકુલ હક્ક ભ. ૪ પા. ૩૩૧

## ફઝીલત ૨૨: હઝરત અલી (અ.સ.) ઉમ્મતના પિતા છે

અબુલ કાસીમ જઅફર બિન મોહમ્મદ અલ કુલૈવેહ, અલી બિન હુસૈનથી નકલ કરે છે, તે અલી બિન ઈબ્રાહીમથી, તે તેમના પિતાથી, તે અહમદ બિન મોહમ્મદથી, તે મોહમ્મદ બિન ફુઝૈલથી, તે સાબીત બિન અબી હમ્ઝાથી, તે અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલ્લાહે તમારા ઉપર જરૂરી કર્યું છે કે મારા હુકમનું પાલન કરો અને તેણે મારી નાફરમાની કરવાથી રોકયા છે. તેણે તમારા ઉપર વાજીબ કર્યું છે કે મારા હુકમોને અનુસરો અને મારા પછી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની ઈતાઅત કરો.

તેઓ મારા ભાઈ, મારા વઝીર અને મારા ઈલ્મના વારસદાર છે. તેઓ મારાથી છે અને હું તેઓથી છું. તેમને ચાહવું ઈમાન છે અને તેમનાથી દુશ્મની રાખવી કુફ્ર છે. આગાહ થઈ જાઓ! જેનો જેનો હું મૌલા છું તેના તેના અલી (અ.સ.) મૌલા છે.

અલી (અ.સ.) અને હું આ ઉમ્મતના પિતા છીએ. જે કોઈ પોતાના પિતાની નાફરમાની કરે

તેઓને હઝરત નૂહ (અ.સ.)ના દિકરા સાથે કયામતના દિવસે મહેશુર કરવામાં આવશે. નૂહ (અ.સ.)એ પોતાના દિકરાને કહ્યું: *“અય દિકરા! અમારી સાથે સવાર થઈ જા અને કાફીરો સાથે ન રહે. (તેમના દિકરાએ કહ્યું) હું પહાડ ઉપર આશ્રય લઈ લઈશ.”* (૧૧:૪૨-૪૩)

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: અય અલ્લાહ! તેની મદદ કર જે અલી (અ.સ.)ની મદદ કરે, તેને માયુસ કર જે અલી (અ.સ.)ને માયુસ કરવા ચાહે, તેમના દોસ્તોને દોસ્ત રાખ અને તેમના દુશ્મનોને દુશ્મન રાખ.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) રડવા લાગ્યા. મુહાજેરીન (મક્કાથી હિજરત કરનારાઓ) અને અન્સાર (મદીનાના મદદ કરનારાઓ) જેઓ તેમની આજુબાજુ જમા હતા તેઓ પણ રડવા લાગ્યા. ત્યાર બાદ લોકોના ત્રણ સમૂહ (મુહાજેરીન અને અન્સારમાંથી) ઉભા થયા અને રસુલુલ્લાહ (સ.અ.વ.)થી રૂખ્સત થયા.[૩૨]

---

[32] ગાયાતુલ મરામ પા. ૧૬૫ હ. ૫૧, કન્ઝુલ ઉમ્માલ પા. ૧૮૫, બેહારૂલ અન્વાર ભ. ૨૬ પા. ૨૬૩ હ. ૪૮, ઈસ્બાતુલ હોદાત ભ. ૩ પા. ૩૭૯ હ. ૨૧૮, રવ્ઝતુલ જન્નત ભ. ૬ પા. ૧૮૪, શૈખે સદુક તેમની આમાલીમાં પા. ૨૨ હ. ૬, તબરી તેમની બેશારતુલ મુસ્તફામાં પા. ૧૯૬

## ફઝીલત ૨૩: હઝરત અલી (અ.સ.)ની નાફરમાની જહન્નમનું કારણ

અહમદ બિન મોહમ્મદ તેમની કિતાબમાં અબ્દુલ્લાહ બિન જઅફરથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન હાશીમથી, તે જઅફર બિન મોહમ્મદ બિન મરવાનથી, તે તેમના પિતાથી, તે ઉબૈદુલ્લાહ બિન યહ્યાથી, તે મોહમ્મદ બિન અલી અલ બાકીર (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તેઓ કહે છે:

હઝરત રસુલે ખુદા (સ.અ.વ.)એ આ આયત *“તમે બન્ને દરેક નાશુક્રા શિરજોરને જહન્નમમાં નાખી દો.”* (૫૦:૨૪) ના બારામાં ફરમાવ્યું:

અય અલી (અ.સ.)! કયામતના દિવસે જ્યારે અલ્લાહ દરેક મખ્લુકને એક જ રણમાં જમા કરશે, તમે અને હું અલ્લાહની અર્શની જમણી બાજુ હશું અને અલ્લાહ કહેશે: અય મોહમ્મદ (સ.અ.વ.) અને અલી (અ.સ.)! ઉભા થાવ અને જેઓએ તમારી સાથે નફરત કરી છે,[33] તમોને નથી માન્યા, તમારી નાફરમાની કરી છે તેઓને જહન્નમમાં નાંખો.[34]

---

[33] જેઓ અલી (અ.સ.)થી નફરત કરે છે તેમનો શુમાર અલ્લાહે રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે નફરત કરનાર સાથે કર્યો છે. તેનો અર્થ એમ થયો કે રસુલુલ્લાહ (સ.અ.વ.)થી મોહબ્બત અને અલી (અ.સ.)થી નફરત શકય નથી.

[34] ગાયાતુલ મરામ પા. ૩૯૦ હ. ૨, બુરહાન ભ. ૪ પા. ૨૨૭ હ. ૧૮, લવામેની અલ નવરાનીય્યહ પા. ૪૦૯, તફસીરે કુમ્મી પા. ૬૪૪, બેહારૂલ અન્વાર ભ. ૩૯ પા. ૧૯૯ હ. ૧૩, તફસીરે ફુરાતલ કુફી પા. ૧૬૬ અને ૧૬૭, શવાહેદુત્તન્ઝીલ ભ.૨ પા. ૧૯૧ હ. ૮૯૭, મનાકીબે ઈબ્ને શહરે આસોબ ભ. ૨ પા. ૮, યનાબીઉલ મવદ્દત પા. ૮૫

## ફઝીલત ૨૪: હઝરત અલી (અ.સ.) હાકીમ છે

મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન ઉબૈદુલ્લાહ, મોહમ્મદ બિન કાસીમથી નકલ કરે છે, તે અબ્બાદ બિન યઅકુબથી, તે અમ્ર બિન અબી અલ મેકદમથી, તે તેમના પિતાથી, તે સઈદ બિન જુબૈરથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

અલ્લાહની કસમ! જેણે મને ચેતવનાર અને માર્ગદર્શક તરીકે મોકલ્યો છે, અલ્લાહનો અર્શ સ્થાયી ન થયો, કાએનાત ફરતી ન થઈ અને આસમાનો અને ગ્રહોની ખિલ્કત ન થઈ ત્યાં સુધી કે અલ્લાહે તેના ઉપર લખ્યુંઃ

લા એલાહા ઈલ્લલ્લાહ

મોહમ્મદુર રસુલુલ્લાહ

અલીયુન વલીય્યુલ્લાહ.

પછી રસુલે બયાન કર્યું જે અલ્લાહે તેમને તેના અવાજમાં કહ્યું.

અલ્લાહે કહ્યુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)!

મેં કહ્યુંઃ લબ્બૈક વા સદૈક.

અલ્લાહે કહ્યુંઃ

હું મહેમુદ છું અને તમે મોહમ્મદ. મેં તમારૂં નામ મારા નામમાંથી કાઢયું છે અને મેં તમને તમામ

મખ્લુકાત ઉપર શ્રેષ્ઠ કરાર દીધા. તમારા ભાઈ અલી (અ.સ.)ની મારા બંદાઓ માટે પરચમ તરીકે નિમણુંક કરો જેથી તેઓ બંદાઓને મારા દીન તરફ માર્ગદર્શન કરે.

અય મોહમ્મદ (સ.અ.વ.)! મેં મોઅમીનોને પસંદ કરાયેલ બનાવ્યા છે અને અલી (અ.સ.)ને તેમના હાકીમ બનાવ્યા છે. તેથી, જે કોઈ અલી (અ.સ.)ને હુકમ આપે (જે કોઈ અલી અ.સ. પર હુકુમત કરે, જેઓ તેમની નાફરમાની કરશે) તેના ઉપર લઅનત છે અને હું તેઓને સખ્ત સજા કરીશ. પરંતુ જેઓ તેમનું અનુસરણ કરશે, હું તેઓને મારાથી નઝદીક કરીશ.

અય મોહમ્મદ (સ.અ.વ.)! મેં અલી (અ.સ.)ને મુસલમાનોના ઈમામ બનાવ્યા છે. જેઓ તેમનાથી આગળ વધવાનો દાવો કરે છે, હું તેઓને ઝલીલ કરૂં છું. હું તેઓને કૈદ કરૂં છું જેઓ તેમની નાફરમાની કરે છે.

મેં અલી (અ.સ.)ને તમામ વસીઓના સરદાર અને મોઅમીનોના ઉમદા પેશ્વા બનાવ્યા છે.

તેઓ સમગ્ર ખિલ્કત ઉપર મારી દલીલ છે.[૩૫]

---

35 અલ યકીન ફી ઈમરત અમીરૂલ મોઅમેનીન પા. ૫૭, મદીનતુલ મઆજીઝ પા. ૧૫૭ હ. ૪૨૮, ગાયાતુલ મરામ પા. ૧૭ હ. ૧૧, બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૮ હ. ૧૬, જવાહેરૂલ સનીય્યહ પા. ૩૦૦, તવીલલ આયત પા. ૧૮૬ હ. ૩૪.

## ફઝીલત ૨૫: સૌથી વધુ ઈલ્મ ધરાવનાર

અહમદ બિન મોહમ્મદ બિન ઈમરાન, હસન બિન મોહમ્મદ અલ અસ્કરીથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન ઉબૈદુલ્લાહથી, તે અબ્દુલ રઝઝાકથી, તે મોઅમ્મરથી, તે યહ્યા બિન અબી કસીરથી, તે તેમના પિતાથી, તે અબુ હારૂન અબ્દીથી, તે જાબીર બિન અબ્દીલ્લાહ અલ અન્સારીથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી (અ.સ.)ના બારામાં આ મુજબ ફરમાવ્યું:

તે સૌ પ્રથમ ઈસ્લામમાં ઈમાન લાવનાર છે.

તે સૌથી વધુ ઈલ્મ ધરાવનાર છે.

તે દીનમાં સૌથી સાચા છે.

તે સૌથી વધુ મક્કમ (સાબીત કદમ) છે.

તે સૌથી વધુ સબ્ર કરવાવાળા છે.

તે સૌથી વધુ માફ કરનાર અને કરમ કરનાર છે.

તે સૌથી વધુ બહાદુર છે.

તે મારા બાદ ઈમામ અને વસી છે.[૩૬]

---

[36] ગાયાતુલ મરામ પા. ૪૫ હ. ૫૧, કન્ઝુલ ઉમ્માલ પા. ૧૨૧, ઈસ્બાતુલ હોદાત ભ. ૩ પા. ૬૩૩ હ. ૮૬૨, શૈખે સદુક તેમની આમાલીમાં પા. ૧૬ હ. ૧૬, બેહારૂલ અન્વાર ભ. ૩૮ પા. ૯૦ હ. ૧, હિલ્યતુલ અબરાર ભ.૧ પા. ૨૩૫

## ફઝીલત ૨૬: હઝરત અલી (અ.સ.) દરેકના અમીર છે

સહલ બિન અહમદ બિન અબ્દીલ્લાહ, અલી બિન અબ્દીલ્લાહથી નકલ કરે છે, તે ઈસ્હાક બિન ઈબ્રાહીમ અલ દેબરીથી, તે અબ્દુલ રઝઝાક બિન હમામથી, તે મોઅમ્મરથી, તે અબ્દુલ્લાહ બિન તાઉસથી, તે તેમના પિતાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

અમો રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે તશ્રીફ ફરમા હતા ત્યારે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) દાખલ થયા.

અલી (અ.સ.)એ કહ્યું: અસ્સલામો અલય્ક યા રસુલુલ્લાહ.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: વ અલય્કસ્સલામ યા અમીરૂલ મોઅમેનીન.

અલી (અ.સ.)એ કહ્યું: યા રસુલુલ્લાહ (સ.અ.વ.)! તમે મને અમીરૂલ મોઅમેનીન કહ્યું જ્યારે કે તમો હજુ હયાત છો?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હા, જ્યારે કે હું હયાત છું.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) આગળ ફરમાવે છે: અય અલી (અ.સ.)! તમે (જીબ્રઈલ અને મારી)

પાસેથી ગઈ કાલે પસાર થયા અને સલામ ન કરી. તેથી જીબ્રઈલે કહ્યું: શા માટે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)એ આપણને સલામ ન કરી. અલ્લાહની કસમ! અગર તમોએ અમને સલામ કરી હોત તો અમો રાઝી થતે અને અમો જવાબ આપતે.

અલી (અ.સ.)એ કહ્યું: એવું જણાતું હતું કે તમે અને દેહયા[37] અંગત મીટીંગમાં હતા તેથી હું ખલેલ પાડવા ન્હોતો ચાહતો.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: તે દેહયા ન હતા, તે જીબ્રઈલ હતા. મેં જીબ્રઈલને પુછયું શા માટે તેમણે તમને અમીરૂલ મોઅમેનીન કહ્યું. જીબ્રઈલે મને કહ્યું કે બદ્રની જંગમાં અલ્લાહે જીબ્રઈલને મારી પાસે આવવા કહ્યું અને એ પયગામ આપ્યો કે તમે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને હુકમ કરો કે તે તેમના ઘોડા દુશ્મનની સામે આગલી હરોળમાં ચલાવે કારણકે ફરિશ્તાઓને તેમનું આમ કરવું, જોવું પસંદ છે. તેથી અલ્લાહે તે દિવસે જન્નતમાં તમારૂં નામ અમીરૂલ મોઅમેનીન રાખ્યું છે.

---

[37] 'દેહયા અલ કલ્બી' રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એક સહાબી હતા. તેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.) દ્વારા ઉછેરવામાં આવ્યા હતા અને તેઓ ખુબ જ ખુબસુરત હતા. જીબ્રઈલ ફરિશ્તાનું દેહયાના રૂપમાં રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે આવવું સામાન્ય હતું. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેમના સહાબીઓને હુકમ કર્યો હતો કે જ્યારે તેઓ જોવે કે રસુલુલ્લાહ (સ.અ.વ.) દેહયા સાથે એકલા હોય ત્યારે તેમની પાસે ન જવું.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય અલી (અ.સ.)! તમે આસમાન અને જમીનમાં દરેકના અમીર છો. તમે તેના અમીર છો જેઓ ચાલ્યા ગયા અને તેઓના અમીર છો જેઓ આવવાના છે. તમારી પહેલા કોઈ અમીર ન હતું અને ન તો તમારી પછી કોઈ અમીર છે. આ નામથી બોલાવવું કોઈના માટે જાએઝ નથી સિવાય કે જેને અલ્લાહે આ લકબ આપ્યો હોય.[૩૮]

---

[38] અલ યકીન પા. ૫૮ હ. ૭૯, ગાયાતુલ મરામ પા. ૧૮ હ. ૧૨, મદીનતુલ મઆજીઝ પા. ૮, સેરાતલ મુસ્તકીમ ભ. ૨ પા. ૫૪, બેહારૂલ અન્વાર ભ. ૩૭ પા. ૩૦૭ હ. ૩૯, મનાકીબે ઈબ્ને શહરે આશોબ ભ. ૨ પા. ૨૫૩.

## ફઝીલત ૨૭: હઝરત અલી (અ.સ.)ની આગળ વધે તે કાફિર છે

મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન અબી ઉબૈદુલ્લાહ અલ શૈબાની, મોહમ્મદ બિન યહ્યા અલ તમીમીથી નકલ કરે છે, તે અબુ કોતાદા અલ હર્રાનીથી, તે તેમના પિતાથી, તે અન્સારનો પરચમ ઉપાડનાર હારીસ બિન અલ ખઝરજથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા:

મારા બાદ તમારાથી કોઈ આગળ નહિ વધે પરંતુ કાફીર અને કોઈ તમારી નાફરમાની નહિ કરે પરંતુ કાફીર. સાત આસમાનોના લોકો તમને અલ્લાહના હુકમથી અમીરૂલ મોઅમેનીન કહે છે.[૩૯]

---

[39] ગાયાતુલ મરામ પા. ૬૭ હ. ૧૭, અલ યકીન પા. ૭૮ મિસ્બાહુલ અન્વાર પા. ૧૬૪, ઈસ્બાતુલ હોદાત ભ. ૪ પા. ૧૭૦ હ. ૫૧૭, સેરાતલ મુસ્તકીમ ભ. ૨ પા. ૫૫, મનાકીબ ઈબ્ને શહરે આશુબ ભ. ૨ પા. ૨૫૪, બેહારૂલ અન્વાર ભ. ૩૭ પા. ૩૧૦ હ. ૪૩.

# ફઝીલત ૨૮: મખ્લૂકાત પર સ્પષ્ટ દલીલ હઝરત અલી (અ.સ.)

મારા પિતાએ મોહમ્મદ બિન હુસૈનથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન હસન અલ સફફારથી, તે અહમદ બિન મોહમ્મદથી, તે તેમના પિતાથી, તે અબ્દુલ્લાહ બિન અલ મુગીરા અને મોહમ્મદ બિન યહ્યા અલ ખસઅમીથી, તે મોહમ્મદ બિન બોહલુલ અલ અબ્દીથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા મોહમ્મદ બિન અલી (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ તેમના પિતા હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું કે મેઅરાજની રાત્રીએ જ્યારે તેઓ ઉપર ગયા અને નૂરના દરવાજાઓથી પસાર થયા, અલ્લાહે તેમની સાથે વાત કરી અને કહ્યું:

અય મોહમ્મદ (સ.અ.વ.)! મારા સલામ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને પહોંચાડજો અને તેમને જણાવજો કે તેઓ તમારી પછી મારી તમામ મખ્લુકાત ઉપર મારી સ્પષ્ટ દલીલ છે. હું મારા બંદાઓ ઉપર રહમતનો વરસાદ તેમના વડે નાઝીલ કરૂં છું. હું તેઓથી તમામ બુરાઈ તેમના સદકામાં દૂર રાખું છું અને જ્યારે તેઓ મને મળશે ત્યારે તે (અલી અ.સ.) મારી સ્પષ્ટ દલીલ હશે.

તેથી તેઓએ તેમના હુકમોને અનુસરવું જોઈએ, તેમની ઈતાઅત કરવી જોઈએ અને રોકાઈ જવું જોઈએ, જ્યારે તે રોકાઈ જાય. અગર તેઓ આવું કરશે તો હું તેઓને મારી બાજુમાં બેસાડીશ અને તેઓને મારી જન્નતમાં દાખલ થવાની પરવાનગી આપીશ. અગર તેઓ આમ નહિ કરે તો હું તેઓને જહન્નમમાં મારા બદતરીન દુશ્મન સાથે રાખીશ અને તેની પરવા નહિ કરૂં.[૪૦]

---

[40] મદીનતુલ મઆજીઝ પા. ૧૫૭ હ. ૪૩૦, તબરી બેશારતુલ મુસ્તફા પા. ૭૯, બેહારૂલ અન્વાર ભ.૩૮ પા. ૧૩૮ હ. ૯૯

## ફઝીલત ૨૯: હઝરત અલી (અ.સ.)ના મોહીબ્બોનું સ્થાન

સહલ બિન અહમદ અલ તરાઅકી અને મોહમ્મદ બિન અબ્દીલ્લાહ અલ કુફી મોહમ્મદ બિન જરીર અલ તબરીથી નકલ કરે છે, તે ખલફ બિન ખલીફાથી, તે યઝીદ બિન હારૂનથી, તે મોહમ્મદ બિન ઈબ્રાહીમ બિન ઈબ્રાહીમ બિન મુબ્બશીરથી, તે જાબીર બિન અબ્દીલ્લાહ અલ અન્સારીથી, તે કહે છે:

હું રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે હાજર હતો ત્યારે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) તશ્રીફ લાવ્યા. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેમને નઝદીક કર્યા અને પોતાની અબાથી તેમના કપાળને લુછયું અને તેઓને ફરમાવ્યું: અય અબલ હસન! શું હું તમને એ ખુશખબરી સંભળાવું જે જીબ્રઈલે મને આપી?

અલી (અ.સ.)એ ફરમાવ્યું: હા, યા રસુલુલ્લાહ (સ.અ.વ.).

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

જન્નતમાં એક કુવો છે જેનું નામ ‘તસ્નીમ’ છે. તેમાંથી બે નહેરો જારી થાય છે અને તે એટલી લાંબી છે કે દુનિયાની તમામ કશ્તીઓ તેમાં સૈર કરી શકે છે.

'તસ્નીમ'ના કિનારા ઉપર ઘણા બધા વૃક્ષો છે. તેની ડાળીઓ હિરા અને મોતીની છે, તેનું ઘાસ કેસરનું છે. તે વૃક્ષોને અડીને લોકો નૂરથી બનેલી ખુરસીઓ ઉપર બેઠા હશે જેમના કપાળો ઉપર નૂરથી લખ્યું હશે 'આ મોઅમીનો છે, આ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના મોહીબ્બો છે.[૪૧]

---

41 બુરહાન ભ. ૪ પા. ૪૪૦ હ. ૧૦, ગાયાતુલ મરામ પા. ૫૮૬ હ. ૭૮.

# ફઝીલત ૩૦: અંધકારમાં નુર

અહમદ બિન મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન અય્યાશ, અલ હાફેઝ કાઝી અબ્દુલ બાકી બિન ફાલીથી નકલ કરે છે, તે હુસૈન બિન મોહમ્મદથી, તે સુલૈમાન બિન કર્મથી, તે મોહમ્મદ બિન શૈબાથી, તે દાઉદ બિન અલીથી, તે તેમના પિતાથી, તે તેમના દાદા અબ્દુલ્લાહ બિન અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું:

અય અલી! જીબ્રઈલે મને તમારા બારામાં એવી ખબર આપી છે જેથી હું ખુબ જ ખુશ છું. તેણે કહ્યું:

અય મોહમ્મદ (સ.અ.વ.)! અલ્લાહે મને, તમને સલામ પહોંચાડવાનું કહ્યું છે અને તમને જણાવું કે અલી (અ.સ.) હિદાયતના ઈમામ છે, અંધકારમાં નૂર છે અને તેઓ આ દુનિયાના લોકો ઉપર મારી સ્પષ્ટ દલીલ છે.

તેઓ સૌથી વધુ સાચા અને હક્કને બાતીલમાંથી જુદા કરનારમાં શ્રેષ્ઠ છે.

હું મારી ઈઝઝત અને જલાલની કસમ ખાઈને કહું છું કે તેઓને જહન્નમમાં નહીં નાખુ જેઓ તેમને ચાહે છે, તેમનું અનુસરણ કરે છે અને તેમના બાદ અઈમ્મા (અ.મુ.સ.)નું અનુસરણ કરે છે. મેં મારી

જાત ઉપર હરામ કર્યું છે કે તેઓને જન્નતમાં દાખલ નહીં થવા દઉ જેઓએ તેમની વિલાયતને કબુલ નથી કરી અને જેઓ તેમનું અને તેમના બાદ આવનાર અઈમ્મા (અ.મુ.સ.)નું અનુસરણ નથી કરતા.

મેં પાકો નિર્ણય કરી લીધો છે કે જહન્નમને લોકો અને જીન્નોમાંથી તેમના દુશ્મનોથી ભરી દઈશ અને જન્નતને મારી મખ્લુકાતમાંથી તેમના શીઆ અને દોસ્તોથી ભરી દઈશ.[૪૨]

---

[42] બેહારૂલ અન્વાર, ભ. ૩૭ પા. ૧૧૩ હ. ૮૮, ગાયાતુલ મરામ પા. ૪૫ હ. ૫૨.

# ફઝીલત ૩૧: વસીઓમાં શ્રેષ્ઠ

મોહમ્મદ બિન હમ્માદ બિન બશીર મોહમ્મદ બિન હસન બિન અબ્દીલ કરીમથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન મૈમૂન અને ઉસ્માન બિન સઈદથી, તે અબ્દુલ કરીમ બિન યઅકુબથી, તે ઝીયા અલ જોઅફીથી, તે અબી તુફૈલથી તે અનસ બિન માલિકથી, તે કહે છે:

હું (અનસ બિન માલિક) રસુલુલ્લાહ (સ.અ.વ.)નો ગુલામ હતો. એક વખત હું રસુલુલ્લાહ (સ.અ.વ.)ને તેમના વઝુ માટે મદદ કરી રહ્યો હતો, રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: જે શખ્સ હમાણા દાખલ થશે તે અમીરૂલ મોઅમેનીન, મુસલમાનોના સરદાર અને વસીઓમાં શ્રેષ્ઠ હશે. તેમના પર પોતાના કરતા વધારે હક ધરાવનાર અને રોશન પેશાનીવાળાના સરદાર.

મેં (અનસ બિન માલિક)એ મનમાં દોઆ કરી, અય અલ્લાહ અન્સારમાંથી કોઈને બનાવી દે.

પછી કોઈએ દરવાજો ખટખટાવ્યો. તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) હતા.

જ્યારે અલી (અ.સ.) દાખલ થયા, રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ચહેરા ઉપર ખુબજ પસીનો આવવા લાગ્યો. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પોતાના ચહેરા

ઉપરથી પસીનો લુછયો અને અલી (અ.સ.)ના ચહેરા ઉપર લગાવ્યો.

અલી (અ.સ.)એ પુછયું: શું આપ ઉપર વહી નાઝીલ થઈ?[43]

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: તમે મારાથી છો, તમે મારૂં કર્ઝ ભરપાઈ કરશો, તમે મારા દીની કાર્યો અંજામ આપશો, તમે મારી જવાબદારીઓ પુરી કરશો અને તમે મારી નબુવ્વતની તબ્લીગ કરશો.

અલી (અ.સ.)એ પુછયું: શું તમે તમારી મેળે તબ્લીગ નથી કરી?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હા, મે કરી છે, પરંતુ મારા પછી લોકોને કુરઆનની તઅવીલ (ઉંડો અર્થ)ને શીખવાની જરૂર હશે અને તમે તેઓને તે ચીઝો શીખવશો જે તેઓ મારા સમયમાં નથી શીખી શકયા.[44]

---

43 વહી નાઝીલ થવાની પ્રક્રિયા રસુલુલ્લાહ (સ.અ.વ.) માટે શારીરિક રીતે ખુબજ અઘરૂ હતું. અમૂક વખત આ પ્રક્રિયામાં આપ (સ.અ.વ.)ને ખુબજ પસીનો થતો.

44 અલ યકીન પા. ૫૯, ગાયાતુલ મરામ પા. ૧૮ હ. ૩, બેહારૂલ અન્વાર ભ. ૩૭ પા. ૨૯૬ હ. ૧૩, અલ મુસ્તદદરક ભ.૩ પા. ૧૯૨ હ. ૩૨, મનાકીબ ઈબ્ને શહરે આશોબ ભ. ૨ પા. ૨૫૩.

# ફઝીલત ૩૨: હોઝે કૌસરના માલીક

અબુ અબ્દીલ્લાહ મોહમ્મદ બિન અલી બિન ઝનજોવૈય્હ, મોહમ્મદ બિન જઅફરથી નકલ કરે છે, તે જઅફર બિન સલમાથી, તે ઈબ્રાહીમ બિન મોહમ્મદથી, તે અબુ ગસ્સાનથી, તે યહ્યા બિન સલમાથી, તે તેમના પિતાથી, તે અબી ઈદ્રીસથી, તે મુસય્યબથી, તે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તેઓ કહે છે:

હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે રસુલુલ્લાહ (સ.અ.વ.)એ મને તેમની ઉમ્મતનો વસી બનાવ્યો છે. તેથી, હું રસુલુલ્લાહ (સ.અ.વ.) પછી અલ્લાહની સ્પષ્ટ દલીલ છું અને હું કસમ ખાઉ છું કે મને અનુસરવું આસમાનો અને જમીનના રહેવાસીઓ ઉપર વાજીબ છે. મલાઈકા મારી ફઝીલતનો ઝીક્ર કરે છે અને તે અલ્લાહની નઝદીક તેઓની તસ્બીહ છે.

અય લોકો! મારૂં અનુસરણ કરો અને હું તમોને સીધા રસ્તા તરફ માર્ગદર્શન આપીશ. ડાબો કે જમણો રસ્તો ન પકડશો નહિતર તમો ગુમરાહ થઈ જશો. હું તમારા રસુલ (સ.અ.વ.)નો વારસદાર અને વસી છું. હું મત્તાકીઓ અને મોઅમીનોનો ઈમામ છું, હું તેઓનો અમીર અને સરદાર છું. હું મારા શીઆઓને જન્નત તરફ લઈ જઈશ અને મારા દુશ્મનોને જહન્નમમાં નાખીશ.

હું અલ્લાહના દુશ્મનો ઉપર તેની તલવાર છું અને તેના દોસ્તો માટે તેની રહમત છું.

હું રસુલુલ્લાહ (સ.અ.વ.)ના હૌઝે કવસરનો માલિક છું અને તેમનો પરચમ ઉઠાવનાર છું.

મને તેમનો દરજ્જો હાસીલ છે અને મને તેમનો શફાઅતનો હક છે.

હું, હસન (અ.સ.), હુસૈન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના નવ ફરઝંદો અલ્લાહની જમીનમાં તેના વસીઓ છે. ફકત અમો જ તેની વહીના અમાનતદાર છીએ. અમો રસુલુલ્લાહ (સ.અ.વ.) પછી મુસલમાનોના ઈમામો (અ.મુ.સ.) છીએ અને અમો અલ્લાહની તેની મખ્લુક ઉપર સ્પષ્ટ નિશાનીઓ છીએ.[૪૫]

---

[45] ગાયાતુલ મરામ પા. ૧૮ હ. ૧૪.

## ફઝીલત ૩૩: હું અને અલી (અ.સ.) એક જ નુરમાંથી

મોહમ્મદ બિન સઈદ અલ દેહકાન મોહમ્મદ બિન મસ્ઉદથી તે અહમદ બિન ઈસા અલ અલવીથી, તે હુસૈનથી તે અબી ખાલીદ અને ઝૈદ બિન અલીથી, તે તેમના પિતા (ચોથા ઈમામથી), તેઓ હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તે કહે છે:

હું (અલી અ.સ.) રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે ગયો જ્યારે આપ આપના ઘરોમાંથી એક ઘરમાં હતા. મેં દાખલ થવાની પરવાનગી માંગી અને તેઓએ ઈજાઝત આપી.

જ્યારે હું દાખલ થયો, રસુલુલ્લાહ (સ.અ.વ.)એ મને પુછયું: અય અલી! શું તમે જાણો છો કે મારૂં ઘર તમારૂં ઘર છે? શા માટે તમે દાખલ થવાની પરવાનગી માંગો છો?

મેં કહ્યું: મને તેમ કરવું ગમે છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

તમને તે પસંદ છે જે અલ્લાહને પસંદ છે અને તમે તેના આદાબને અનુસરો છો. અય અલી! તમે જાણો છો કે તમે મારા ભાઈ છો અને મારો ખાલિક મારા માટે તમારા સિવાય બીજો ભાઈ નથી ચાહતો? અય અલી! તમે મારા વારસદાર છો, તમારા ઉપર

ઝુલ્મ કરવામાં આવશે અને તમને મારી વફાત બાદ જૂઠલાવવામાં આવશે. અય અલી! જે લોકો તમારૂં અનુસરણ કરવા ઉપર મક્કમ છે તેઓ એવા છે જાણે કે મારી સાથે (જન્નતમાં) રહી રહ્યા છે અને જે તમને છોડી દે, તેણે મને છોડી દીધો. અય અલી! જે એવું વિચારે છે કે મને ચાહે છે અને તમારાથી નફરત કરે, તેઓ જૂઠા છે કારણકે અલ્લાહે મને અને તમને એક જ નૂરમાંથી પૈદા કર્યા છે.[૪૬]

[46] ગાયાતુલ મરામ પા. ૭ હ. ૧૨, અલ મુસ્તદરક ભ. ૨ પા. ૭૧ હ. ૧, કન્ઝુલ ઉમ્માલ પા. ૨૦૮, બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૨૩૦ હ. ૩૮, રવઝતુલ જન્નત ભ. ૬ પા. ૧૮૪

## ફઝીલત ૩૪: ઉમ્મતના ઈમામ

અહમદ બિન મોહમ્મદ, મોહમ્મદ બિન જઅફરથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન હુસૈનથી, તે મોહમ્મદ બિન સીનાનથી, તે ઝિયાદ બિન મુન્ઝીરથી, તે સઈદ બિન જુબૈરથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

મારા સિવાય હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી ઉંચ્ચુ મકામ કોઈનું નથી. તેઓ મારી ઉમ્મતના ઈમામ છે, મારા વારસદાર છે, મારા વસી છે. જેઓ તેમનું અનુસરણ કરે છે તેઓને સીધા રસ્તા તરફ માર્ગદર્શન કરવમાં આવે છે, જેઓ તેમને છોડીને બીજા કોઈને અનુસરે છે તેઓ ખોવાય ગયા છે અને સીધા રસ્તાથી ગુમરાહ થઈ ગયા છે.

બેશક, હું પસંદ કરાયેલ રસુલ છું. હું અલી (અ.સ.)ના બારામાં આ મારી ઈચ્છા મુજબ નથી કહેતો. હું જે કહું છું તે કંઈ નથી પરંતુ જીબ્રઈલ દ્વારા અલ્લાહ તરફથી વહી છે, જે આસમાનો અને જમીનમાં દરેક વસ્તુનો માલિક છે અને જે કાંઈ આ જમીન ઉપર અને આસમાનની અંદર છે કોઈ એવું નથી.[૪૭]

---

47 ગાયાતુલ મરામ પા. ૪૫ હ. ૫૪, કન્ઝુલ ઉમ્માલ પા. ૨૦૮, બેહારૂલ અન્વાર ભ. ૨૫ પા. ૩૬૧ હ. ૩૧, ઈસ્બાતુલ હોદાત ભ. ૩ પા. ૬૩૩ હ. ૮૬૪, રવઝતુલ જન્નત ભ. ૬ પા. ૧૮૫

## ફઝીલત ૩૫: મેઅરાજમાં પંજેતન (અ.મુ.સ.)નો ઝિક્ર

અબુલ તૈયબ મોહમ્મદ બિન હુસૈન અલ તૈમાલી, મોતૈર બિન મોહમ્મદ બિન અબ્દીલ્લાહથી નકલ કરે છે, તે જમ્માલથી, તે હિશામથી, તે અબુ હારૂન અલ અબ્દીથી, તે અબી સઈદ અલ ખુદરીથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

મેઅરાજની રાત્રે હું કોઈપણ આસમાન અથવા તેના કોઈપણ સ્તર ઉપરથી પસાર નથી થયો સિવાય કે તે ઉમદા ફરિશ્તાઓથી ભરાએલ હતું જેઓ મને કહી રહ્યા હતા:

અય મોહમ્મદ (સ.અ.વ.)! આનંદ લો (તમોને મુબારક થાય) એ બાબતનો જે અલ્લાહે ન તો તમારી પહેલા કોઈને આપી છે અને ન તો તમારી પછી. તમને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) જેવા ભાઈ આપવામાં આવ્યા, ફાતેમા (સ.અ.) તેમની પત્નિ જેવી દુખ્તર, હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જેવા ફરઝંદો, અને તેઓના ચાહવાવાળા શીઆઓ છે.

અય મોહમ્મદ (સ.અ.વ.)! તમે અંબીયાઓમાં શ્રેષ્ઠ છો, અલી (અ.સ.) અવસીયામાં શ્રેષ્ઠ છે, ફાતેમા (સ.અ.) દુનિયાની સ્ત્રીઓની સરદાર છે,

હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) જન્નતમાં દાખલ થનાર અંબીયાની અવ્લાદ કરતા વધારે ઈઝઝતદાર હશે અને કયામતના દિવસે તેઓના શીઆઓ લોકોમાં શ્રેષ્ઠ હશે. તેઓ જન્નતના ઓરડાઓ, મહેલો અને બાગોમાં જમા થશે. ફરિશ્તાઓનું કહેવાનું ચાલુ હતું જ્યારે હું ઉપર જઈ રહ્યો હતો ત્યાં સુધી કે હું પાછો નીચે આવ્યો. અગર અલ્લાહે આ સાંભળવાથી રોકેલુ ન હોત તો લોકો અને જીન્નાતોમાંથી દરેકે આ સાંભળ્યું હોત.[૪૮]

48 ગાયાતુલ મરામ પા. ૧૬૬ હ. ૫૬

## ફઝીલત ૩૬: હઝરત અલી (અ.સ.)ની ફરમાબરદારી કરો

મોહમ્મદ બિન મોહમ્મદ બિન મુર્રા, હસન બિન અલી અલ આસમીથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન અબ્દીલ માલિક બિન અબી અલ શવારેબથી, તે જઅફર બિન સુલૈમાન અલ ઝબઈથી, તે સાદ બિન ઝરીફથી, તે અસ્બગથી, તે કહે છે:

સલમાને ફારસી (અ.ર.)ને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અને જનાબે ફાતેમા (સ.અ.)ના દરજ્જાના બારામાં પુછવામાં આવ્યું.

તેથી સલમાને ફારસી (અ.ર.)એ કહ્યું કે મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને આમ ફરમાવતા સાંભળ્યા:

અલી (અ.સ.) તરફ ધ્યાન આપો કારણકે તે તમારા સરદાર છે તેથી તેમનાથી મોહબ્બત કરો. તે સૌથી વધુ ઈઝઝતદાર છે, તેથી તેમનું અનુસરણ કરો. તેઓ તમારામાં સૌથી વધુ ઈલ્મ ધરાવનાર છે, તેથી તેમની ઈઝઝત કરો. તેઓ જન્નત માટે તમારા સરદાર છે, તેથી તેમને બદલો આપો.

જ્યારે તે તમને બોલાવે જવાબ આપો. જ્યારે તે હુકમ કરે તો ફરમાબરદારી કરો. તેમને મારી ખાતર ચાહો અને ઈઝઝત આપો.

મેં અલી (અ.સ.)ના બારામાં કોઈ ચીજ નથી કહી પરંતુ મારા પરવરદિગારના હુકમથી.

## ફઝીલત ૩૭: હઝરત અલી (અ.સ.)ના ચાહવાવાળાની ૧૮ ફઝીલત

હ. અબુબકર મોહમ્મદ બિન અહમદ બિન ગતરીફ અલ જુરજાની અબુ ખલીફા ફઝલ બિન સાલેહ અલ જહમીથી નકલ કરે છે, તે અલી બિન અબ્દીલ્લાહથી બિન જઅફરથી, તે મોહમ્મદ બિન ઉબૈદથી, તે અબ્દુલ્લાહથી, તે નાફેઅથી, તે અબ્દુલ્લાહ બિન ઉમરથી, તે હ. ઉમર બિન અલ ખત્તાબથી, તે કહે છે:

અમોએ રસુલુલ્લાહ (સ.અ.વ.)ને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના દરજજાના બારામાં સવાલ કર્યો.

રસુલુલ્લાહ (સ.અ.વ.) ગુસ્સે થયા અને જવાબ આપ્યો:

તમો લોકોને શું થઈ ગયું છે, તમો મને એના બારામાં સવાલ કરો છો જેને અલ્લાહે મારી જેટલો મરતબો અને દરજજો અતા કર્યો છે, સિવાય કે નબુવ્વત?!

યાદ રાખો! જે કોઈ અલી (અ.સ.)ને ચાહે છે તે મને ચાહે છે, જે મને ચાહે છે અલ્લાહને ખુશ કરે છે અને અલ્લાહ તેઓને જન્નતના અજથી નવાઝે છે.

યાદ રાખો! ફરિશ્તાઓ તેઓ માટે ઈસ્તીગ્ફાર કરે છે જેઓ અલી (અ.સ.)ને ચાહે છે. જન્નતના

દરવાજાઓ તેમના માટે ખુલ્લા છે, અને તેઓને હિસાબ કર્યા વગર જે દરવાજેથી ચાહશે દાખલ કરશે.

યાદ રાખો! જે અલી (અ.સ.)ને ચાહશે, અલ્લાહ તેઓને તેમનું આમાલનામુ જમણા હાથમાં આપશે અને કયામતના દિવસે તેઓનો હિસાબ–કિતાબ આસાનીથી લેવામાં આવશે, જેવા કે અંબીયાનો હિસાબ–કિતાબ.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે તેઓ આ દુનિયા નહિ છોડે પરંતુ પહેલા હૌઝે કવસરમાંથી સૈરાબ થશે, તુબાના વૃક્ષમાંથી ખાશે અને પોતાની જગ્યા જન્નતમાં જોઈ લેશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે, અલ્લાહ તેઓનો સકરાતનો સમય આસાન કરી દે છે, તેઓની કબ્રોને જન્નતના બાગોમાંથી એક બાગ બનાવી દે છે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે અલ્લાહ તેઓને તેમના શરીરની દરેક નસ જેટલી હુર અતા કરે છે. તેઓ પોતાના કુટુંબના ૮૦ સભ્યોની શફાઅત કરી શકશે અને અલ્લાહ તેઓને તેમના શરીરના દરેક વાળ જેટલા જન્નતમાં શહેરો અતા કરશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે અલ્લાહ તેઓ માટે મૌતના ફરિશ્તાને એવી જ રીતે મોકલે છે જેવી રીતે અંબીયા (અ.મુ.સ.) માટે મોકલે છે. તે મુન્કર અને નકીરના ભયને કાઢી નાખે છે, તે તેઓની કબ્રોને ૭૦ વર્ષ જેટલી નૂરાની કરી દે છે, અને તે તેઓને કયામતના દિવસે નૂરાની ચહેરાઓ સાથે ઉઠાડશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે અલ્લાહ તેઓને પોતાના અર્શ હેઠળ સાચાઓ, શહીદો અને મુત્તકીઓની સાથે રાખશે. તેઓ કયામતના દિવસના ભય અને ડરથી સુરક્ષિત હશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહશે તેઓની નેકીઓ કબુલ છે અને તેઓના ગુનાહ માફ છે. તેઓ જન્નતમાં જનાબે હમ્ઝા (અ.સ.) (રસુલુલ્લાહ સ.અ.વ.ના કાકા) શહીદોના સરદારની સાથે હશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે અલ્લાહ તેઓના દીલોમાં હિકમત મુકે છે, તેઓની ઝબાનો ઉપર સચ્ચાઈ હોય છે અને અલ્લાહ પોતાની રહમતના દરવાજાઓ તેઓ ઉપર ખોલી દે છે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે તેમના માટે આ જમીન કૈદખાનુ છે અને અલ્લાહ

તેઓને આઝાદ કરશે. અલ્લાહ ફરિશ્તાઓ અને તેના અર્શના ઉઠાવનારાઓ સમક્ષ તેઓના વખાણ કરે છે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહતા હશે તેમને એક ફરિશ્તો અર્શના નીચેથી સદા આપશે અને કહેશે 'અય અલ્લાહના બંદા! આગળ વધો કારણકે તમારા બધા ગુનાહોને માફ કરી દેવામાં આવ્યા છે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે કયામતના દિવસે ચઉદમીના ચાંદની જેમ ચમકતા હશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે અલ્લાહ તેઓના માથા ઉપર પ્રતિષ્ઠાનું તાજ મુકશે અને તેઓ ભવ્યતાનો લિબાસ પહેરશે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે તેઓ પુલે સેરાત ઉપરથી તેઝ વીજળીની ઝડપે પસાર થઈ જશે અને પસાર થવામાં કોઈ તકલીફનો સામનો નહિ કરે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે, અલ્લાહ તેમના માટે જહન્નમથી દૂરી અને નિફાકથી દૂરી, સેરાત પરથી પસાર થવાના પરવાનાની તથા તકલીફોથી સુરક્ષિત રહેવાની બાંહેધરી લખી આપે છે.

યાદ રાખો! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે તેમનું આમાલનામુ જાહેર કરવામાં નહિ આવે અને તેઓનો હિસાબ લેવામાં નહિ આવે અને તેઓને કહેવામાં આવશે હિસાબ વગર જન્નતમાં દાખલ થાવ.

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ને ચાહશે તેઓ ગણતરી, ત્રાજવું અને સેરાતથી સુરક્ષિત છે.

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બત સાથે આ દુનિયાથી જશે ફરિશ્તાઓ તેઓ સાથે મુસાફેહો કરશે. અંબીયાઓની રૂહો તેઓની મુલાકાત માટે આવે છે અને અલ્લાહ તેઓની બધી હાજતો પુરી કરે છે.

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ની દુશ્મનીમાં મરે છે તેઓ કાફીરની મૌત મરે છે.

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ની મોહબ્બતમાં મરે છે તેઓ ઈમાન સાથે મરે છે અને હું તેઓ માટે જન્નતની ઝમાનત લઉ છું.

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ની નફરત સાથે મરે છે તો

કયામતના દિવસે તેઓની આંખો દરમ્યાન આ લખાણ લખેલુ હશે ‘અલ્લાહની રહમતથી માયુસ.’

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ની નફરત સાથે મરે છે તેઓ જન્નતની ખુશ્બુ પણ નહિ સુંઘી શકે.

યાદ રાખો! જેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈત (અ.મુ.સ.)ની નફરત સાથે મરે છે તેઓ કબ્રમાંથી કાળા ચહેરા સાથે બહાર આવશે.[૪૯]

---

[49] બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૧૧૪ હ. ૮૯, ગાયાતુલ મરામ પા. ૨૦૭ હ. ૧૦, ફઝાએલુશ્શીઆ પા. ૨ હ. ૧, તાવીલુલ આયાત પા. ૮૬૩ હ. ૧, તબરી તેમની બેશારતુલ મુસ્તફા પા. ૩૬, અરબઈન અલ ખુઝાઈ હ. ૧

## ફઝીલત ૩૮: હઝરત અલી (અ.સ.)ની વિલાયત હિદાયત છે

અહમદ બિન હસન બિન મોહમ્મદ અલ નિશાપુરી તેમની કિતાબમાં મોહમ્મદ બિન હુસૈન અલ અજરીથી નકલ કરે છે, તે જઅફર બિન મોહમ્મદ બિન અલ ઈઝઝીથી, તે કુતૈબાહ બિન સઈદથી, તે જોરૈરથી, તે મુગીરાથી તે મોહમ્મદ બિન અમ્ર બિન અબી સલમાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલી (અ.સ.) મારા માટે મારા શરીરના ખૂન સમાન છે. જેઓ તેમની વિલાયતને કબુલ કરશે તે હિદાયત પામશે. જેઓ તેમને ચાહે છે તેઓ સીધા રસ્તા ઉપર છે. જેઓ તેમનું અનુસરણ કરે છે તેઓ નજાત પામનાર છે.

યાદ રાખો! અલી (અ.સ.) ચાર જન્નતીઓ પૈકી એક છે જેમાં હસન (અ.સ.), હુસૈન (અ.સ.), અલી (અ.સ.) અને હું પોતે છું.[૫૦]

---

[50] ગાયાતુલ મરામ પા. ૨૦૭ હ. ૧૧

## ફઝીલત ૩૯: હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત કરનારનો દરજ્જો

અલ શરીફ હસન બિન હમ્ઝા અલ અલવી ઉબૈદુલ્લાહ બિન મુસાથી, તે ઝોહરીથી, તે ઉરવાહથી તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલી (અ.સ.) સાથે મુસાફેહો કરવો એવું જ છે જાણે મારી સાથે મુસાફેહો કરવો અને મારી સાથે મુસાફેહો કરવો તે અલ્લાહના અર્શના પાયાઓથી મુસાફેહો કરવો છે.

અલી (અ.સ.)ને ગળે લગાડવા એવું જ છે જાણે મને ગળે લગાવવો અને મને ગળે લગાવવો એવું છે જાણે તમામ અંબીયાઓને ગળે લગાવવા.

અલ્લાહ તે લોકોના બધા ગુનાહો માફ કરી દે છે જેઓ અલી (અ.સ.)થી મોહબ્બત કરનારના હાથનો મુસાફેહો લે છે અને તેઓને હિસાબ વગર જન્નતમાં લઈ જશે.[૫૧]

---

[51] બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૧૧૫ હ. ૯૦, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૬, મિસ્બાહુલ અન્વાર પા. ૧૨૨, ગાયાતુલ મરામ પા. ૫૮૩ હ. ૪૭.

# ફઝીલત ૪૦: હઝરત અલી (અ.સ.) માટે હઝરત હારૂન બિન ઈમરાનનું ખમીસ આવ્યું

શૈખ અબુ અબ્દીલ્લાહ હુસૈન બિન અબ્દીલ્લાહ અલ કતીઈ, અબુલ હસન મોહમ્મદ બિન અહમદ અલ હાશ્મી અલ મન્સુરીથી, તે અબુ મુસા ઈસા બિન અહમદથી, તે અલી બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન મુસા અર રેઝા (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન અલ હુસૈન (અ.સ.)થી, તેઓ હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ કમ્બર (અલી અ.સ.ના ગુલામ)થી, તે કહે છે:

હું અમીરૂલ મોઅમેનીન (અ.સ.) સાથે ફુરાત નદીના કિનારે હતો જ્યારે આપ (અ.સ.)એ આપની ખમીસ કાઢી અને ફુરાતમાં દાખલ થયા. એક મોટું મોજુ આવ્યું અને આપ (અ.સ.)ની ખમીસને પાણીમાં લઈ ગયું.

જ્યારે અમીરૂલ મોઅમેનીન (અ.સ.) પાણીમાંથી બહાર આવ્યા તો આપને આપની ખમીસ ન મળવાથી પરેશાન થયા.

પછી અલી (અ.સ.)ને એક અવાજ આવ્યો: અય અબલ હસન! તમારી જમણી તરફ જુઓ અને જે દેખાય તે લઈ લો.

અલી (અ.સ.)એ જમણી તરફ એક બંધ તોહફો જોયો. તે તોહફામાં તેમણે એક ખમીસ જોયું. જ્યારે આપ તે ખમીસ પહેરી રહ્યા હતા, તે ખમીસના ખીચામાંથી એક કાગળ પડયો જેમાં આ પયગામ લખ્યો હતોઃ

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે. આ તોહફો હકીમ, રહીમ અલ્લાહ તરફથી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) માટે છે. આ હારૂન બિન ઈમરાનનું ખમીસ છે, *“ખરેજ એમજ થયું, અને તે વસ્તુઓના વારસદાર અમોએ બીજા લોકોને બનાવી દીધા.”* (૪૪ઃ૨૮)[૫૨]

---

[52] ગાયાતુલ મરામ પા. ૬૬૦ હ. ૧૧૯, અલ ખરાએજ વલ જરાએહ પા. ૨૮૮ હ. ૬૦, બેહારૂલ અન્વાર ભ. ૩૯ પા. ૧૨૬ હ. ૧૩, ઈસ્બાતુલ હોદાત ભ. ૪ પા. ૫૫૧ હ. ૨૦૧, મનાકીબ ઈબ્ને શહરે આશોબ ભ. ૨ પા. ૬૯, મદીનતુલ મઆજીઝ પા. ૧૬ હ. ૧૪, ખસાએસ અર રેઝા પા. ૨૫.

## ફઝીલત ૪૧: હઝરત અલી (અ.સ.)ની વિલાયતને પકડી લો

મોહમ્મદ બિન હસન બિન અહમદ મોહમ્મદ બિન હુસૈનથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન હાશીમથી, તે મોહમ્મદ બિન સેનાનથી, તે ઝિયાદ બિન મુન્ઝીરથી, તે સઈદ બિન તુરૈફથી, તે અસ્બગ બિન નોબાતાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા: અય લોકો! સમજી લો કે અલ્લાહે પોતા માટે એક દરવાજો બનાવ્યો છે. અગર તમે તેમાંથી દાખલ થશો તો તમે જહન્નમ અને મોટા ખૌફથી સુરક્ષિત રહેશો.

પછી અબુ સઈદ ખુદરી ઉભા થયા અને કહ્યું: અમારૂં તે દરવાજા તરફ માર્ગદર્શન કરો જેથી અમો તેને ઓળખી લઈએ.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

તે અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે, અવસીયાઓના સરદાર, અમીરૂલ મોઅમેનીન, રસુલુલ્લાહ (સ.અ.વ.)ના ભાઈ, તમામ લોકો ઉપર અલ્લાહના ખલીફા. અય લોકો! તમારામાંથી જે એવી રસ્સીને પકડવા ચાહે જે કયારેય ટૂટી નથી, તો હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની વિલાયતને પકડી લો. તેમની વિલાયત મારી વિલાયત

છે અને તેમની ઈતાઅત મારી ઈતાઅત છે. અય લોકો! તમારામાંથી જે જાણવા ચાહતુ હોય કે મારા પછી અલ્લાહની દલીલ કોણ છે? જાણી લો કે તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે. અય લોકો! તમારામાંથી જેઓ ચાહતા હોય કે અલ્લાહ અને તેના રસુલને અનુસરવા હોય તો તેઓ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અને મારી ઝુર્રીય્યતમાંથી ઈમામો (અ.મુ.સ.)ને અનુસરે કારણકે બેશક તેઓ મારા ઈલ્મના ખઝાનેદાર છે.

પછી જાબીર બિન અબ્દીલ્લાહ અન્સારીએ પુછયુંઃ કેટલા ઈમામો છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

અય જાબીર! અલ્લાહ તમારા ઉપર રહમ કરે. તમે મને સમગ્ર ઈસ્લામના બારામાં સવાલ કર્યો. તેઓની સંખ્યા મહીનાઓની સંખ્યા બરાબર છે. *“બેશક અલ્લાહની પાસે મહિનાઓની સંખ્યા જે દિવસથી અલ્લાહે આકાશો તથા પૃથ્વી પેદા કર્યા છે ત્યારથી અલ્લાહની કિતાબમાં બાર મહિના છે”* (૯:૩૬). હઝરત મુસા બિન ઈમરાન (અ.સ.) દ્વારા જ્યારે તેમની અસાથી પથ્થર ઉપર મારવામાં આવ્યું અને અલ્લાહે જેટલા ઝરણા જારી કર્યા તેના જેટલી સંખ્યા છે, જે બાર છે. તેઓની સંખ્યા બની

ઈસરાઈલના સરદારો જેટલી છે, જેવી રીતે અલ્લાહ કુરઆનમાં ફરમાવે છે *“અમોએ તેઓમાંથી બાર સરદારોને ચૂંટી કાઢયા.”* (૫:૧૨). તેથી જાબીર, ઈમામો બાર છે. તેમાંના પહેલા હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે અને છેલ્લા મહદી અલ કાએમ (અ.ત.ફ.શ.) છે.[૫૩]

---

[53] અલ યકીન પા. ૬૦ ગાયાતુલ મરામ પા. ૧૮ હ. ૧૫, અલ ઈસ્તેનસાર પા. ૨૨૧, બેહારૂલ અન્વાર ભ. ૩૬ પા. ૨૬૩ હ. ૮૪

# ફઝીલત ૪૨: જન્નતના પ્યાલામાં હૌઝે કૌસરનું પાણી હઝરત અલી (અ.સ.) માટે આવ્યું

મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન મુસા, હસન બિન મોહમ્મદ બિન સઈદથી, તે ફુરાત બિન ઈબ્રાહીમથી તે અહમદ બિન મુસાથી, તે અબુ હમીદ અહમદ બિન દાઉદથી, તે અલી બિન યહ્યાથી, તે સુવૈદથી, તે યઝીદ બિન રબીઅથી, તે અમ્ર બિન દિનારથી, તે તાઉસથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

જ્યારે રસુલુલ્લાહ (સ.અ.વ.) અસ્રની નમાઝ પઢાવી ચુકયા, આપ (સ.અ.વ.) ઉભા થયા અને ફરમાવ્યું: તમારામાંથી જે મને અને મારા કુટુંબને ચાહે છે, મારી પાછળ આવે.

તેથી અમો બધા તેમની પાછળ ગયા ત્યાં સુધી કે અમો જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરે પહોંચ્યા. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ દરવાજો ખટખટાવ્યો અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ઘરમાંથી બહાર આવ્યા. આપ (અ.સ.)ના હાથ ગારાવાળા હતા.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેમને ફરમાવ્યું: અય અબલ હસન! લોકોને કહો જે કાંઈ તમોએ ગઈ કાલે જોયું.

અલી (અ.સ.)એ ફરમાવ્યુંઃ

હા, રસુલુલ્લાહ! મારા માં-બાપ આપના ઉપર કુરબાન થાય. ઝોહરની નમાઝનો સમય હતો અને મારે વુઝુ કરવું હતું પરંતુ મારી પાસે પાણી ન હતું. તેથી મેં હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ને પાણી લેવા મોકલ્યા, પરંતુ તેઓને ઘણી વાર લાગી. પછી મેં એક અવાજ સાંભળ્વો જે મને કહી રહ્યો હતોઃ અય અબલ હસન! તમારી જમણી તરફ જુઓ. તેથી મેં જોયું અને ત્યાં સોનાનું એક વાસણ લટકેલું છે, જે બરફ કરતા વધુ સફેદ, મધ કરતા વધુ મધુર પાણીથી ભરાએલ હતું અને તેમાંથી ગુલાબની ખુશ્બુ આવી રહી હતી. પછી મેં તે પાણીથી વુઝુ કર્યું અને તેમાંથી થોડુ પીધું. પછી મેં આ પાણીમાંથી એક ટીપુ મારા માથા ઉપર નાખ્યું અને આ પાણીની ઠંડક મારા દિલમાં મહેસુસ કરી.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પુછયુંઃ શું તમે જાણો છો કે આ વાસણ કયાંથી આવ્યું?

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)એ ફરમાવ્યુંઃ અલ્લાહ અને તેના રસુલ બહેતર જાણે છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ આ વાસણ જન્નતના વાસણોમાંથી હતું અને પાણી હૌઝે કવસરના પાણીમાંથી હતું. તે એક ટીપુ જે તમોએ

તમારા માથા ઉપર નાખ્યું તે અલ્લાહના અર્શ હેઠળથી હતું.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને ગળે લગાડયા અને તેમના કપાળ ઉપર બોસો આપ્યો અને તેમને ફરમાવ્યુંઃ અય મારા ચહીતા! (ગઈ કાલે) જીબ્રઈલ તમારા ખાદિમ હતા. અલ્લાહની નઝરમાં તમારો ખુબ જ ઉચ્ચ અને મહાન દરજ્જો છે.[૫૪]

---

54 ગાયાતુલ મરામ પા. ૬૩૮ હ. ૪, મદીનતુલ મઆજીઝ પા. ૯૬ હ. ૨૪૫

# ફઝીલત ૪૩: ઈમામુલ મુત્તકીન

શરીફ અબુ જઅફર મોહમ્મદ બિન અહમદ બિન મોહમ્મદ બિન ઈસા અલ અલવી, મોહમ્મદ બિન અહમદ અલ કતીબથી નકલ કરે છે, તે હમ્માદ બિન મેહરાનથી, તે અબ્દુલ અઝીમ બિન અબ્દીલ્લાહ અલ હસનીથી, તે મોહમ્મદ બિન અલીથી, તે મોહમ્મદ બિન કસીરથી, તે ઈસ્માઈલ બિન ઝિયાદ બઝઝાઝથી, તે અબી ઈદ્રીસથી, તે આયેસાના ગુલામ રફીઅથી, તે કહે છે:

હું જવાન છોકરો હતો અને આયેશાનો ખાદિમ હતો, જ્યારે રસુલુલ્લાહ (સ.અ.વ.) આયેશા સાથે રહેતા હું તેઓની ખિદમત કરતો.

એક દિવસ જ્યારે રસુલુલ્લાહ (સ.અ.વ.) આયેશા સાથે બેઠા હતા, કોઈએ દરવાજો ખટખટાવ્યો, મેં દરવાજો ખોલ્યો અને જોયુ એક કનીઝ ઢાંકેલી પ્લેટ સાથે હતી, તેથી હું પાછો ગયો અને આયેશાને કહ્યું. આયેશાએ મને તેણીને અંદર લાવવા કહ્યું. તેણી અંદર આવી અને તે પ્લેટ આયેશાની સામે રાખી અને આયેશાએ તે પ્લેટ રસુલુલ્લાહ (સ.અ.વ.)ની સામે મુકી. તેથી રસુલુલ્લાહ (સ.અ.વ.) તે પ્લેટમાંથી ખાવા લાગ્યા અને તે કનીઝ જતી રહી.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ કાશ, અમીરૂલ મોઅમેનીન, મુસલમાનોના સરદાર અને ઈમામુલ મુત્તકીન મારી સાથે જમતે.

આયેશાએ કહ્યુંઃ તમે કોની વાત કરી રહ્યા છો જેના પાસે આ બધા લકબો છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ જવાબ ન આપ્યો. પછી આપ (સ.અ.વ.)એ પોતાના વાતની તકરાર કરી.

તેણી (આયેશા)એ ફરી પુછયુંઃ તમે કોની વાત કરી રહ્યા છો જેના પાસે આ બધા લકબો છે? પરંતુ રસુલુલ્લાહ (સ.અ.વ.)એ જવાબ ન આપ્યો.

પછી કોઈએ દરવાજા ખટખટાવ્યો અને મેં ખોલ્યો. તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) હતા. હું પાછો ગયો અને રસુલુલ્લાહ (સ.અ.વ.)ને જાણ કરી, આપ (સ.અ.વ.)એ મને તેમને અંદર લાવવા કહ્યું.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય અબલ હસન! આવો. મેં બે વખત તમારી ખ્વાહીશ કરી હતી. જ્યારે તમે ન આવ્યા તો મેં અલ્લાહ પાસે માંગણી કરી કે તે તમને અહિં મારા માટે લાવે. તેથી બેસો અને મારી સાથે જમો.

પછી અલી (અ.સ.) બેસી ગયા અને રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે જમ્યા.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: અય અલી! અલ્લાહ તમારી સાથે જંગ કરનારાઓ સાથે જંગ કરે અને અલ્લાહ તમારા દુશ્મનોનો દુશ્મન થઈ જાય.

તેથી આયેશાએ કહ્યું: તેમને સાથે કોણ જંગ કરશે અને તેમના દુશ્મન કોણ હશે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: તું અને તારી સાથેના લોકો. તું તેમની સાથે જંગ કરવાનું કબુલ કરીશ અને તેનાથી અળગી નહિ રહે. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ બે વખત આ દોહરાવ્યું.[૫૫]

---

[55] અલ યકીન પા. ૬૧, ગાયાતુલ મરામ પા. ૧૬ હ. ૧૮, કશ્ફુલ ગુમ્માહ ભ. ૧ પા. ૩૪૩, તબરી તેમની બેશારતુલ મુસ્તફામાં પા. ૧૬૫, બેહારૂલ અન્વાર ભ. ૩૮ પા. ૩૫૧ હ. ૩, મિસ્બાહુલ અન્વાર પા. ૧૫૬.

## ફઝીલત ૪૪: કોણ નજાત પામશે – કોણ હલાક થશે ?

હસન બિન હમ્ઝા, અલી બિન મોહમ્મદ બિન કુતૈબાહથી નકલ કરે છે, તે ફઝલ બિન શાઝાનથી, તે મોહમ્મદ બિન ઝિયાદથી, તે જમીલ બિન સાલેહથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

જનાબે ફાતેમા (સ.અ.) મારા દીલનું ખૂન છે, તેમના ફરઝંદો મારા દીલના ફળો છે, તેમના શોહર મારી આંખોની ઠંડક છે, તેમના ફરઝંદોથી ઈમામો (અ.મુ.સ.) મારા પરવરદિગારના નુમાયંદા છે અને તેઓ અલ્લાહ અને તેની મખ્લુક વચ્ચે મઝબુત રસ્સી છે. જેઓ આ રસ્સીને મઝબુતીથી વળગી રહેશે તેઓ નજાત પામશે અને જેઓ નહિ વળગી રહે તેઓ હલાક થશે.[૫૬]

---

[56] ગાયાતુલ મરામ પા. ૪૬ હ. ૫૭, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ. ૧ પા. ૫૯, મનાકીબે ઝમખશરી પા. ૨૧૩, ફરાએદુસ્સીમતૈન ભ. ૨ પા. ૬૬ હ. ૩૯૦, યનાબીઉલ મવદ્દત પા. ૮૨, અલ તરાએફ પા. ૧૧૭, હ. ૧૮૦, સેરાતલ મુસ્તકીમ ભ. ૨ પા. ૪૨, બેહારૂલ અન્વાર ભ. ૩ પા. ૧૦૦ હ. ૧૬, અલ ફઝાએલ પા. ૧૪૬, દોરર બહ્ર અલ મનાકીબ પા. ૧૦૬, અલ અરબઈન પા. ૧૪, એહકાકુલ હક્ક ભ. ૧૩ પા. ૭૯

## ફઝીલત ૪૫: હઝરત અલી (અ.સ.) ઝમીનનું નૂર છે

અબુ અબ્દીલ્લાહ મોહમ્મદ બિન વહબાન અલ સલી, અહમદ બિન અમાન અલ અમેરીથી નકલ કરે છે, તે અબ્દુલ્લાહ બિન અબ્દીલ્લાહ બિન ઉતબા બિન અબ્દીલ્લાહ બિન મસ્ઉદથી, તે તેમના પિતાથી, તે તેમના દાદા અબ્દુલ્લાહ બિન મસ્ઉદથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા: સૂરજના બે રૂખ હોય છે, એક તરફથી આસમાનવાળાઓને રૌશની મળે છે અને બીજી તરફથી ઝમીનવાસીઓને રૌશની મળે છે. બન્ને તરફ લખાણો છે. શું તમે જાણો છો તે લખાણ શું છે?

અમોએ કહ્યું: અલ્લાહ અને તેના રસુલ બહેતર જાણે છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: તે તરફનું લખાણ જે આસમાનવાળાઓને રૌશની આપે છે તે છે: *“અલ્લાહ આસમાન અને ઝમીનોમાં નૂર છે”* (૨૪:૩૫). તે તરફનું લખાણ જે ઝમીનવાસીઓને રૌશની આપે છે તે છે: ‘અલી (અ.સ.) ઝમીનનું નૂર છે.’[૫૭]

---

57 બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૯ હ. ૨૧, મદીનતુલ મઆજીઝ પા. ૧૫૮ હ. ૪૩૨

# ફઝીલત ૪૬: કોણ જન્નત / જહન્નમમાં જશે ?

અહમદ બિન મોહમ્મદ બિન અય્યુબ અલ હાફેઝ, અહમદ બિન ઝિયાદથી નકલ કરે છે, તે અલી બિન ઈબ્રાહીમથી, તે તેમના પિતાથી, તે રય્યાન બિન સલ્તથી, તે કહે છે:

મેં હઝરત અલી બિન મુસા અરરેઝા (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં હઝરત મુસા બિન જઅફર (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં હઝરત જઅફર બિન મોહમ્મદ (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં હઝરત મોહમ્મદ બિન અલી (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં હઝરત અલી બિન હુસૈન (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં હઝરત હુસૈન બિન અલી (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં હઝરત અલી અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યું:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યુંઃ

મેં જીબ્રઈલને કહેતા સાંભળ્યા છે તેમણે ફરમાવ્યુંઃ

મેં અલ્લાહને ફરમાવતા સાંભળ્યું છે તેણે ફરમાવ્યુંઃ

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મારી મખ્લુક ઉપર મારી હુજ્જત છે. તેઓ મારી ઝમીન ઉપર મારૂં નૂર છે અને મારા ઈલ્મના મુહાફીઝ છે. જેઓ તેમની મઅરફેત ધરાવતા હશે હું તેઓને જહન્નમમાં જવા નહિ દઉ ભલે પછી તેઓ મારી નાફરમાની કરે. અને જેઓ તેમનો ઈન્કાર કરશે હું તેઓને જન્નતમાં જવા નહિ દઉ ભલે પછી તેઓ મારી ઈતાઅત કરે.[૫૮]

---

[58] બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૧૧૬ હ. ૯૧, ગાયાતુલ મરામ પા. ૫૧૨ હ. ૧૯

# ફઝીલત ૪૭: અલ્લાહે પ્રસંશા કરી

અબુ મોહમ્મદ ઈબ્રાહીમ બિન મોહમ્મદ અલ મઝારી અલ ખય્યાત, મોહમ્મદ બિન જઅફરથી, તે અય્યુબ બિન નુહથી, તે ઈબ્ને મહબુબથી, તે અલી બિન અલ રય્યાનથી, તે મલ્લાક બિન અતીય્યાથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.) થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓએ ફરમાવ્યું:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું:

અય અબુલ હસન! અગર સમગ્ર કાએનાતના અકીદાઓ અને તેઓના નેક કાર્યો ફકત એક દિવસ માટે ત્રાજવાની એક બાજુ રાખવામાં આવે અને તમારી નેકીઓ બીજી તરફ રાખવામાં આવે, તો ચોક્કસ તમારી એક દિવસની નેકીઓ સમગ્ર કાએનાતની નેકીઓ ઉપર ભારે હશે.

જંગે ઓહદમાં, અલ્લાહે તેના ઉંચા દરજ્જાના ફરિશ્તાઓ સમક્ષ તમારા વખાણ કર્યા. તેણે તે દિવસે સાત આસમાનોના પર્દાઓ હટાવી દીધા, જન્નત અને તેની અંદરની દરેક ચીઝ તમારા માટે ચમકવા લાગી. દુનિયાઓના પાલનહાર તમારા કાર્યોથી રાઝી હતો અને અલ્લાહ તમને આ દિવસની એવી જઝા

આપશે જે બધા નબીઓ, રસુલો, સાચાઓ અને શહીદોના રશ્કનું કારણ બનશે.[૫૯]

[59] ગાયાતુલ મરામ પા. ૫૦૮ હ. ૮, યનાબીઉલ મવદ્દત પા. ૬૪ અને ૧૨૭.

## ફઝીલત ૪૮: હઝરત અલી (અ.સ.)નું ઉદાહરણ ઉમ્મતમાં ઈસા ઈબ્ને મરયમ જેવું છે

અહમદ બિન મોહમ્મદ બિન સુલૈમાન, જઅફર બિન મોહમ્મદથી નકલ કરે છે, તે યઅકુબ બિન યઝીદથી, તે સફવાન બિન યહ્યાથી, તે દાઉદ બિન હસીનથી, તે અમ્ર બિન ઓઝૈના, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

અય અલી! તમારૂ ઉદાહરણ મારી ઉમ્મતમાં મસીહા ઈસા (જનાબે મરયમ સ.અ.ના પુત્ર) જેવું છે. તેઓના લોકો ત્રણ સમુહમાં વહેચાય ગયા હતા: એક સમુહ મોઅમીનો હતા અને તેઓ અનુસરનારા હતા; બીજો સમુહ તેમના વિરૂધ્ધ હતો અને તેઓ યહુદીઓ હતા; ત્રીજો સમુહ તેમના દરજ્જા બાબતે ગુલુ કરતા (એમ માનતા કે તેઓ અલ્લાહના પુત્ર છે) તેથી તેઓ ઈમાનના દાયરાથી બહાર નીકળી ગયા.

તેવી જ રીતે મારી ઉમ્મત ત્રણ સમુહોમાં વહેચાય જશે: એક સમુહ તમારા શીઆઓ છે અને તેઓ મોઅમીનો છે; બીજો સમુહ તમારા દુશ્મનો છે અને તેઓ શંકામાં છે; ત્રીજો સમુહ એ હશે જે તમારા

દરજ્જા બાબતે ગુલુ કરશે (તમને અલ્લાહ કહેશે) અને તેઓ કાફીરો છે.

તેથી અય અલી! તમે, તમારા શીઆઓ અને જેઓ તમારા શીઆઓને ચાહે છે જન્નતમાં છે. તમારા દુશ્મનો અને જેઓ ગુલુ (તમને અલ્લાહ કહે છે) કરે છે જહન્નમમાં છે.[૬૦]

[60] બેહારૂલ અન્વાર ભ. ૨૫ પા. ૨૬૪ હ. ૪, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૬, મિસ્બાહુલ અન્વાર પા. ૨૩, યનાબીઉલ મવદ્દત પા. ૧૦૯

# ફઝીલત ૪૯: સૌથી પહેલા જન્નતમાં દાખલ થનાર

હારૂન બિન મુસા, જઅફર બિન અલી અલ દક્કાકથી નકલ કરે છે, તે હારીસ બિન મોહમ્મદથી, તે સઈદ બિન કસીરથી, તે મોહમ્મદ બિન હસનથી જે શલકાન તરીકે જાણીતા છે, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ જાબીર બિન અબ્દીલ્લાહ અન્સારીથી તેઓ કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને આમ ફરમાવતા સાંભળ્યા છે, 'અંબીયાઓ અને સાચાઓમાંથી જે સૌ પ્રથમ જન્નતમાં દાખલ થશે તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે.

પછી અબુ દુજાના ઉભા થયા અને પુછયું: શું તમે અમને એમ ન્હોતું ફરમાવ્યુ કે અલ્લાહે કહ્યું છે જ્યાં સુધી આપ (સ.અ.વ.) જન્નતમાં દાખલ ન થાવ ત્યાં સુધી બધા અંબીયા માટે જાએઝ નથી અને તે દરેક ઉમ્મત માટે જાએઝ નથી જ્યાં સુધી તમારી ઉમ્મત દાખલ ન થાય?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હા, પરંતુ તમે નથી જાણતા કે જેના હાથમાં પરચમ હોય છે તે દરેકની આગળ હોય છે? અને અલી (અ.સ.) કયામતના દિવસે પરચમ ઉઠાવનાર હશે જેઓ મારી

આગળ હશે. તેઓ મારા પરચમના માલિક છે તેથી તેઓ મારી પહેલા જન્નતમાં દાખલ થશે. તેઓ પરચમ સાથે દાખલ થશે અને હું તેમની બરોબર પાછળ હોઈશ.

પછી અલી (અ.સ.) ઉભા થયા, તેમના ચહેરા ઉપર ખુશી દેખાતી હતી, તેઓએ ફરમાવ્યું: યા રસુલુલ્લાહ! પરવરદિગાર માટે વખાણ છે જેણે અમોને તમારા થકી ઈઝઝત આપી.[૬૧]

---

[61] ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૭, અલ મોહતઝર પા. ૯૭, મિસ્બાહુલ અન્વાર પા. ૧૧૧, ગાયાતુલ મરામ પા. ૬૭૯ હ. ૯, તફસીરે ફુરાત અલ કુફી પા. ૧૭૫, બેહારૂલ અન્વાર ભ. ૭ પા. ૨૦૯ હ. ૧૦૦, અલ ફઝાએલ પા. ૩૧, શૈખ મુફીદની અલ ઈખ્તેસાસ પા. ૩૫૪, કશ્ફુલ ગુમ્માહ ભ. ૧ પા. ૩૨૧

## ફઝીલત ૫૦: જો બે બંદાઓ ન હોત તો હું હઝરત આદમ (અ.સ.)ને પૈદા ન કરત.

અબુ મોહમ્મદ હારૂન બિન મુસા અલ તલઅકબરી અબ્દુલ અઝીઝ બિન અબ્દીલ્લાહથી, તે જઅફર બિન મોહમ્મદથી, તે અબ્દુલ કરીમથી, તે કિમાર અલ અત્તારથી, તે અબુ કમારથી, તે અહમદ બિન મોહમ્મદ બિન અલ વલીદથી, તે રબઈ ઈબ્ને અલ જર્રાહથી, તે અઅમશથી, તે અબી વાએલથી, તે અબ્દુલ્લાહ બિન મસ્ઉદથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

જ્યારે અલ્લાહે આદમ (અ.સ.)ને પૈદા કર્યા અને પોતાની રૂહ તેમના શરીરમાં ફૂંકી, આદમ (અ.સ.)એ છીંક ખાધી અને કહ્યું: અલહમ્દોલ્લિાહ.

તેથી અલ્લાહે તેમના ઉપર એક વહી નાઝીલ કરી અને કહ્યું: તમે મારા વખાણ કર્યા, મારા બંદા. મારી ઈઝઝત અને જલાલતની કસમ! અગર બે બંદાઓ ન હોત તો હું તમને પૈદા ન કરત.

આદમ (અ.સ.)એ પુછયું: મારા પરવરદિગાર! શું તેઓ મારામાંથી છે?

અલ્લાહે કહ્યું: હા, અય આદમ (અ.સ.)! તમારૂં માથુ ઉંચુ કરો અને જુઓ.

આદમ (અ.સ.)એ માથુ ઉંચુ કર્યું અને જોયુ કે અલ્લાહના અર્શ ઉપર આ મુજબ લખેલુ હતું:

કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ: મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ છે, તેઓ રહમતના નબી છે અને અલી (અ.સ.) અલ્લાહની સ્પષ્ટ દલીલ છે. જેઓ અલી (અ.સ.)ના હક્કને જાણે છે તેઓ પાકો પાકીઝા છે અને જેઓ તેમના હક્કનો ઈન્કાર કરે છે તેઓ લઅનતી અને નિષ્ફળ છે.

મારી ઈઝઝતની કસમ! હું તેમની ઈતાઅત કરનારાઓને જન્નતમાં લઈ જઈશ ભલે પછી તેઓએ મારી નાફરમાની કરી હોય; અને મારી ઈઝઝતની કસમ! હું તેમની નાફરમાની કરનારાઓને જહન્નમમાં લઈ જઈશ ભલે પછી તેઓએ મારી ઈતાઅત કરી હોય.[૬૨]

---

[62] ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૭, ગાયાતુલ મરામ પા. ૭ હ. ૧૬, યનાબીઉલ મવદ્દત પા. ૧૧, મિસ્બાહુલ અન્વાર પા. ૯૪, તબરી તેમની બેશારતુલ મુસ્તફામાં પા. ૬૮, બેહારૂલ અન્વાર ભ. ૬૮ પા. ૧૩૦ હ. ૬૧, તાવીલલ આયાત પા. ૪૭ હ. ૨૨, અલ ફઝાએલ પા. ૧૫૨ હ. ૭૯, એહકાકુલ હક્ક ભ. ૪, પા. ૧૪૪, અરબઈન પા. ૨૭, દોરર બહર અલ મનાકીબ પા. ૧૨૦, અરજાહુલ મતાલેબ પા. ૨૯

## ફઝીલત ૫૧: જન્નતમાં હિસાબ વગર દાખલ થવા માટે એહલેબૈત (અ.મુ.સ.)ની સાથે મોહબ્બત કરવી જોઈએ

અબુ અબ્દીલ્લાહ હુસૈન બિન અહમદ બિન મોહમ્મદ બિન અલ અહવાલ, મોહમ્મદીયહથી નકલ કરે છે, તે હુસૈન બિન જઅફરથી, તે મોહમ્મદ બિન યઅકુબથી, તે મોહમ્મદ બિન ઈસાથી, તે નસ્ર બિન હમ્માદથી, તે શોઅબા બિન અલ હજ્જાજથી, તે અય્યુબ અલ સખતયાનીથી, તે નાફેઅથી તે ઉમરના ફરઝંદથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

તમારામાંથી જેઓને અલ્લાહ ઉપર ભરોસો કરવો હોય તેઓએ મારી ઈત્રતથી મોહબ્બત કરવી જોઈએ. તમારામાંથી જેઓ જહન્નમથી બચવા ચાહતા હોય તેઓએ મારી ઈત્રતથી મોહબ્બત કરવી જોઈએ. જેઓને હિકમત જોઈએ તેઓએ મારી ઈત્રતથી મોહબ્બત કરવી જોઈએ અને જેઓને હિસાબ વગર જન્નતમાં દાખલ થવું હોય તેઓએ મારી ઈત્રતથી મોહબ્બત કરવી જોઈએ.

હું કસમ ખાવ છું, જે કોઈપણ મારી ઈત્રતથી મોહબ્બત કરશે તે આ દુનિયા અને આખેરતમાં કામ્યાબ થશે.[૬૩]

---

63 બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૧૧૬ હ. ૯૨, ગાયતુલ મરામ પા. ૫૮૬ હ. ૮૩, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ.૧ પા. ૫૯, ફરાએદુસ્સીમતૈન ભ.૨ પા. ૨૯૪ હ. ૫૫૧, અલ એઅતેકાદ પા. ૨૯૬, યનાબીઉલ મવદ્દત પા. ૨૬૩.

## ફઝીલત ૫૨: કયામતના દિવસે હઝરત અલી (અ.સ.) 'ફિરદોસ' ઉપર બેઠશે

મોહમ્મદ બિન એમાદ અલ તુસ્તરી, મોહમ્મદ બિન અહમદ બિન ઈદરીસથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન અબ્દીલ્લાહ અલ અસ્બહાનીથી, તે તેમના પિતાથી, તે હાશીમથી, તે યુનુસ બિન ઉબૈદથી, તે હસન અલ બસરીથી, તે અબ્દુલ્લાહથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

કયામતના દિવસે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) 'ફીરદૌસ' (એક પહાડ જે જન્નત કરતા ઉંચુ છે) ઉપર બેઠશે. અલ્લાહનું અર્શ આ પહાડની ઉપર છે. જન્નતની નહેરો આ પહાડની બાજુઓથી નીકળે છે અને જન્નતના બગીચાઓમાં વહે છે.

અલી (અ.સ.) નૂરથી બનેલી ખુરશી ઉપર બેઠા હશે અને તસ્નીમની નહેર તેમની સામેથી પસાર થશે. કોઈને પણ પુલથી પસાર થવા દેવામાં નહિ આવે સિવાય કે તેની પાસે અલી (અ.સ.)ની વિલાયત તથા તેમની આલની વિલાયતનો પરવાનો હોય. આપ (અ.સ.)ની નઝર જન્નત ઉપર હશે જેથી ફકત આપના ચાહનારાઓ તેમાં દાખલ થઈ શકશે

**અને આપ (અ.સ.)ની નઝર જહન્નમ ઉપર હશે, જેથી ફકત આપના દુશ્મનો તેમાં દાખલ થશે.[૬૪]**

[64] બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૧૧૬ હ. ૯૩, ગાયતુલ મરામ પા. ૨૦૭ હ. ૧૨, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૩૧, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ.૧ પા. ૩૯, કશ્ફુલ ગુમ્માહ ભ. ૧ પા. ૧૦૩, ઈરશાદુલ કોલુબ પા. ૨૩૫, રાજેહ અલ મતાલીબ પા. ૫૫૦, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૨૯૨ હ. ૨૩૦, અલ મનાકીબ અલ મુર્તઝવીય્યહ પા. ૧૦૫, યનાબીઉલ મવદ્દત પા. ૮૬, મિસ્બાહુલ અન્વાર પા. ૬૦, મનાકીબે ઈબ્ને શહરે આશુબ ભ.૨ પા.૭, બેહારૂલ અન્વાર ભ. ૩૯ પા. ૨૦૨.

## ફઝીલત ૫૩: હઝરત અલી (અ.સ.) પયગમ્બર (સ.અ.વ.)નું એક અંગ છે

અબુ મોહમ્મદ હારૂન બિન મુસા, મોહમ્મદ બિન હુસૈન અલ ખસઅમીથી નકલ કરે છે, તે અલી બિન કાઅબ ઈમ્લાથી, તે હુસૈન બિન સાબિત અલ જમ્માલથી, તે તેમના પિતાથી, તે અઅમશથી, તે શાફીક બિન મુસલમાથી, તે હુઝૈફા બિન અલ યમાનથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.) ઉભા થયા અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના કપાળનો બોસો લીધો અને ફરમાવ્યું: અય અબુલ હસન! તમે મારા અંગોમાંથી એક અંગ છો; તમે ત્યાં જાવ છો જ્યાં હું જાવ છું; અને તમને જન્નતમાં શફાઅતનો દરજ્જો હાંસીલ છે. તમો અને તમારા શીઆઓ માટે આનંદ અને ખુશી છે.[૬૫]

---

65 ગાયતુલ મરામ પા. ૫૮૬ હ. ૮૪

## ફઝીલત ૫૪: જન્નતના દરવાજા ઉપર લખાણ

સહલ બિન અહમદ અલ દેબાજી, મોહમ્મદ બિન મોહમ્મદ બિન અશ્અશથી ઈજીપ્તમાં નકલ કરે છે, તે મુસા બિન ઈસ્માઈલથી, તે તેમના પિતા ઈસ્માઈલ બિન મુસાથી, તે તેમના પિતા મુસા બિન જઅફર (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા મોહમ્મદ બિન અલી (અ.સ.)થી, તેઓ તેમના પિતા અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હું જન્નતમાં દાખલ થયો અને મેં જોયુ કે તેના દરવાજા ઉપર નૂરથી આ મુજબ લખેલું છે:

કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ

મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ છે.

અલી (અ.સ.) અલ્લાહના વલી છે.

ફાતેમા (સ.અ.) અલ્લાહના ચૂંટેલા બંદા છે.

હસન અને હુસૈન (અ.મુ.સ.) અલ્લાહના પસંદીદા છે.

**અલ્લાહની રહેમત તેઓ ઉપર જેઓ તેમને ચાહે**

**અલ્લાહની લઅનત તેઓ ઉપર જેઓ તેમનાથી નફરત કરે.**[૬૬]

---

[66] ગાયતુલ મરામ પા. ૫૮૬ હ. ૮૨, મદીનતુલ મઆજીઝ પા. ૧૪૯ હ. ૪૧૫, કન્ઝુલ ઉમ્માલ પા. ૬૩, બેહારૂલ અન્વાર ભ. ૨૭ પા. ૨૨૮ હ. ૩૧, રવઝતુલ જન્નત ભ.૬ પા. ૧૮૧, શૈખે સદુકની અલ ખેસાલ ભ.૧ પા. ૩૨૩, હ. ૧૦, શૈખ તુસીની આમાલી ભ.૧ પા. ૩૬૫ હ. ૭૭, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૧૪, ફરાએદુસ્સીમતૈન ભ.૨ પા. ૭૩ હ. ૩૯૬, લેસાન અલ મિઝાન ભ.૫ પા. ૭૦, કેફાયતુલ તાલીબ પા. ૪૨૩, અલ સેરાતલ મુસ્તકીમ ભ.૨ પા. ૭૫ હ. ૪, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૯૪, અલ તરાએફ પા. ૬૪ હ. ૬૫, મિઝાનુલ એઅતેદાલ ભ.૨ પા. ૨૧૭, મિફતાહુલ નજાત પા. ૧૫, દોરર્રે બહર અલ મનાકીબ પા. ૩૧, ખ્વારઝમી તેમની મકતલે હુસૈન ભ.૧ પા. ૧૮

## ફઝીલત ૫૫: મુનાદી અર્શની અંદરથી નિદા આપશે આ સૌથી સાચા છે

મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન અબ્દીલ્લાહ અલ હાફેઝ, જઅફર બિન અલી અલ દક્કાકથી, તે અબ્દુલ્લાહ બિન મોહમ્મદ અલ કાતેબથી, તે સુલૈમાન બિન અલ રબઈથી, તે નસ્ર બિન મુઝાહીમથી, તે અલી બિન અબ્દીલ્લાહથી, તે અશ્અસથી, તે ઝુમરાથી, તે અબુઝરથી તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) તરફ નઝર કરી અને ફરમાવ્યું:

તેઓ આસમાન અને ઝમીનના તમામ પહેલાથી છેલ્લે સુધીના રહેવાસીઓમાં શ્રેષ્ઠ છે. તેઓ સાચાઓના સરદાર છે. તેઓ વસીઓની શોભા છે. તેઓ મુત્તકીઓના ઈમામ છે અને તેઓ મોઅમીનોના સરદાર છે.

કયામતના દિવસે અલી (અ.સ.) જન્નતના ઉંટો પૈકી એક ઉંટ ઉપર સવાર થશે અને ઉંટના નૂરથી સમગ્ર મૈદાન રોશન થશે કે જ્યાં ફેંસલો કરવામાં આવનાર છે.

કારણકે અલી (અ.સ.)એ નિલમ અને રત્નથી બનેલો તાજ પહેર્યો હશે તેથી ફરિશ્તાઓ કહેશે કે

અલી (અ.સ.) ઉચ્ચ દરજ્જાના ફરિશ્તા છે અને અંબીયાઓ કહેશે કે તેઓ નબી છે.

પછી મુનાદી અર્શની અંદરથી નીદા આપશે 'આ સૌથી સાચા છે, આ અલ્લાહના ચહીતા (નબી)ના વસી છે, આ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) છે.'

અલી (અ.સ.) જહન્નમની ટોચ ઉપર ઉભા રહેશે. જેને તેઓ નહિ ચાહતા હોય તે જહન્નમમાં જશે અને જેને તેઓ ચાહતા હતા તે બચી જશે.

પછી અલી (અ.સ.) જન્નતના દરવાજાઓ તરફ આવશે અને તેમના દોસ્તો અને શીઆઓ જે ફેંસલા વગર જે દરવાજેથી ચાહશે દાખલ થશે.[૬૭]

---

[67] ગાયતુલ મરામ પા. ૪૬ હ. ૫૬, બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૩૧૬ હ. ૮૧.

# ફઝીલત ૫૬: પયગમ્બર (સ.અ.વ.) ઉપર હઝરત અલી (અ.સ.) માટે અલ્લાહની વહી

અબુલ હસન મોહમ્મદ બિન જઅફર અલ નહવી, તેમના પિતાથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન હસન બિન અલી અલ કઝવીનીથી, તે અહમદ બિન દાઉદથી, તે મોહમ્મદ બિન સાલેહથી, તે અબ્બાસ બિન રબઈથી, તે ઈસ્મા બિન ઈસ્માઈલથી, તે અબુ મા'શરથી, તે અબુ હુરૈરાથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

મેઅરાજની રાત્રે, મેં અર્શની નીચેથી એક અવાજ સાંભળ્યોઃ 'અલી (અ.સ.) હિદાયતની નિશાની છે અને તેઓ મારા ચહીતા (નબી સ.અ.વ.)ના વસી છે, તેથી તેની જાહેરાત કરો.'

જ્યારે હું આસમાનોમાંથી નીચે આવ્યો, અલ્લાહે મને આ બનાવની યાદદહાની આ આયત નાઝીલ કરી અપાવી ''અય રસુલ! જે કાંઈ તમારા પરવરદિગાર તરફથી તમારી ઉપર ઉતારવામાં આવ્યું છે તે પહોંચાડી દો. અને જો તેમ ન કર્યું તો જાણે તમે તેનો કોઈ સંદેશો પહોંચાડયો જ નથી.''(૫:૬૭)[૬૮]

---

[68] ગાયતુલ મરામ પા. ૨૦૭ હ. ૧૩, મદીનતુલ મઆજીઝ પા. ૧૬૦ હ. ૪૦૫, મિસ્બાહુલ અન્વાર પા. ૪૯, શવાહેદુત તન્ઝીલ ભ.૧ પા. ૧૮૭ હ. ૨૪૨.

## ફઝીલત ૫૭: પયગમ્બર (સ.અ.વ.) પછી અગર કોઇ નબી હોત તો તે હઝરત અલી (અ.સ.) હોત

કાઝી મોઅફી બિન ઝકરીયા, મોહમ્મદ બિન મઝીદથી નકલ કરે છે, તે અબુ કરીબ મોહમ્મદ બિન અલાથી, તે ઈસ્માઈલ બિન સબીહથી, તે અબુ યુનુસથી, તે મોહમ્મદ બિન અલ મોનકદેરથી, તે જાબીર બિન અબ્દીલ્લાહ અલ અન્સારીથી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું:

શું તમે રાઝી નથી કે તમારો દરજ્જો મારી નઝદીક એવો જ છે જેવો હારૂન (અ.સ.)નો મુસા (અ.સ.)ની નઝદીક, સિવાય એ કે મારા પછી કોઈ નબી નથી? અને અગર હોતે તો તે તમો હોત.[૬૯]

---

[69] ગાયતુલ મરામ પા. ૧૧૯ હ. ૭૪, કન્ઝુલ ઉમ્માલ પા. ૨૮૨, બોગાયતુલ વુઅત પા. ૪૫૨, ખાતીબ તેમની તારીખુલ બગદાદમાં ભ.૩ પા. ૨૮૮, તારીખે દમીશ્ક ભ.૧ પા. ૩૪૬ હ.૪૨૭, શૈખ તુસીની આમાલી ભ.૨ પા. ૨૧૧ હ. ૧૫, બેહારૂલ અન્વાર ભ. ૩૭ પા. ૨૫૫ હ. ૫, ઈસ્બાતુલ હોદ્દાત ભ.૩ પા. ૪૫૨ હ. ૪૬૪, અરબઈન પા. ૩૯, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૧૨૩ હ. ૮૬, ઝય્લ અલ અયાલી પા. ૫૯, લેસાનુલ મિઝાન ભ.૫ હ. ૩૭૮, તરાએફ પા. ૫૧, અરજાહુલ મતાલેબ પા. ૪૩૧, એહકાકુલ હક્ક ભ.૧૬ પા. ૮૬, ખ્વારઝમી તેમની મકતલે હુસૈન ભ.૧ પા. ૪૮.

## ફઝીલત ૫૮: ઈમામ (અ.મુ.સ.) અલ્લાહની સ્પષ્ટ નિશાની છે

અબુ મોહમ્મદ હસન બિન અલી બિન અબ્દીલ્લાહ અલ અલવી અલ તબરી, અહમદ બિન મોહમ્મદ બિન અબ્દીલ્લાહથી નકલ કરે છે, તે તેમના દાદા અહમદ બિન મોહમ્મદથી, તે તેમના પિતાથી, તે હમ્માદ બિન ઈસાથી, તે અમ્ર બિન ઓઝૈનાથી, તે અબાન બિન અબી અય્યાશથી, તે સુલૈમ બિન કૈસ અલ હિલાલીથી, તે સલમાન અલ મોહમ્મદીથી, તે કહે છે:

હું રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે ગયો અને હુસૈન (અ.સ.)ને તેમની ગોદીમાં જોયા. રસુલુલ્લાહ(સ.અ.વ.) હુસૈન (અ.સ.)ના કપાળને પોતાના હોઠોથી બોસો આપી રહ્યા હતા અને ફરમાવી રહ્યા હતા:

તમે સરદાર છો, સરદારના ફરઝંદ છો અને સરદારોના પિતા છો. તમે ઈમામ છો, ઈમામના ફરઝંદ છો અને ઈમામોના પિતા છો. તમે અલ્લાહની સ્પષ્ટ નિશાની છો, અલ્લાહની સ્પષ્ટ નિશાનીના ફરઝંદ છો અને અલ્લાહની નવ સ્પષ્ટ નિશાનીઓના પિતા છો, અને તેમાંથી નવમાં કાએમ (અ.ત.ફ.શ.) છે.[૭૦]

---

[70] ગાયતુલ મરામ પા. ૪૬ હ. ૫૯, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ.૧ પા. ૧૪૬, હિલ્યતુલ અબરાર ભ.૨ પા. ૭૨૦ હ. ૧૨૮, અર તરાએફ પા. ૧૭૪ હ. ૨૭૨, અલ

## ફઝીલત ૫૯: હઝરત પયગમ્બર (સ.અ.વ.)ના બીલા ફસ્લ ખલીફા

અબુલ કાસીમ ઉબૈદુલ્લાહ બિન હસન બિન મોહમ્મદ અલ સુકુની, હસન બિન મોહમ્મદ અલ બજેલ્લીથી, તે અહમદ બિન યહ્યા બિન હુસૈન બિન ઝૈદ બિન અલીથી, તે તેમના પિતાથી, તે તેમના દાદા હુસૈન બિન ઝૈદથી, તે કહે છે:

ઈમામ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)એ ફરમાવ્યું: મારા પિતાએ મને તેમના પિતાથી, તેઓએ ઈમામ હુસૈન બિન અલી (અ.સ.)થી, તેઓએ તેમના પિતા અમીરૂલ મોઅમેનીન (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

અલ્લાહની લઅનત છે તેના ઉપર જે નથી કહેતા કે હું ચાર ખલીફાઓ પૈકી ચોથો છું.

તેથી હુસૈન બિન ઝૈદએ ઈમામ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)ને કહ્યું: પરંતુ તમો કહો છો કે

---

સેરાત અલ મુસ્તકીમ ભ.૨ પા. ૧૧૯, અલ ઈમામા વલ તબસેરાહ પા. ૧૧૦, ઈકમાલુદ્દીન ભ.૧ પા. ૨૭૨ હ.૯, ઓયુને અખ્બારે રેઝા ભ.૧ પા. ૫૨ હ. ૧૭, અલ ખેસાલ પા. ૪૭૫ હ. ૩૮, બેહારૂલ અન્વાર ભ. ૩૬ પા. ૨૪૧ હ. ૪૭, કેફાયતુલ અસર પા. ૪૫, મવદ્દત અલ કુરબા પા. ૯૫, અલ મનાકીબ અલ મુરતઝવીય્યહ પા. ૧૨૯, યનાબીઉલ મવદ્દત પા. ૧૬૮, અરજાહુલ મતાલેબ પા. ૪૪૮, એહકાકુલ હક્ક ભ.૧૩ પા. ૭૧, કશ્ફુલ ગુમ્માહ ભ.૩ પા. ૨૯૮, અલ ઈન્સાફ પા. ૧૬૪ હ. ૧૭૨

તેઓ નબી (સ.અ.વ.)ના પહેલા ખલીફા છે અને તમો જૂઠુ બોલતા નથી.

ઈમામ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)એ ફરમાવ્યું:

હા, અલ્લાહ કુરઆનમાં ફરમાવે છેઃ જ્યારે તમારા પરવરદિગારે ફરિશ્તાઓને કહ્યું કે ઝમીન ઉપર હું એક પ્રતિનિધિ નિમનાર છું. (૨:૩૦). તેથી આદમ (અ.સ.) પહેલા ખલીફા હતા. અને અલ્લાહ કુરઆનમાં ફરમાવે છેઃ અય દાઉદ! બેશક અમોએ તમને આ ઝમીનમાં પ્રતિનિધિ નિમ્યા છે. (૩૮:૨૬). તેથી દાઉદ (અ.સ.) બીજા ખલીફા હતા. અને અલ્લાહ કુરઆનમાં ફરમાવે છેઃ મુસા (અ.સ.)એ હારૂન (અ.સ.)ને કહ્યું, તમે લોકોમાં મારા ખલીફા બનો અને સુધારણા કરો. તેથી હારૂન (અ.સ.) ત્રીજા ખલીફા થયા. અને અલી (અ.સ.) મોહમ્મદ (સ.અ.વ.)ના ખલીફા છે. જેથી અલી (અ.સ.)એ કહ્યું કે અલ્લાહની લઅનત થાય તેના ઉપર જે એમ ન કહે કે તેઓ ચારેય ખલીફામાંથી ચોથા ખલીફા છે.[૭૧]

---

[71] ગાયતુલ મરામ પા. ૬૯ હ. ૧૯, અલ બુરહાન ભ.૧ પા. ૭૫ હ. ૧૩, મદીનતુલ મઆજીઝ પા. ૧૬૦, મનાકેબ ઈબ્ને શહરે આશુબ ભ.૨ પા. ૨૬૧, બેહારૂલ અન્વાર ભ.૩૮ પા. ૧૫૩ હ. ૧૨૭.

# ફઝીલત ૬૦: પંજેતન (અ.મુ.સ.)નો દરજ્જો

અબુ હફસ ઉમર બિન ઈબ્રાહીમ બિન અહમદ બિન કસીર અલ મકર્રી, અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન અબ્દીલ અઝીઝ અલ બગાવીથી, તે અબ્દુલ્લાહ બિન ઉમરથી, તે અબ્દુલ માલિક બિન ઉમૈરથી, તે સલીમ અલ બઝાઝથી, તે અબુ હુરૈરાથી, તે કહે છે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.), ફાતેમા (સ.અ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) મારી ઉમ્મતમાં મારા પછી શ્રેષ્ઠ છે. જે કોઈ તેમની વિરૂધ્ધ કંઈપણ બોલે તેના ઉપરઅલ્લાહની લઅનત છે.**[૭૨]

---

72 ગાયતુલ મરામ પા. ૪૫૦ હ. ૧૬, કન્ઝુલ ઉમ્માલ પા. ૬૩, બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૨૨૮ હ. ૩૧, રવઝતુલ જન્નત ભ.૬ હ. ૧૮૧.

# ફઝીલત ૬૧: જનાબે ફાતેમા (સ.અ.)ની મોહબ્બત ૧૦૦ જગ્યાએ કામ આવશે

અબુલ તૈયબ મોહમ્મદ બિન હુસૈન અલ તૈમલી, અલી બિન અબ્બાસથી નકલ કરે છે, તે બક્કર બિન અહમદથી, તે નસ્ર બિન મુઝાહીમથી, તે ઝિયાદ બિન મુન્ઝીરથી, તે મુન્ઝીરથી, તે સલમાને ફારસીથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય સલમાન! જે કોઈ મારી દુખ્તર જનાબે ફાતેમા (સ.અ.) સાથે મોહબ્બત કરે તે મારી સાથે જન્નતમાં હશે અને જે કોઈ તેમનાથી નફરત કરે તે જહન્નમમાં હશે.

અય સલમાન! જનાબે ફાતેમા (સ.અ.)ની મોહબ્બત ૧૦૦ મુશ્કીલ જગ્યાઓ ઉપર કામ લાગશે. તેમાંથી સૌથી નાની મુશ્કેલી મૌતના સમયે, કબ્રમાં, મિઝાન ઉપર, કયામતમાં જ્યારે લોકોને ભેગા કરવામાં આવશે, પુલે સેરાત ઉપર, આમાલનામુ દેખાડતી વખતે, હિસાબ વખતે.

હું તેનાથી રાઝી છું જેમનાથી જનાબે ફાતેમા (સ.અ.) રાઝી છે અને અલ્લાહ તેઓથી રાઝી છે જેઓથી હું રાઝી છું.

હું તેઓથી નારાજ છું જેમનાથી જનાબે ફાતેમા (સ.અ.) નારાજ છે અને અલ્લાહ તેઓથી નારાજ છે જેઓથી હું નારાજ છું.

વાય થાય તેઓ ઉપર જેઓ તેમના તથા તેમના શોહર અમીરૂલ મોઅમેનીન (અ.સ.) ઉપર ઝુલ્મ કર્યો.

તેઓ ઉપર લઅનત થાય જેઓ તેમના શીઆઓ તથા તેમની આલ ઉપર ઝુલ્મ કર્યો.[૭૩]

---

[73] બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૧૬ હ. ૯૪, ગાયતુલ મરામ પા. ૧૮ હ. ૧૭, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ.૧ પા. ૫૯, યનાબીઉલ મવદ્દત પા. ૨૬૩, મવદ્દતુલ કુરબા પા. ૧૧૬, એહકાકુલ હક્ક ભ.૧૦ પા. ૧૬૬

## ફઝીલત ૬૨: અલ્લાહનો તોહફો અને સફરજન ઉપર લખાણ

અબુલ હસન અહમદ બિન અલ હસન અલ ઝહક અલ રાઝી, હમઝા બિન અબ્દીલ્લાહ અલ માલેકીથી નકલ કરે છે, તે અબ્દુલ્લાહ બિન મોહમ્મદ રસમોવૈહથી, તે ઈબ્ને હરમાથી, તે અનસ બિન માલિકથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ મને તેમનું ખચ્ચર તૈયાર કરવા કહ્યું તેથી મેં તૈયાર કરી. પછી રસુલુલ્લાહ (સ.અ.વ.) તેના ઉપર સવાર થયા અને હું તેઓની પાછળ ચાલવા લાગ્યો. જ્યારે અમે અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ના ઘરે પહોંચ્યા તો રસુલુલ્લાહ (સ.અ.વ.)એ મને અલી (અ.સ.)ના ખચ્ચરને તૈયાર કરવા કહ્યું, તેથી મેં કર્યું. રસુલુલ્લાહ (સ.અ.વ.)અને અલી (અ.સ.) બન્ને સાથે સવારી કરવા લાગ્યા અને હું તેઓને અનુસર્યો ત્યાં સુધી કે તેઓ એક લીલી અને ખુબસુરત ઝમીન ઉપર પહોંચ્યા. પછી એક સફેદ વાદળ તેઓને છાયો કરવા લાગ્યું. તેથી હું તેઓની નઝદીક ગયો અને એક ઉંચો અવાજ સાંભળ્યોઃ

અસ્સલામો અલયકુમ વ રહમતુલ્લાહે વ બરકાતોહ.

તેઓએ સલામનો જવાબ આપ્યો. પછી જીબ્રઈલ તશ્રીફ લાવ્યા અને પછી હું તેઓને જોઈ શકતો ન હતો. જ્યારે જીબ્રઈલ ચાલ્યા ગયા, મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને જોયા કે તેઓ અલી (અ.સ.)ને બોલાવે છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને એક સફરજન આપ્યું જેના ઉપર આ વાકય લખેલું હતું: આ અલ્લાહ અઝઝ વ જલ્લ તરફથી તેના વલી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને એક તોહફો છે.[૭૪]

---

[74] મદીનતુલ મઆજીઝ પા. ૬૧ હ. ૧૩૨

## ફઝીલત ૬૩: હઝરત અલી (અ.સ.)નો ઈન્કાર કરે તે કાફીર

અબુ અબ્દિલ્લાહ અહમદ બિન મોહમ્મદ બિન અલ હસન બિન અય્યુબ, અલ હાફેઝ અબુ અલી અહમદ બિન મોહમ્મદ બિન જઅફર અલ સૌલીથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન હુસૈનથી, તે હફસ બિન ઉમરથી, તે અબુ મોઆવીયાથી, તે અબુ વાએલથી, તે હ. ઉમરના પુત્ર અબ્દુલ્લાહથી, તે કહે છે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:**

**જીબ્રઈલે મને કહ્યું છે કે અલી (અ.સ.) શ્રેષ્ઠ ઈન્સાન છે. જે કોઈ આનો ઈન્કાર કરે તેઓ કાફીરો છે.[૭૫]**

---

75 બેહારૂલ અન્વાર ભ. ૨૬ પા. ૩૬૬ હ. ૬૬, ગાયાતુલ મરામ પા. ૪૫૦ હ. ૧૫, આમાલીએ સદુક પા. ૭૧ હ. ૭, ઓયુને અખ્બારે રેઝા ભ.૨ પ. ૫૯ હ. ૨૨૫, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૧૫૪ હ. ૧૧૬, તારીખુલ બગ્દાદ ભ.૩ પા. ૧૯૨, તહઝીબુલ તહઝીબ ભ.૯ પા. ૪૧૯, કન્ઝુલ ઉમ્માલ ભ.૧૨ પા. ૨૨૧ હ. ૧૨૮૬, કેફાયતુલ તાલીબ હ. ૨૪૫, મિફતાહુલ નજાત પા. ૪૯, ઈસ્બાતુલ હોદાત ભ.૩ પા. ૬૩૪ હ. ૮૬૭, આમાલીએ સદુક પા. ૭૧ હ. ૬, આમાલીએ તુસી પા. ૨૧૩, નવાદીર અલ અસર ફી અલી ખય્રીલ બશર પા. ૨૩-૪૨, તારીખુલ બગદાદ ભ.૭ પા. ૪૨૧, અલ મુન્તખબ ભ.૫ પા. ૩૫, અલ ફઝાએલ એહમદ બિન હમ્બલ પા. ૪૬ હ. ૭૨, સેરાતુલ મુસ્તકીમ ભ.૨ પા. ૭૦, તજહીઝ અલ જય્શ પા. ૩૦૮, લેસાનુલ મિઝાન ભ.૩ પા. ૧૬૬, મિસ્બાહુલ અન્વાર પા. ૧૩૮, અલ રિયાઝુન્નઝરાહ ભ.૨ પા. ૨૨૦.

## ફઝીલત ૬૪: સૌથી પહેલા જન્નતી

હસન બિન અહમદ બિન સોખ્તવય્હ અલ મુજાવેર, મોહમ્મદ બિન અહમદ અલ બગદાદીથી નકલ કરે છે, તે ઈસા બિન મેહરાનથી, તે યહ્યા બિન અબ્દીલ હમીદ અલ હમાનીથી, તે કૈસ બિન રબીઅથી, તે આઅમશથી, તે અબી વાએલથી, તે અબ્દુલ્લાહ બિન મસ્ઉદથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

જન્નતના પહેલા રહેવાસીઓમાંથી જે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ભાઈ તરીકે લેશે તે ઈસ્રાફીલ છે, તેમના પછી મીકાઈલ, તેમના પછી જીબ્રઈલ. સૌ પ્રથમ તેમને મોહબ્બત કરનાર અર્શના ઉપાડનારાઓ છે પછી રિઝવાન, જન્નતના રખેવાળ પછી મલેકુલ મૌત.

મૌતનો ફરિશ્તો જે રીતે અંબીયા (અ.મુ.સ.) પ્રત્યે નરમ હોય છે તેવીજ રીતે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી મોહબ્બત કરનારાઓ માટે નરમ હોય છે.[૭૬]

---

[76] ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૩૧, ખ્વારઝમી તેમની મકતલમાં ભ.૧ પા. ૩૦, મનાકીબે શહરે આશુબ ભ. ૨ પા. ૩૨, યનાબીઉલ મવદ્દત પા. ૧૩૩, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૦૩, ગાયાતુલ મરામ પા. ૫૮૦ હ. ૨૬, મિસ્બાહુલ અન્વાર પા. ૬૧, બેહારૂલ અન્વાર ભ.૩૮ પા. ૩૩૫ હ. ૧૦, એહકાકુલ હક્ક ભ. ૬ પા. ૧૧૧.

## ફઝીલત ૬૫: મેઅરાજની રાત્રે જન્નતમાં પયગમ્બર (સ.અ.વ.)એ એક નૂર જોયું

તલ્હા બિન અહમદ બિન મોહમ્મદ બિન ઝકરીયા અલ નેશાબુરી સનાહ બિન અબ્દીલ રહમાન બિન અલી બિન અબ્દીલ્લાહ બિન અબ્દીલ હમીદથી, તે હાશીમ બિન બશીરથી, તે શોઅબા બિન અલ હજાજથી, તે અલી બિન સાબિતથી, તે અબી સઈદ અલ ખુદરીથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા કે મેઅરાજની રાત્રે, તેઓ જન્નતમાં દાખલ થયા અને એક નૂર જોયું જે પ્રકાશિત હતું. તેથી આપ (સ.અ.વ.)એ જીબ્રઈલને તેના બારામાં પુછયું.

જીબ્રઈલે કહ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! આ નૂર ન તો સૂરજનું છે અને ન તો ચાંદનું. આ નૂર હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની એક કનીઝનું છે. તેણી તેના મહેલમાંથી બહાર આવી અને તમારા તરફ જોયું અને મુસ્કુરાણી. જે નૂર તમે જોઈ રહ્યા છો તે તેણીના દાંતનું છે અને તેણી જન્નતમાં ફર્યા કરશે જ્યા સુધી અમીરૂલ મોઅમેનીન હઝરત

**અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) જન્નતમાં દાખલ ન થાય.[૭૭]**

---

77 ગાયાતુલ મરામ પા.૧૮ હ. ૧૮, અલ યકીન પા.૬૧, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૭ અને મકતલમાં પા. ૩૯, કેફાયતુલ તાલેબ પા. ૩૨૧, ઈસ્બાતુલ હોદ્દાત ભ.૪ પા. ૬૪ હ. ૪૮૨, અલ મોહતઝર પા. ૯૯

## ફઝીલત ૬૬: હઝરત અલી (અ.સ.) શ્રેષ્ઠ ઈન્સાન, આમાં શક કરનાર કાફીર

અબુ અબ્દીલ્લાહ હુસૈન બિન મોહમ્મદ બિન ઈસ્હાક બિન અબી ખત્તાબ અલ સુયુતિ, ઈસ્માઈલ બિન અલી અલ દેબલીથી નકલ કરે છે, તે તેમના પિતાથી, તે અલી બિન મુસા રેઝા (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું: અય અલી! તમે શ્રેષ્ઠ ઈન્સાન છો. જે કોઈ શક કરે તેઓ કાફીરો છે.**[૭૮]

---

[78] બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૩૦૬ હ. ૬૭, ગાયાતુલ મરામ પા. ૪૫૦ હ. ૧૭

## ફઝીલત ૬૭: અગર સબ્ર ઈન્સાનની શકલમાં હોત તો તે હઝરત અલી (અ.સ.) હોત

અલ શરીફ અલ નકીબ અબુ મોહમ્મદ અલ હસન બિન મોહમ્મદ અલ અલવી અલ હુસૈની મોહમ્મદ બિન ઝકરીયાથી નકલ કરે છે, તે અબ્બાસ બિન બક્કરથી, તે અબુ બકર હૌઝલીથી, તે ઈકરામાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અબ્દુલ રહમાન બિન ઔફને ફરમાવ્યું:

અય અબ્દુલ રહમાન! તમે લોકો મારા સહાબીઓ છો પરંતુ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મારામાંથી છે અને હું તેમનામાંથી છું. તેથી જે કોઈ તેમની સરખામણી બીજા સાથે કરશે તેઓએ મારા સાથે અન્યાય કર્યો. જેઓએ મારી સાથે અન્યાય કર્યો, તેણે મને ઈજા આપી. જેણે મને ઈજા આપી તેના ઉપર અલ્લાહની લઅનત છે.

અય અબ્દુલ રહમાન! અલ્લાહે તેની કિતાબ મારા ઉપર નાઝીલ કરી અને મને હુકમ આપ્યો કે તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) સિવાય તમામ લોકોને શીખવાડુ, કારણકે તેમને શીખવવાની જરૂરત નથી. અલ્લાહે અલી (અ.સ.)ની વાત મારા

જેવી બનાવી છે અને અલી (અ.સ.)ના ઈલ્મને મારા જેવું બનાવ્યું.

અગર સબ્ર ઈન્સાન હોત તો તે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) હોત અને અગર ઉચ્ચ અખ્લાક ઈન્સાન હોત તો તે હસન (અ.સ.) હોત, અગર હયા ઈન્સાન હોત તો તે હુસૈન (અ.સ.) હોત અને અગર દરેક સારી વસ્તુ ઈન્સાન હોત તો તે જનાબે ફાતેમા (સ.અ.) હોત અને આપ (સ.અ.) તેની કરતા પણ બહેતર છે.

મારી દુખ્તર જનાબે ફાતેમા (સ.અ.) ઝમીન ઉપર દરેક રહેવાસીઓ કરતા શ્રેષ્ઠ છે, એવીજ રીતે જેવી રીતે તેમનું માન અને તેમની ઉદારતા શ્રેષ્ઠ છે.[૭૯]

---

[79] ગાયાતુલ મરામ પા.૫૧૨ હ. ૨૦, ખ્વારઝમી તેમની મકતલમાં ભ.૧ પા. ૬૦, ફરાએદુસ્સીમતૈન ભ.૨ પા. ૬૮ હ. ૩૯૨

## ફઝીલત ૬૮: હઝરત અલી (અ.સ.)નો ઝિક્ર ઈબાદત છે

કાઝી મોઅફી બિન ઝકરીયા, ઈબ્રાહીમ બિન ફઝલથી નકલ કરે છે, તે ફઝલ બિન યુસુફથી, તે હસન બિન સાબીરથી, તે વાકેઈથી, તે હિશામ બિન ઉરવાહથી, તે તેમના પિતાથી, તે આયેશાથી, તેણી કહે છે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)નો ઝીક્ર અલ્લાહની ઈબાદત છે.**[૮૦]

---

[80] ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૬૧, તારીખે દમિશ્ક ભ.૨ પા. ૪૨૪, મોગાઝેલીની અલ મનાકીબ પા.૨૦૬ હ. ૨૪૩, અલ ફીરદૌસ પા. ૧૧૦, મનાકીબે ઈબ્ને શહરે આશુબ ભ.૩ પા.૬, કન્ઝુલ ઉમ્માલ ભ.૧૨ પા. ૨૦૧, અલ મુન્તખબ ભ.૫ પા. ૩૦, યનાબીઉલ મવદ્દત પા. ૨૩૭ હ. ૨૬૧, બેહારૂલ અન્વાર ભ.૩૮ પા. ૧૯૯, કોનુઝુલ હકાએક પા. ૭૮, યનાબીઉલ મવદ્દત પા. ૧૮૦, અલ બેદાયા અલ નેહાયા ભ.૭ પા. ૩૫૭, અલ જામેઉલ સગીર ભ.૧ પા. ૫૮૩, અલ ફત્હુલ કબીર ભ. ૨ પા. ૧૨૦, મવદ્દતુલ કુરબા ભ.૭ પા. ૧૧૧.

# ફઝીલત ૬૯: તુબા જન્નતનું વૃક્ષ છે

અબુલ કાસીમ જઅફર બિન મસરૂર અલ લહહમ, હુસૈન બિન મોહમ્મદથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન મોહમ્મદથી, તે બીલાલથી, તે ઈબ્રાહીમ બિન સાલેહ અલ અનમતીથી, તે અબ્દુલ સમદથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)ને આ આયત સમજાવવા કહ્યું: ‘‘જે લોકો ઈમાન લાવ્યા તથા નેકીઓ કરી તેમનાજ માટે તુબા અને પાછા ફરવાની ખુબસુરત જગ્યા છે.’’ (૧૩:૨૯)

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ સમજાવ્યું કે આ આયત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.)ના બારામાં છે અને તુબા જન્નતનું એક વૃક્ષ છે.[૮૧]

જન્નતના દરેક ઘરોમાં આ વૃક્ષમાંથી એક ફળદાર ડાળી છે.[૮૨]

---

81 ફિરદૌસની વધુ જાણકારી માટે ફઝીલત નં. ૫૨ જુઓ.

82 અલ યકીન પા. ૬૨, ગાયાતુલ મરામ પા. ૧૯ હ. ૧૯, બેહારૂલ અન્વાર ભ.૩૯ પા. ૨૩૫ હ. ૨૦, મનાકીબ ઈબ્ને શહરે આશુબ ભ.૩ પા. ૩૨, મજમઉલ બયાન ભ.૬ પા. ૨૯૧, અલ તરાએફ પા. ૧૦૦ હ. ૧૪૭, અલ ઉમદાહ પા. ૧૮૩, શવાહેદુત્તન્ઝીલ ભ.૧ પા. ૩૦૪ હ. ૪૧૭, મનાકીબે મોગાઝલી પા. ૨૬૮ હ. ૩૧૫, દુર્રૂલ મન્સુર ભ.૪ પા. ૫૯.

## ફઝીલત ૭૦: હઝરત અલી (અ.સ.) સાથે જંગ કરનાર કાફીર

અબુલ કાસીમ અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન ઈસ્હાક બિન સુલૈમાન બિન હનાનહ અલ બઝાઝ અલ બગવી, અબ્દુલ્લાહ બિન મોહમ્મદથી નકલ કરે છે, તે હસન બિન અરફાથી, તે ઝજ બિન હારૂનથી, તે જમીલ બિન અલ તવીલથી, તે અનસથી, તે આયેશાથી, તેણી કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે અલી (અ.સ.) શ્રેષ્ઠ ઈન્સાન છે. જે કોઈ આનો ઈન્કાર કરે તેઓ કાફીરો છે.

તેથી લોકોએ તેણીને પુછયું: તો પછી શા માટે તમે તેમની સામે જંગ કરી?

આયેશાએ કહ્યું: મેં મારી મરઝીથી આમ ન્હોતું કર્યું. તલ્હા અને ઝુબૈરે મને જંગ માટે પ્રેરી.[૮૩]

---

[83] બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૩૦૬ હ. ૬૮, અલ મોહતઝર પા. ૫૫૧.

# ફઝીલત ૭૧: આખેરતના ભાતા માટે શ્રેષ્ઠ હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત

આલીમ અબુબકર મોહમ્મદ બિન અબ્દિલ્લાહ બિન હમદુન બિન અલ ફઝલ, કાઝી અબ્દુલ રહમાન બિન હસનથી નકલ કરે છે, તે ઈબ્રાહીમ બિન હુસૈનથી, તે શાહ અબ્દુલ્લાહ બિન સલમા અલ સગીરથી, તે શોઅબા બિન અલ હજાજથી, તે અબુ રજા અલ અત્તારથી, તે સમરાહથી, તે કહે છે:

દરેક સવારે રસુલુલ્લાહ (સ.અ.વ.) પોતાના સહાબીઓ પાસે આવીને પુછતાઃ શું કોઈને કોઈ સ્વપ્ન આવ્યું હતું?

એક સવારે રસુલુલ્લાહ (સ.અ.વ.) આવ્યા અને ફરમાવ્યું:

મેં સ્વપ્નમાં મારા કાકા જનાબે હમઝાને અને મારા સબંધી જઅફરને જોયા. તેઓ બેઠા હતા અને પોતાની સામે અંજીરથી ભરેલી ડીશમાંથી ખાતા હતા. અંજીર ખજુરમાં બદલાઈ ગઈ અને તેઓ ખાતા રહ્યા. ત્યારે મેં તેઓને પુછયું કે તેઓએ આખેરતની તૈયારી માટે કઈ વસ્તુ શ્રેષ્ઠ પામી. તેઓએ કહ્યું: નમાઝ, હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી મોહબ્બત કરવી અને છુપી રીતે સદકો દેવો.[૮૪]

---

[84] બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૧૭ હ. ૯૫, મદીનતુલ મઆજીઝ પા. ૧૭૨ હ. ૪૭૬

## ફઝીલત ૭૨: મારી વફાત પછી હઝરત અલી (અ.સ.) મારા સ્થાને - હઝરત રસૂલેખુદા સ.અ.વ.

અબુલ ફરજ મોહમ્મદ બિન અલ મુઝફફર બિન કૈસ અલ મકર્રી, હસન બિન મોહમ્મદ બિન સઈદથી નકલ કરે છે, તે અલી બિન મોહમ્મદ બિન મુખલીદથી, તે જઅફર બિન હિફઝથી, તે મોહમ્મદ બિન ઈસ્માઈલથી, તે ઝૈદ બિન ઐદથી, તે સફવાન બિન સલમાનથી, તે સલમાન બિન યસારથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મારી માટે મારી ચામડી સમાન છે, તેઓ મારા ગોશ્ત સમાન છે, તેઓ મારા હાડકા સમાન છે, તેઓ મારા ખૂન સમાન છે જે મારી રગોમાં દોડે છે. હઝરત અલી (અ.સ.) મારા ભાઈ, મારા વસી, મારા ખલીફા, મારા કર્ઝોને અદા કરનાર છે અને તે મારા વાયદાઓને પૂરા કરનાર છે,[૮૫] આ દુનિયામાં જ્યારે હું વફાત પામું ત્યારે અલી (અ.સ.) મારા સ્થાને છે.[૮૬]

---

85 જે લોકોએ પોતાની કિંમતી વસ્તુઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)ને અમાનતમાં આપી.

86 ગાયાતુલ મરામ પા. ૬૯ હ. ૨૦

# ફઝીલત ૭૩: ખજુરના વૃક્ષે ગવાહી આપી

અબુલ ફરજ મોહમ્મદ બિન મુઝફફર બિન સઈદ અલ દક્કાક, અહમદ બિન મોહમ્મદથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન મન્સુરથી, તે ઉસ્માન બિન અબી શેબાથી, તે જુરૈરથી, તે મોહમ્મદ બિન યસારથી, તે ફઝલ બિન હારૂનથી, તે અબી હારૂન અલ અબ્દીથી, તે અબી બકર અબ્દુલ્લાહ બિન ઉસ્માનથી, તે કહે છે:

અમો રસુલુલ્લાહ (સ.અ.વ.) સાથે આમેર બિન સાઅદના બગીચામાં હતા. જેમ જેમ અમે બગીચામાં ચાલી રહ્યા હતા અમોએ એક ખજૂરના વૃક્ષને બીજા ખજૂરના વૃક્ષને કંઈ કહેતા સાંભળ્યું:

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પુછયું: શું તમે જાણો છો આ ખજૂરના વૃક્ષએ શું કહ્યું?

અમોએ કહ્યું: અલ્લાહ અને તેના રસુલ બહેતર જાણે છે.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: આ ખજૂરના વૃક્ષે અવાજ આપી ‘આ મોહમ્મદ (સ.અ.વ.) અલ્લાહના રસુલ છે અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) તેમના વસી છે.

તેથી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તે વૃક્ષનું નામ ‘અલ નખલહ અલ સયહાની’ (અવાજ આપતું ખજૂરનું ઝાડ) રાખ્યું.[૮૭]

---

87 મદીનતુલ મઆજીઝ પા. ૬૫ હ. ૧૫૨, સકીબ અલ મનાકીબ પા. ૩૪ હ. ૧૭, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૧, સેરાતુલ મુસ્તકીમ ભ.૨ પા. ૩૩, ઈસ્બાતુલ હોદ્દાત ભ.૫ પા. ૬૪ હ. ૪૩૯, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૧૩૭, યનાબીઉલ મવદ્દત પા. ૧૩૬, ગાયાતુલ મરામ પા. ૧૫૭ હ. ૨૬, અલ ખરાએજ વલ જરાએહ પા. ૪૭૮, બેહારૂલ અન્વાર ભ. ૧૭ પા. ૩૬૫ હ. ૧૭, મનાકીબ ઈબ્ને શહરે આશુબ ભ.૨ પા. ૧૫૩, શાથાન બિન જીબ્રઈની અલ ફઝાએલ પા. ૧૪૬ હ. ૧૧૩, મિઝાનુલ એઅતેદાલ (સલબી) પા. ૭૯, લેસાનુલ મીઝાન ભ.૧ પા. ૩૧૭, સેરાતુઝ ઝહબીય્યા ભ.૨ પા. ૨૫૬, દોરર બહર અલ મનાકીબ પા. ૧૦૫, ખોલાસતુલ વફા પા. ૩૯, મિફતાહુલ નજાત, અરબઈન, અરજાહ અલ મતાલીબ પા. ૩૬, નજમ દોરર અલ સીમતૈન પા. ૧૨૪, એહકાકુલ હક્ક ભ.૪ પા. ૧૧૨.

# ફઝીલત ૭૪: એહલેબૈત (અ.મુ.સ.)ની ૧૯ ફઝીલત

અબુલ હસન અલી બિન મોહમ્મદ અલ મુકતીબ અલ લુગવી અલ રઝી, હસન બિન અલી અલ વફાવી, તે અબ્બાસ બિન બક્કર અલ ઝુબ્બીથી, તે અબુ બકર અલ હૌઝલીથી, તે ઈકરામાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

કોઈએ ઈબ્ને અબ્બાસને સવાલ કર્યો કે રસુલુલ્લાહ (સ.અ.વ.)ના એહલેબૈતનું વર્ણન કરો. ઈબ્ને અબ્બાસે કહ્યું:

તેઓ મુત્તાકી ઉસ્તાદો છે.

તેઓ ખુબજ માયાળુ છે.

તેઓ પોતાની ખ્વાહીશોની અવગણના કરે છે.

તેઓ દરેક બુરાઈને નાબુદ કરનારા છે.

તેઓ આ દુનિયામાં રસ ધરાવતા નથી.

તેઓ વિનમ્રતાવાળા છે.

તેઓ દરેક સમયે માહિતગાર છે.

તેઓ વ્યવસાયીક ઘોડેસવારો છે.[૮૮]

તેઓ રાતના ચમકતા સિતારાઓ છે.

તેઓ નાઈલ દરિયો છે.[૮૯]

---

[88] આ કોઈપણ સરદારમાં મહત્વની સિફતો પૈકી એક છે.

તેઓ માનવ ઈચ્છાઓથી બેપરવા છે.

તેઓ દરેક ઉંચાઈમાં સૌથી ઉચ્ચ છે.

તેઓ સરદારોના સરદાર છે.

તેઓ જેઓને તેમની જરૂર હોય તેમના માટે રહમતના વરસાદ છે.

તેઓ બહાદુર શેરો છે.

તેઓ નમાઝને કાયમ કરનારાઓ છે.

તેઓ ઝકાત આપનારાઓ છે.

તેઓ નેકી કરનારાઓ છે.

તેઓ બદીને ખત્મ કરનારાઓ છે.[૯૦]

---

[89] અરબીમાં સામાન્ય રીતે સખાવત દર્શાવવા 'દરીયા' નું ઉદાહરણ આપવામાં આવે છે અને નાઈલ મોટા દરીયાઓ પૈકી એક જાણીતો દરીયો હતો.

[90] લેસાનુલ મિઝાન ભ.૩ પા. ૨૩૭ હ. ૧૦૫૨.

## ફઝીલત ૭૫:[91] સ્પષ્ટ હુજ્જત હઝરત અલી (અ.સ.)

મોહમ્મદ બિન અલી બિન ફઝલ અલ ઝય્યાત, હુસૈન બિન મોહમ્મદથી નકલ કરે છે, તે હસન બિન રબીઅ અલ માજશોનીથી, તે ઈસ્માઈલ બિન અબાન અલ વરરાકથી તે ગિયાસ બિન ઈબ્રાહીમથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતાથી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

**રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:**

**એક સવારે જીબ્રઈલ મારી પાસે આવ્યા અને તે ખુબજ ખુશહાલ હતા.**

---

91 આ કિતાબની અમૂક આવૃતિઓ હદીસ નં. ૭૫ આ મુજબ છે:
અબુ મોહમ્મદ અબ્દુલ્લાહ બિન યુસુફ બિન મામવેય્હ અલ અસબહાની, હામીદ બિન મોહમ્મદ અલ હેરવીથી નકલ કરે છે, તે અલી બિન મોહમ્મદ બિન ઈસાથી, તે મોહમ્મદ બિન ઉકાશાથી, તે મોહમ્મદ બિન સલામાથી, તે ખુસરૂફથી, તે મુજાહીદથી, તે કહે છે:
ઈબ્ને અબ્બાસને પુછવામાં આવ્યું કે તમારો હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના બારામાં શું મંતવ્ય છે?
ઈબ્ને અબ્બાસે કહ્યું:
અલી (અ.સ.) તે બન્ને ઉંચાઈઓ પૈકી એક છે જે રસુલ (સ.અ.વ.) તેમના બાદ મુકી ગયા છે. તેઓ પહેલી વ્યક્તિ છે જેમણે ગવાહી આપી કે કોઈ ખુદા નથી સિવાય અલ્લાહ અને મોહમ્મદ (સ.અ.વ.) તેના રસુલ છે. તેઓ એ છે જેમણે બન્ને કિબ્લા તરફ નમાઝ પડી છે. તેમણે બન્ને બયઅતો કરેલી છે. તેઓ બધા કરતા વધુ ઉદાર છે. તેઓ રસુલ (સ.અ.વ.)ના બે નવાસાઓ હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)ના પિતા છે. તેઓ માટે બે વખત સૂરજ ડુબવા બાદ ફરી પાછો ફર્યો. તેઓ એ છે જેમણે રસુલ (સ.અ.વ.)ની વફાત બાદ બે વખત તલ્વાર ઉપાડી (અમીરૂલ મોઅમેનીન (અ.સ.)ની જંગો તરફ ઈશારો). તેઓ બે દિવસના સરદાર છે એટલે જંગે બદ્ર અને જંગે હુનૈન. અલી (અ.સ.) આ ઉમ્મતમાં ઝુલકરનૈનના નમુના છે અને અલી (અ.સ.) મારા ઉસ્તાદ છે.

તેથી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પુછયુઃ તમો શા માટે આટલા ખુશ છો?

જીબ્રઈલે કહ્યુંઃ અલ્લાહે તમને અને તમારા ભાઈ, તમારી ઉમ્મતના ઈમામ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને જે ઈઝઝત આપી છે તે જોયા બાદ હું શા માટે ખુશ ન થાવ?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પુછયુંઃ મારી ઉમ્મતના ઈમામ (હઝરત અલી ઈબ્ને અબી તાલિબ અ.સ.) અને મને અલ્લાહે કેવી રીતે ઈઝઝત આપી?

જીબ્રઈલે કહ્યુંઃ

ગઈ રાતે અલ્લાહે એ ફરિશ્તાઓ જેઓ અર્શના ઉપાડનારા છે તેઓ સમક્ષ હઝરત અલી (અ.સ.)ની ઈબાદતના બારામાં ફખ્ર કર્યો. તેણે તેઓને કહ્યુંઃ મારી સ્પષ્ટ હુજ્જત (હઝરત અલી ઈબ્ને અબી તાલિબ અ.સ.)ને મારા રસુલ પછી મારી ઝમીનમાં જુઓ. જુઓ કેવી રીતે તેઓ વિનમ્રતાથી ઝમીન ઉપર પોતાની પેશાની મારા માટે જુકાવે છે. હું તમો અર્શ ઉપાડનારા ફરિશ્તાઓને ગવાહ રાખુ છું કે તેઓ મારી ખિલ્કત ઉપર ઈમામ અને સરદાર છે.[૯૨]

---

[92] બુરહાન ભ.૧ પા. ૨૭, હ. ૧૪, ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૩૬, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ.૧ પા. ૨૪૭, ગાયાતુલ મરામ પા. ૨૧૪ હ. ૨૪, યનાબીઉલ મવદ્દત પા. ૬૨૯ હ. ૭.

## ફઝીલત ૭૬: હઝરત અલી (અ.સ.) હઝરત રસૂલેખુદા (સ.અ.વ.)ના વઝીર

અબુ બકર મોહમ્મદ બિન અબ્દિલ્લાહ હમદુન, મોહમ્મદ બિન અહમદથી નકલ કરે છે, તે જઅફર બિન મોહમ્મદ બિન શાકેરુલ સાએગથી, તે મન્સુર બિન સફરથી, તે મહદી બિન મૈમુનથી, તે મોહમ્મદ બિન સીરીનથી, તે તેમના ભાઈ મઅબદથી, તે અબી સઈદ ખુદરીથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલ્લાહને પુછયું: અય અલ્લાહ! મારા માટે આસમાનના રહેવાસીઓમાંથી એક વઝીરની અને ઝમીનના રહેવાસીઓમાંથી એક વઝીરની નિમણુંક કર.

તેથી અલ્લાહે તેમના ઉપર એક વહી નાઝીલ કરી અને કહ્યું: હું આસમાનના રહેવાસીઓમાંથી જીબ્રઈલને તમારો વઝીર બનાવું છું અને ઝમીનના રહેવાસીઓમાંથી હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને તમારો વઝીર બનાવું છું.[૯૩]

---

[93] ગાયાતુલ મરામ પા. ૨૧૪ હ. ૨૪

## ફઝીલત ૭૭: એહલેબૈત (અ.મુ.સ.)નો ઈન્કાર અલ્લાહ તઆલાનું અપમાન

અલી બિન અબી હમઝા, જઅફર બિન મોહમ્મદ સાદિક (અ.સ.)થી નકલ કરે છે, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓએ તેમના બાપ-દાદાથી, તેઓ રસુલુલ્લાહ (સ.અ.વ.)થી, તેઓ ફરમાવે છે:

જીબ્રઈલે મને કહ્યું કે અલ્લાહ કહે છે:

જે કોઈ ગવાહી આપે કે: મારી સિવાય કોઈ ખુદા નથી, મોહમ્મદ (સ.અ.વ.) મારા બંદા અને મારા રસુલ છે, હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મારા ખલીફા છે, અને તેમના ફરઝંદો મારી સ્પષ્ટ દલીલો છે. તો હું તેઓને મારી રહમતથી જન્નતમાં દાખલ થવા દઈશ. હું મારી બક્ષીશ વડે તેઓને જહન્નમથી સુરક્ષિત રાખીશ. તેઓ મારા પાડોશીઓ હશે અને હું તેઓને ઈઝઝત અતા કરીશ. હું તેઓને મારી સંપૂર્ણ રહમત અતા કરીશ અને હું તેઓને ખાસ અને ચુંટાએલા લોકોમાં કરાર દઈશ.

અગર તેઓ મને બોલાવશે તો હું જવાબ આપીશ. અગર મારી પાસે દોઆ કરશે તો કબુલ કરીશ. અગર કંઈ માંગણી કરશે તો હું અતા કરીશ. અગર તેઓ મારી પાસે આવવામાં પહેલ નહિ કરે તો

હું પહેલ કરીશ. અગર તેઓ ભુલો કરશે તો હું તેઓ ઉપર રહમત કરીશ.

અગર તેઓ મારાથી ભાગશે તો હું તેઓને મારી તરફ દઅવત આપીશ. અગર તેઓ મારી તરફ પાછા ફરશે હું તેઓને કબુલ કરીશ. અગર તેઓ મારો દરવાજો ખટખટાવશે હું ખોલી દઈશ.

અને જે કોઈ ગવાહી ન આપે કેઃ મારી સિવાય કોઈ ખુદા નથી, અથવા ગવાહી ન આપે કે મોહમ્મદ (સ.અ.વ.) મારા બંદા અને મારા રસુલ છે, અથવા ગવાહી ન આપે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મારા ખલીફા છે, અને ગવાહી ન આપે કે તેમના ફરઝંદોમાંથી ઈમામો (અ.મુ.સ.) મારી સ્પષ્ટ દલીલો છે. તો તેઓએ મારી રહમતમાં નથી માનતા. તેઓએ મારૂં અપમાન કર્યું. તેઓ કાફીરો છે અને તેઓ મારી નિશાનીઓ, મારી કિતાબો અથવા મારા રસુલોને નથી માનતા.

અગર તેઓ મારી પાસે આવશે હું મારી જાતને તેઓથી છુપાવી લઈશ. અગર તેઓ મારી પાસે માંગશે તો હું અતા નહિ કરૂં. અગર તેઓ મને બોલાવશે તો હું તેઓની સદાને નહિ સાંભળું. અગર તેઓ મારી પાસે દોઆ કરશે તો હું તેઓની અવગણના કરીશ. અગર તેઓ મારાથી કંઈ ચાહતા

હશે તો હું તેઓને માયુસ કરીશ. અને આ તેઓને સજા છે અને હું મારી મખ્લુક ઉપર અન્યાયી નથી.[૯૪]

94 એહતેજાજે તબરસી ભ.૧ પા. ૮૮, મેઅતો મગાબા હ. ૯૨ નો સંદર્ભ (મુળ કિતાબની હ. ૭૭ એ હદ. ૭૫ ની નકલ છે). તેથીજ અમે હ. ૯૨ ના સંદર્ભને પસંદ કર્યો છે.

# ફઝીલત ૭૮: સૌથી વધુ ઈલ્મ ધરાવનાર

અબુ બકર મોહમ્મદ બિન અબ્દિલ્લાહ બિન હમદુન, મોહમ્મદ બિન અહમદથી નકલ કરે છે, તે જઅફર બિન મોહમ્મદ બિન શાકેર સોનીથી, તે મન્સુર બિન સફારથી, તે મહદી બિન મૈમૂનથી, તે મોહમ્મદ બિન સીરીનથી, તે તેમના ભાઈ મઅબદથી, તે અબી સઈદ અલ ખુદરીથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

ઈલ્મ પાંચ ભાગોમાં તકસીમ થયેલું છે. તેમાંથી ચાર ભાગ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને આપવામાં આવ્યા છે અને છેલ્લો ભાગ લોકો દરમ્યાન તકસીમ કરવામાં આવ્યો છે. હું અલ્લાહની કસમ ખાઈને કહું છું કે જેણે મને નબી બનાવી મોકલ્યો, હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) તમામ લોકો કરતા વધુ ઈલ્મ ધરાવનાર છે, ત્યાં સુધી કે લોકોને આપેલ ઈલ્મના એક ભાગમાં પણ.[૯૫]

[95] ગાયાતુલ મરામ પા. ૫૧૨ હ. ૨૧ અને પા. ૫૮૬ હ. ૮૫, બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૧૭ હ. ૯૬.

# ફઝીલત ૭૯: હઝરત અલી (અ.સ.)ને ચાહનારાઓ માટે ખુશી અને આનંદ

અબુ મોહમ્મદ બિન ફરીદ અલ બોશાનજી, ઝુબૈર બિન બકારથી નકલ કરે છે, તે સુફયાન બિન અય્યીનાથી, તે અબુ કોલાબાથી, તે અય્યુબ અલ સેખ્તૈનીથી, તે અનસ બિન માલિકથી, તે કહે છેઃ

હું રસુલુલ્લાહ (સ.અ.વ.)ની સામે મદીનાની મસ્જીદમાં ઉભો હતો. આપ (સ.અ.વ.) એ મને ફરમાવ્યુંઃ જાવ અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને જલ્દીથી મારી પાસે લઈ આવો.

હું ગયો અને હઝરત અલી (અ.સ.)ને ગોત્યા (જનાબે ફાતેમા સ.અ. પણ તેમની સાથે હતા) અને તેમને કહ્યું કે નબી (સ.અ.વ.) તમને જોવા ચાહે છે. તેઓ તરત જ મારી સાથે આવ્યા.

જ્યારે અમે રસુલ (સ.અ.વ.) પાસે પહોંચ્યા, હઝરત અલી (અ.સ.)એ નબી (સ.અ.વ.)ને સલામ કરી.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ અય અલી! જીબ્રઈલને સલામ કરો.

તેથી અલી (અ.સ.)એ કહ્યુંઃ અસ્સલામો અલયકા! અય જીબ્રઈલ! જીબ્રઈલે સલામનો જવાબ આપ્યો.

નબી (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને ફરમાવ્યું કે જીબ્રઈલે કહ્યું:

અય અલી! અલ્લાહ તમારા ઉપર સલામ મોકલે છે અને કહે છે:

તમારી, તમારા શીઆઓ અને તમારા ચાહનારાઓ માટે ખુશી અને આનંદ છે અને વાય અને વધુ વાય થાય જેઓ તમારી સાથે નફરત કરે છે. કયામતના દિવસે મુનાદી અર્શની અંદરથી સદા આપશે અને કહેશે: મોહમ્મદ (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.) કયા છે? પછી બન્ને સાતમાં આસમાન તરફ જશે અને અલ્લાહની સામે ઉભા રહેશે.

અલ્લાહ નબી (સ.અ.વ.)ને કહેશે: હઝરત અલી (અ.સ.)ને પુલે કવસર ઉપર લઈ જાઓ અને તેમને આ પ્યાલો આપો જેથી તેઓ તેમના ચાહનારાઓ અને તેમના શીઆઓને પાણી તકસીમ કરે પરંતુ તેઓને નહિ જેઓ તેમને નફરત કરે છે.

પછી અલ્લાહ કહેશે: તે (હઝરત અલી અ.સ.) હુકમ કરશે કે તેમના ચાહનારાઓનો આસાન હિસાબ લેવામાં આવે અને હુકમ કરશે કે તેઓને જન્નતમાં દાખલ કરવામાં આવે.[૯૬]

---

96 બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૧૭, હ. ૯૭, ગાયાતુલ મરામ પા. ૫૮૬, હ. ૫૬.

# ફઝીલત ૮૦: હઝરત અલી (અ.સ.)ની પ્રશંસા ફરિશ્તા કરે છે

અહમદ બિન મોહમ્મદ બિન સઈદ, હુસૈન બિન મહફૂઝથી નકલ કરે છે, તે અહમદ બિન ઈસ્હાકથી, તે ગતરીફ બિન અબ્દીલ સલામથી, તે અબ્દુલ રઝઝાકથી, તે મોઅમ્મારથી, તે ઝોહરી અબુ બકર અબ્દુલ્લાહ બિન અબ્દીલ રહમાનથી, તે હ. ઉસ્માન બિન અફફાનથી, તે હ. ઉમર બિન અલ ખત્તાબથી, તે હ. અબુ બકર બિન અબી કુહાફાથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે:

અલ્લાહે ફરિશ્તાઓને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની ચહેરાના નૂરમાંથી પૈદા કર્યા છે. તેઓ બસ અલ્લાહની હમ્દો સના (વખાણ) કરે છે, તેનો સવાબ તેઓ અલી (અ.સ.) અને તેમના ફરઝંદોને મોહબ્બત કરનારાઓને બક્ષી આપે છે.[૯૭]

---

[97] ગાયાતુલ મરામ પા. ૮, હ. ૧૯, બેહારૂલ અન્વાર ભ.૨૭ પા ૧૧૮ હ. ૯૮, મદીનતુલ મઆજીઝ પા. ૧૮૮ હ.૫૧૫, ખ્વારઝમી તેમની મકતલે હુસૈન ભ.૧ પા. ૯૭, મિસ્બાહુલ અન્વાર પા. ૨૯૭, જામેઉલ અખ્બાર પા. ૨૧૨.

# ફઝીલત ૮૧: મજબુત રસ્સી હઝરત અલી (અ.સ.)ની વિલાયત

મુખ્ય ન્યાયધીશ અબુ અબ્દિલ્લાહ હુસૈન બિન હારૂન અલ ઝુબ્બી, અહમદ બિન મોહમ્મદથી નકલ કરે છે, તે અલી બિન હસનથી, તે તેમના પિતાથી, તે અલી બિન મુસા અલ રેઝા (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: મારી પછી અંધકારભર્યું ષડયંત્ર રચવામાં આવશે. નજાત પામનારાઓ ફકત એ છે 'જેઓએ રસ્સીને મજબુતીથી પકડી લીધી છે. (૨:૨૫૬)'

તેથી લોકોએ નબી (સ.અ.વ.)ને સવાલ કર્યો: મજબુત રસ્સી કઈ છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: વસીઓના સરદારની વિલાયત.

લોકો એ નબી (સ.અ.વ.)ને પુછયું: વસીઓના સરદાર કોણ છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: અમીરૂલ મોઅમેનીન (અ.સ.).

લોકાએ નબી (સ.અ.વ.)ને પુછયુંઃ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) કોણ છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ મુસલમાનોના સરદાર અને મારા પછી તેઓના ઈમામ.

તેઓએ નબી (સ.અ.વ.)ને પુછયુંઃ મુસલમાનોના સરદાર અને તમારી પછી તેઓના ઈમામ કોણ છે?

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ મારા ભાઈ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.).[૯૮]

---

[98] બેહારૂલ અન્વાર ભ.૩૬ પા.૨૦ હ. ૧૬, બુરહાન ભ.૧ પા. ૨૪૪ હ. ૧૧, અલ યકીન પા. ૬૨, ગાયાતુલ મરામ પા. ૧૯ હ. ૨૦ અને પા. ૪૬ હ. ૬૧ અને પા. ૧૬૭ હ. ૬૨.

## ફઝીલત ૮૨: પહેલાના દરેક નબીને પણ હઝરત અલી (અ.સ.)ની વિલાયતનો પયગામ આપવામાં આવ્યો હતો

હુસૈન બિન મોહમ્મદ બિન મેહરાન અલ દામગાની, મોહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ બિન નસ્રથી નકલ કરે છે, તે અબ્દુલ્લાહ બિન અલ મુબર્રક અલ દૈનુરીથી, તે હસન બિન અલીથી, તે મોહમ્મદ બિન અબ્દિલ્લાહ બિન ઉરવાહથી, તે યુસુફ બિન બીલાલથી, તે મોહમ્મદ બિન મરવાનથી, તે અલ સાએબથી, તે અબી સાલેહથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

હું મેઅરાજની રાત્રે જીબ્રઈલની સાથે ઉપર જઈ રહ્યો હતો. જ્યારે અમો ચોથા આસમાને પહોંચ્યા, ત્યાં મેં માણેકનું બનેલું એક ઘર જોયું.

જીબ્રઈલે મને કહ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! આ બય્તે મઅમુર છે (આસમાનના રહેવાસીઓ માટે કિબ્લા). અલ્લાહે આ ઘર આસમાન અને જમીનની ખિલ્કતના પચાર હજાર વર્ષો પહેલા ખલ્ક કરી

છે. અય મોહમ્મદ (સ.અ.વ.)! આ ઘર તરફ નમાઝ પડો.

પછી અલ્લાહે તમામ નબીઓ અને રસુલોને આવવાનો હુકમ કર્યો. જીબ્રઈલે તેઓને મારી પાછળ એક સફમાં ઉભા રાખ્યા અને મેં નમાઝ પડાવી.

જ્યારે મેં નમાઝ ખત્મ કરી, અલ્લાહે કોઈને મારી પાસે મોકલ્યો અને કહ્યું: અય મોહમ્મદ (સ.અ.વ.)! અલ્લાહ તમારા ઉપર સલામ મોકલે છે. અલ્લાહ ચાહે છે કે તમે રસુલોને પુછો કે તેઓનો તમારી પહેલા લોકો માટેનો પયગામ શું હતો.

તેથી મેં રસુલોને પુછયું: અલ્લાહે તમારા ઉપર કયો પયગામ નાઝીલ કર્યો?

તેઓએ કહ્યું: તમારી વિલાયત અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની વિલાયતનો પયગામ હતો.

પછી નબી (સ.અ.વ.) આ આયત તરફ ઈશારો કર્યો: રસુલોમાંથી તેઓને પુછો જેઓને અમોએ તમારી પહેલા મોકલ્યા હતા. (૪૩:૪૫)[૯૯]

---

[99] ગાયાતુલ મરામ પા. ૨૦૭ હ. ૧૪, બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૩૦૭ હ. ૬૯

## ફઝીલત ૮૩: કયામતમાં હઝરત અલી (અ.સ.)ને સાત નામોથી પુકારવામાં આવશે

અબુ મોહમ્મદ અબ્દુલ્લાહ બિન હુસૈન શૈખ અલ સાલેહ, મોહમ્મદ બિન અલી અલ અઅરજથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન અલ હુસૈન બિન અબ્દીલ વહહાબથી, તે અલી બિન હુસૈનથી, તે રબીઅ બિન યઝીદ અલ રોકાશીથી, તે અનસ બિન માલિકથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને કયામતના દિવસે સાત નામોથી પુકારવામાં આવશે:

અય સીદ્દીક (સાચા)

અય દાલ (હાદી)

અય આબીદ (ઈબાદત ગુઝાર)

અય હાદી (માર્ગદર્શક)

અય મહદી (સીધા રસ્તા ઉપર)

અય ફઅતા (બેખૌફ ઈન્સાન)

અય અલી (ઉંચા)

તમે (અલી અ.સ.) અને તમારા શીઆઓ હિસાબ વગર જન્નતમાં દાખલ થશો.[100]

---

[100] ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૨૨૮, ગાયાતુલ મરામ પા. ૫૮૭ હ. ૮૮, એહકાકુલ હક્ક ભ.૪ પા. ૨૯૯, મિસ્બાહુલ અન્વાર પા. ૯૫.

## ફઝીલત ૮૪: હઝરત અલી (અ.સ.)ના ચહેરા તરફ નઝર કરવી ઈબાદત છે

મોહમ્મદ બિન અબ્દિલ્લાહ બિન અબ્દિલ મુત્તલીબ બિન મત્ર અલ શૈબાની, અબ્દુલ્લાહ બિન સઈદથી નકલ કરે છે, તે મોઅમ્મલ બિન અહાબથી, તે અબ્દુલ રઝાકથી, તે મોઅમ્મરથી, તે અલ ઝોહરીથી, તે ઉરવાહથી તે હ. આયેશાથી, તેણી કહે છે:

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) મારા પિતા (હ.અબુ બક્ર) પાસે આવ્યા જ્યારે તેઓ બિમાર હતા અને તે બિમારીના સબબે તેઓ ગુજરી ગયા. મારા પિતા અલી (અ.સ.)ના ચહેરા તરફ જોઈ રહ્યા હતા અને તેમના ઉપરથી આંખો હટાવતા ન હતા.

તેથી જ્યારે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ચાલ્યા ગયા, મેં મારા પિતાને પુછયું: તમે શા માટે એવી રીતે તેમના ચહેરા તરફ જોઈ રહ્યા હતા?

તેમણે (હ. અબુ બક્ર) કહ્યું: કારણકે મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ફરમાવતા સાંભળ્યા છે કે: અલી (અ.સ.)ને ચહેરા તરફ નઝર કરવી અલ્લાહની ઈબાદત છે.[૧૦૧]

---

101 બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૨૨૬ હ. ૧૧, ગાયાતુલ મરામ પા. ૩૨૭ હ.૨૧, આમાલીએ સદુક પા.૧૧૯ હ. ૯, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૧૨, તઅવીલુલ આયાત પા. ૨૮૩, હિલ્યતુલ અબ્રાર ભ.૧ પા. ૨૯૦, આમાલીએ તુસી ભ.૧ પા. ૭૦, તારીખે દમિશ્ક ભ.૨ પા. ૪૦૩.

## ફઝીલત ૮૫: હઝરત અલી (અ.સ.)નો રસ્તો સીધો રસ્તો છે

જઅફર બિન મોહમ્મદ બિન કુલવય્હ, અલી બિન હસન અલ નાહવૈયથી નકલ કરે છે, તે અહમદ બિન મોહમ્મદથી, તે મન્સુર બિન અબી અબ્બાસથી, તે અલી બિન અસ્બાતથી, તે હકમ બિન બેહલુલથી, તે અબુ હમ્મામ અબ્દુલ્લાહ બિન અઝીનાથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

હ. ઉમર બિન અલ ખત્તાબ ઉભા થયા અને રસુલુલ્લાહ (સ.અ.વ.)ને કહ્યું: તમે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને કહેતા રહો છો: તમે મારી નઝદીક એવા છો જેવા હારૂન (અ.સ.) મુસા (અ.સ.) માટે. પરંતુ અલ્લાહે હારૂન (અ.સ.)નું નામ કુરઆનમાં રાખ્યું છે અને અલી (અ.સ.)ના નામનો ઝીક્ર નથી કર્યો.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ તેને કહ્યું: અય ઘૃણાસ્પદ અરબ! શું તે આ આયત નથી સાંભળી: قَالَ هٰذَا صِرَاطٌ عَلَيَّ مُسْتَقِيْمٌ અલી (અ.સ.)નો

રસ્તો સીધો રસ્તો છે. (૧૫:૪૧)[૧૦૨] [૧૦૩]

---

[102] અમૂક તરજુમાકારોએ આ આયતનો તરજુમો આમ કર્યો છેઃ આ સીધો રસ્તો છે જે મારી તરફ હિદાયત કરે છે.

[103] ગાયાતુલ મરામ પા. ૧૧૯ હ. ૭૫, બેહારૂલ અન્વાર ભ.૩૫ પા.૫૮ હ. ૧૨, મનાકીબે ઈબ્ને શહરે આશુબ ભ.૨ પા. ૩૦૨

## ફઝીલત ૮૬: હઝરત અલી (અ.સ.) કુરઆન કરતા બહેતર

મોહમ્મદ બિન અલી બિન સોકર, મોહમ્મદ બિન કાસીમથી નકલ કરે છે, તે અબ્બાદ બિન યઅકુબથી, તે શરીકથી, તે રકીન બિન રબીઅથી, તે કાસીમ બિન હસ્સાનથી, તે ઝૈદ બિન સાબિતથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હું તમારા માટે બે વઝની વસ્તુઓ મૂકી જાવ છું: કુરઆન અને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.). સમજી લ્યો કે હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) કુરઆન કરતા બહેતર છે કારણકે તેઓ તમારા માટે કુરઆનના તફસીરકાર છે.[૧૦૪]

---

104 ગાયાતુલ મરામ પા.૨૧૪ હ.૨૦, અલ બુરહાન ભ.૧ પા.૨૮ હ. ૧૫, ઈરશાદુલ કુલુબ પા. ૩૮૭.

## ફઝીલત ૮૭: હસનૈન (અ.સ.) માટે જન્નતથી ફળ આવ્યું

કાઝી અબુલ ફરજ અલ મોઅફી બિન ઝકરીયા, મોહમ્મદ બિન અલી બિન અબ્દિલ હામીદ બિન ઝીઆર બિન યહ્યા અલ કુરૈશીથી નકલ કરે છે, તે અબ્દુલ રઝઝાકથી, તે સદકા અલ અબાસીથી, તે ઝઝાનથી, તે સલમાન અલ મોહમ્મદીથી, તે કહે છે:

હું રસુલુલ્લાહ (સ.અ.વ.) પાસે ગયો અને સલામ કરી. પછી હું જનાબે ફાતેમા (સ.અ.)ના ઘરે ગયો અને તેમને સલામ કરી.

આપ (સ.અ.)એ ફરમાવ્યું: અય અબા અબ્દિલ્લાહ (સલમાન), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) ભૂખ્યા છે અને તેઓ રડી રહ્યા છે. તેઓના હાથોને થામીને તેઓને તેમના નાના પાસે લઈ જાઓ.

તેથી હું તેઓને રસુલુલ્લાહ (સ.અ.વ.)ની ખિદમતમાં લાવ્યો. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પુછયું: અય મારા વ્હાલાઓ, શું થયું?

હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.)એ ફરમાવ્યું: અમે ભૂખ્યા છીએ, યા રસુલુલ્લાહ.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ત્રણ વખત ફરમાવ્યું: અય અલ્લાહ! તેઓને ખાણું ખવરાવ.

પછી મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ના હાથમાં એક ફળ જોયું જે દૂધ કરતા વધુ સફેદ, મધ કરતા વધારે મીઠુ અને માખણ કરતા વધારે નરમ હતું. રસુલુલ્લાહ (સ.અ.વ.)એ પોતાના અંગૂઠાથી ઘસ્યું અને તેને બે ભાગમાં કાપ્યું. આપ (સ.અ.વ.)એ અડધુ હસન (અ.સ.)ને અને અડધુ હુસૈન (અ.સ.)ને આપ્યું. તેથી હું તેઓના હાથોમાં બે ભાગોને જોઈ રહ્યો હતો અને મને તેની ઈચ્છા હતી.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ મને પુછયું: અય સલમાન! શું તમારે થોડું જોઈએ છે?

મેં કહ્યું: હા, યા રસુલુલ્લાહ.

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: અય સલમાન! આ ખોરાક આસમાનમાંથી છે. કોઈપણ તેને ફેંસલો થયા પહેલા અને જહન્નમથી સુરક્ષિત થયા પહેલા ખાઈ નથી શકતું ભલે પછી તમે સીધા રસ્તા ઉપર કેમ ન હો.[૧૦૫]

---

[105] મદીનતુલ મઆજીઝ પા. ૨૧૬ હ. ૬૦, બેહારૂલ અન્વાર ભ.૪૩ પા. ૩૦૮ હ. ૭૨, અલ અવાલીમ ભ.૧૬ પા. ૬૨ હ. ૨, ખ્વારઝમી તેમની મકતલે હુસૈનમાં ભ.૧ પા. ૯૭.

## ફઝીલત ૮૮: હઝરત અલી(અ.સ.) ઉપર ઈમાન રાખનાર માટે ફરિશ્તા ઈસ્તેગફાર કરે છે

અબુ સહલ મેહમુદ બિન ઉમર બિન મેહમુદ અલ અસ્કરી, મોહમ્મદ બિન ઉમરથી નકલ કરે છે, તે યુસુફ બિન યઅકુબથી, તે મુસ્લીમ બિન ઈબ્રાહીમથી, તે હિશામ અલ દસ્તોવાઈથી, તે યહ્યા બિન અબી કસીરથી, તે અબી સલામાથી, તે અબુ હુરૈરાથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલ્લાહે ચોથા આસમાનમાં એક સૌ હજાર ફરિશ્તાઓ અને પાંચમાં આસમાનમાં ત્રણસો ફરિશ્તાઓ ખલ્ક કર્યા છે. અલ્લાહે સાતમાં આસમાનમાં એક ફરિશ્તો ખલ્ક કર્યો છે જે એટલો મોટો છે કે તેનું સર અલ્લાહના અર્શની નીચે છે અને તેના પગો ઝમીનને અડી રહ્યા છે અને અલ્લાહે બીજા ઘણા બધા ફરિશ્તાઓ પૈદા કર્યા છે.

આ ફરિશ્તાઓની રોઝી ફકત અમીરૂલ મોઅમેનીન અલી (અ.સ.) ઉપર, તેમના ઉપર ઈમાન રાખનારાઓ, તેમના ચાહનારાઓ ઉપર સલવાત મોકલવી અને તેમના શીઆઓ અને ચાહનારાઓના ગુનાહોની બક્ષીશ માટે ઈસ્તગ્ફાર કરવું છે.[૧૦૬]

---

106 બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૩૪૯, હ. ૨૨, ગાયાતુલ મરામ પા. ૧૯, હ. ૨૧, અરબઈન લીલ મુન્તજબુદ્દીન હ.૯.

## ફઝીલત ૮૯: હઝરત અલી (અ.સ.)ની ફઝીલત બયાન કરો

અહમદ બિન મોહમ્મદ બિન મુસા બિન ઉરવાહ, મોહમ્મદ બિન ઉસ્માન અલ મોઅદીલથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન અબ્દીલ માલિકથી, તે યઝીદ બિન હારૂનથી, તે હમ્માદ બિન સલામાથી, તે સાબિતથી, તે અનસ બિન માલિકથી, તે કહે છે:

મેં રસુલુલ્લાહ (સ.અ.વ.)ને ખ્વાબમાં જોયા અને આપ (સ.અ.વ.)એ મને સવાલ કર્યો:

અય અનસ! કઈ વસ્તુ એ તમને મારી નાફરમાની કરાવી અને તે દરેક વસ્તુની અવગણના કરી જે મેં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના બારામાં કહી હતી ત્યાં સુધી કે તમને સજા મળી ગઈ? અગર અલી (અ.સ.) તમને માફ નહિ કરે તો તમે જન્નતની ખુશ્બુ પણ નહિ સુંઘી શકો. અગર તમારે તેમની બક્ષીશ જોઈતી હોય તો એલાન કરો અને લોકોને જણાવો કે અલી (અ.સ.), તેમની આલ અને ચાહનારાઓ 'સાબેકુન' (પ્રથમ હરોળ)માં છે, તેઓ જન્નતમાં જનારાઓમાં પહેલા છે. અલ્લાહના દોસ્તો હમઝા (રસુલુલ્લાહ સ.અ.વ.ના કાકા), જઅફર (રસુલુલ્લાહ સ.અ.વ.ના સગા), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) છે. જેઓ તેમનાથી

મોહબ્બત કરશે તેઓ કયામતના દિવસથી ડરે નહિ.[૧૦૭]

---

107 ખ્વારઝમી તેમની મનાકીબમાં પા. ૩૨ અને તેમની મકતલમાં ભ.૧ પા. ૪૦, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૦૪, ગાયાતુલ મરામ પા. ૫૮૦ હ. ૨૭, મદીનતુલ મઆજીઝ પા. ૫૧ હ. ૧૦૩, મિસ્બાહુલ અન્વાર પા. ૧૩૭, બેહારૂલ અન્વાર ભ.૬૮ પા. ૪૦ હ. ૮૪.

## ફઝીલત ૯૦: જન્નતને પૈદા કરવામાં નથી આવી પરંતુ તમારી અને તમારા શિયાઓ માટે

અબુલ હસન અલી બિન મોહમ્મદ બિન અલવી અલ મુસ્તમલી અબુ અબ્દિલ્લાહ મોહમ્મદ બિન અહમદથી નકલ કરે છે, તે હમદાન બિન યહ્યાથી, તે મોહમ્મદ બિન સદકાથી, તે મુસા બિન જઅફર (અ.સ.)થી, તેઓ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

જ્યારે અલ્લાહે જન્નત ખલ્ક કરી, તેણે જન્નતને પોતાને શણગારવાનો હુકમ આપ્યો અને જન્નતે પોતાની જાતને શણગારી. પછી અલ્લાહે જન્નતને કહ્યું: હું મારી જલાલતની કસમ ખાઉ છું કે મેં તને પૈદા નથી કરી પરંતુ મોઅમીનો માટે. તને અને તારા રહેવાસીઓ માટે ખુશી અને આનંદ પ્રાપ્ત થાય.

પછી રસુલુલ્લાહ (સ.અ.વ.)એ અલી (અ.સ.)ને ફરમાવ્યું: અય અલી (અ.સ.)! જન્નતને પૈદા કરવામાં નથી આવી પરંતુ તમારી અને તમારા શીઆઓ માટે.[૧૦૮]

---

108 ગાયાતુલ મરામ પા. ૫૮૭, હ. ૯૦

## ફઝીલત ૯૧: હઝરત અલી (અ.સ.)ના શિયા ૫૦૦ વર્ષ પહેલા જન્નતમાં જશે

અબુ મોહમ્મદ હુસૈન અલ ફારસી અલ બૈય, અહમદ બિન મોહમ્મદથી નકલ કરે છે, તે મોહમ્મદ બિન મન્સુરથી, તે મોહમ્મદ બિન ઈસ્માઈલથી, તે વાકેઈથી, તે સુફીયાનથી, તે અશ્અબથી, તે ઈકરમાથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

જે વાકય રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) માટે ફરમાવ્યું, અગર તે મારા માટે કહ્યું હોત તો હું મારી દુનિયા આપી દેત.

તેથી લોકોએ ઈબ્ને અબ્બાસને પુછયું: તે વાકય શું હતું?

મેં કહ્યું: રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને ફરમાવ્યું: તમો મારામાંથી છો અને હું તમારામાંથી છું, તમારી આલ મારામાંથી છે અને અમો તેમાંથી છીએ, તમારા શીઆઓ અમારામાંથી છે અને અમો તેઓમાંથી છીએ અને તમારા શીઆઓ જન્નતમાં બીજાઓ કરતા પાંચસો વર્ષ પહેલા દાખલ થશે.[૧૦૯]

---

109 ગાયાતુલ મરામ પા.૪૫૯ હ.૩૫.

## ફઝીલત ૯૨: એહલેબૈત (અ.મુ.સ.)થી મોહબ્બત કરનારનો અજ

ઈબ્રાહીમ બિન મઝારી ખચ્યાત, અહમદ બિન મોહમ્મદ બિન સઈદ અલ રફા અલ બગદાદીથી નકલ કરે છે, તે અહમદ બિન અલીલથી, તે અબ્દુલ્લાહ બિન દાઉદ અલ અન્સારીથી, તે મુસા બિન અલી અલ કરશીથી, તે કમ્બર બિન અહમદ બિન કમ્બરથી, તે તેમના પિતાથી, તે તેમના દાદા કમ્બર હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના ગુલામથી, તેઓ કાબ બિન નોફેલથી, તેઓ બીલાલ બિન હમામાથી, તેઓ કહે છે:

એક દિવસ રસુલુલ્લાહ (સ.અ.વ.) લોકો સમક્ષ આવ્યા અને તેમનો ચહેરો ચાંદની જેમ નૂરાની હતો.

તેથી અબ્દુલ રહમાન અલ ઔફે નબી (સ.અ.વ.)ને પુછયું: શા માટે આપનો ચહેરો પ્રકાશિત છે?

નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું:

મેં અલ્લાહ તરફથી મારા ભાઈ, મારા રિશ્તેદાર અને મારી દુખ્તરના બારામાં સારા સમાચાર મેળવ્યા. અલ્લાહે અલી (અ.સ.)ની શાદી જનાબે ફાતેમા (સ.અ.) સાથે કરી અને રિઝવાન (જન્નતના રખેવાળ)ને તુબાના ઝાડને હલાવવાનો હુકમ કર્યો. રિઝવાને ઝાડ હલાવ્યું અને મારા કુટુંબના દરેક

ચાહનારાઓ માટે તે ઝાડમાંથી એક પાંદડુ પડયું. પછી રિઝવાને આ બધા પાંદડાઓ એક ફરિશ્તાને આપ્યા જે નૂરથી બનેલા હતા.

કયામતના દિવસે આ ફરિશ્તાઓ સદા આપશે અને કહેશેઃ અય હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ના ચાહનારાઓ! આવો અને તમારી વસ્તુઓ લઈ જાઓ. તેથી જે કોઈ મારી ઈત્રતને ચાહતા હશે તે અને હું એક એક પાંદડુ મેળવીશું.

આ પાંદડાઓ જહન્નમની સુરક્ષિત રહેવાના પરવાનાઓ છે, આ લોકોને હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.), મારી દુખ્તર જનાબે ફાતેમા (સ.અ.) અને તેઓના ફરઝંદો સાથે મોહબ્બત કરવાના અજમાં આપવામાં આવે છે.[૧૧૦]

---

110 બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૧૭ હ. ૯૬, ગાયાતુલ મરામ પા. ૫૮૬ હ. ૮૫, તારીખે બગદાદ ભ.૪ પા. ૨૧૦ હ. ૧૮૯૭, અસદુલ ગાબાહ ભ.૧ પા. ૨૦૬, સવાએકુલ મોહર્રેકા પા. ૧૦૩, અલ ફઝાએલુલ ખમ્સા ભ.૨ પા. ૧૪૭.

# ફઝીલત ૯૩: મેં (અલ્લાહે) હઝરત અહમદ (સ.અ.વ.) અને હઝરત અલી (અ.સ.)ને મારા નૂરમાંથી પૈદા કર્યા

અહમદ બિન જરરાહ, અબ્દિલ અઝીઝ બિન યહ્યા અલ જોલુદીથી, તે મોહમ્મદ બિન ઝકરીયાથી, તે અબ્દુલ્લાહ બિન મુસ્લીમથી તે મુફઝઝલ બિન સાલેહથી, તે જાબીર બિન યઝીદથી, તે ઝઝાનથી, તે સલમાન અને ઈબ્ને અબ્બાસથી, તેઓ કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

મેઅરાજની રાત્રે, હું મારા પાલનહાર તરફ રજુ થયો અને 'હું બે કમાન અથવા તેનાથી પણ નઝદીક હતો. (૫૩:૯). તેણે બન્ને અકીકના પહાડો દરમ્યાન મારી સાથે વાત કરી અને કહ્યું:

અય અહમદ! મેં તમને અને અલી (અ.સ.)ને મારા નૂરમાંથી પૈદા કર્યા અને મેં આ બન્ને પહાડોને અલી (અ.સ.)ના ચહેરાના નૂરમાંથી પૈદા કર્યા. હું મારી જલાલતની કસમ ખાઈને કહું છું કે મેં આ બન્ને પહાડો એ નિશાની માટે પૈદા કર્યા છે જેના ઉપયોગથી મોઅમીનોની ઓળખાણ થાય અને હું મારી જાતની કસમ ખાઉ છું કે જે લોકો પોતાના હાથોમાં અકીકની વીંટી પહેરે અને હઝરત અલી

ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને અનુસરે, તેઓને જહન્નમમાં મોકલવા હરામ છે.[૧૧૧]

---

111 ગાયાતુલ મરામ પા. ૭ હ. ૧૩.

## ફઝીલત ૯૪: અલ્લાહ તઆલા તેને ચાહે છે જે હઝરત અલી (અ.સ.)ને ચાહે છે.

મોહમ્મદ બિન અબ્દિલ્લાહ બિન ઉબાદિલ્લાહ બિન બોહલુલ અલ મવાલી, મોહમ્મદ બિન હસનથી નકલ કરે છે, તે ઈસા બિન મેહરાનથી, તે ઉબૈદુલ્લાહ બિન મુસાથી, તે ખાલિદ બિન તહમાન અલ ખફફાફથી, તે સાઅદ બિન જોનાદા અલ અવફીથી, તે ઝૈદ બિન અરકમથી, તે અબી સઈદ અલ ખુદરીથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું: હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અરબોના સરદાર છે.[૧૧૨]

તેથી લોકોએ નબી (સ.અ.વ.)ને પુછયું: શું તમે અરબોના સરદાર નથી?

નબી (સ.અ.વ.)એ ફરમાવ્યું:

હું ઈન્સાનોનો સરદાર છું અને અલી (અ.સ.) અરબોના સરદાર છે. અલ્લાહ તેને ચાહે છે જે અલી (અ.સ.)ને ચાહે અને તેમનું અનુસરણ કરે અને અલ્લાહ તેમને સીધા રસ્તા તરફ હિદાયત કરે છે. અલ્લાહ તેઓને બહેરા અને આંધળા કરે છે જેઓ અલી (અ.સ.)થી નફરત કરે અને તેમની સાથે જંગ

---

112 આ હદીસમાં અલી (અ.સ.) અરબોના સરદાર છે તેનાથી મુરાદ આપ (અ.સ.) શ્રેષ્ઠ મોઅમીનોના સરદાર છે.

કરે.

અલી (અ.સ.)નો હક્ક મારો હક્ક છે અને તેમનું અનુસરણ મારૂં અનુસરણ છે સિવાય એ કે મારા પછી કોઈ નબી નથી. જે કોઈ તેમને તર્ક કરે તેણે મને તર્ક કર્યો અને જેણે મને તર્ક કર્યો તેણે અલ્લાહને તર્ક કર્યો.

હું ઈલ્મનું શહેર છું અને અલી (અ.સ.) તે શહેરના દરવાજા. કોઈપણ વ્યક્તિ માટે આ દરવાજા સિવાય કેવી રીતે શકય છે કે જન્નતની હિદાયત પામે?

અલી (અ.સ.) શ્રેષ્ઠ ઈન્સાન છે. જેઓ આનો ઈન્કાર કરે તે કાફીરો છે.[૧૧૩]

---

[113] ગાયાતુલ મરામ પા. ૫૪૩ હ. ૩૦, આમાલીએ સદુક પા. ૩૧૭ હ. ૧૧, આમાલીએ તુસી ભા. ૨ પા. ૪૫ હ. ૨૧, બેહારૂલ અન્વાર ભા. ૪૦ પા. ૨૦૦ હ. ૨

## ફઝીલત ૯૫: નમાઝ, રોઝા અને દુઆની કબૂલીય્યાત માટે હઝરત અલી (અ.સ.)થી મોહબ્બત જરૂરી

કાઝી અબુ મોહમ્મદ હસન બિન મોહમ્મદ બિન મુસા, અલી બિન સાબિતથી નકલ કરે છે, તે હફસ બિન ઉમરથી, તે યહ્યા બિન જઅફરથી, તે અબ્દુલ રહમાન બિન ઈબ્રાહીમથી, તે માલિક બિન અનસથી, તે નાફેઅથી, તે ઈબ્ને હ. ઉમર બિન અલ ખત્તાબથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલ્લાહ તે લોકોની નમાઝ, રોઝા અને પ્રયત્નો કબુલ કરે છે જેઓ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)થી મોહબ્બત કરે છે અને તેઓની દોઆઓને કબુલ કરે છે.

આગાહ થઈ જાઓ! જેઓ અલી (અ.સ.)ને ચાહે છે, અલ્લાહ તેઓને તેમના શરીરોમાં રહેલી દરેક નસના બદલે જન્નતમાં એક શહેર અતા કરે છે.

આગાહ થઈ જાઓ! જેઓ નબી (સ.અ.વ.)ની આલને ચાહે, તેઓ હિસાબની પ્રક્રિયા, મીઝાન અને પુલે સેરાતથી સુરક્ષિત રહેશે.

આગાહ થઈ જાઓ! જેઓ નબી (સ.અ.વ.)ની આલને ચાહે, તેના માટે હું જન્નતમાં અંબીયા

(અ.મુ.સ.)ના પાડોશાની ઝમાનત લઉ છું.

આગાહ થઈ જાઓ! જેઓ નબી (સ.અ.વ.)ની આલને નફરત કરતા મરી જાય, તેઓની આંખો દરમ્યાન કયામતના દિવસે આ મુજબ લખેલું હશેઃ અલ્લાહની રહમતની કોઈ આશા નહિ’.[૧૧૪]

[114] ગાયાતુલ મરામ પા. ૫૮૦ હ. ૨૮, બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૨૦ હ. ૧૦૦, ખ્વારઝમીની મનાકીબ પા. ૩૨, ખ્વારઝમીની મકતલે હુસૈન ભ.૧ પા. ૪૦, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૦૪, ઈરશાદુલ કોલુબ પા. ૨૩૫, લેસાનુલ મિઝાન ભ.૫ પા. ૬૨, ફરાએદુસ્સીમતૈન ભ.૨ પા. ૨૫૭ હ. ૫૨૬, એહકાકુલ હક્ક ભ.૭ પા. ૧૬૧, અરજહુલ મતાલીબ પા. ૫૨૬, આઅલમુદ્દીન પા. ૨૮૪.

## ફઝીલત ૯૬: હઝરત અલી (અ.સ.)ના શિયાઓને કયામતના દિવસે સખાવતની સાથે બદલો

અબુ અબ્દિલ્લાહ અહમદ બિન મોહમ્મદ બિન અય્યુબ, અલી બિન મોહમ્મદ બિન અય્યેનહ બિન રોવૈદાથી નકલ કરે છે, તે બકર બિન અહમદ અને અહમદ બિન મોહમ્મદ જર્રાહથી, તે અહમદ બિન ફઝલ અલ અહવાઝીથી, તે બકર બિન અહમદથી, તે મોહમ્મદ બિન અલી (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તે મુસા બિન જઅફર (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ મોહમ્મદ બિન અલી (અ.સ.)થી, તેઓ ફાતેમા ઈમામ હુસૈન (અ.સ.)ના દુખ્તરથી, તેઓ તેમના પિતા હુસૈન બિન અલી (અ.સ.)થી અને તેમના કાકા ઈમામ હસન બિન અલી (અ.સ.)થી, તેઓ અમીરૂલ મોઅમેનીન હઝરત અલી બિન અબી તાલિબ (અ.સ.)થી, તેઓ ફરમાવે છેઃ

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યુંઃ

જ્યારે હું જન્નતમાં દાખલ થયો મેં એક ઝાડની નીચે અલગ અલગ રંગોના ઘોડાઓ જોયા, જેઓ હીરાઓથી શણગારેલા હતા. મેં હુરૂલ ઈન્નને તે ઝાડના વચ્ચે જોઈ અને રિઝવાનને તે ઝાડની ઉપર જોયા. તેથી મેં જીબ્રઈલને પુછયું આ ઝાડ કોનું છે?

જીબ્રઈલે કહ્યુંઃ

આ તમારા ભાઈ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)નું છે. જ્યારે અલ્લાહ પોતાની મખ્લુકાતને જન્નતમાં જવાનો હુકમ કરશે ત્યારે અલી (અ.સ.)ના શીઆઓને આ ઝાડ પાસે લાવવામાં આવશે. તેઓ પોતાની જાતને આ ઝાડના હીરાઓથી શણગારશે અને વિવિધ રંગોના ઘોડાઓ ઉપર સવાર થશે. પછી મુનાદી નીદા આપશે, આ લોકો અલી (અ.સ.)ના શીઆઓ છે. જ્યારે તેઓને દુનિયામાં તકલીફ આપવામાં આવતી તેઓ સબ્ર કરતા, તેથી તેઓને આજના દિવસે સખાવતની સાથે બદલો આપવામાં આવે છે.[૧૧૫]

---

115 ગાયાતુલ મરામ પા. ૧૯ હ. ૨૨, બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૨૦ હ. ૧૦૧, અલ યકીન પા. ૬૩, મનાકીબે ખ્વારઝમી પા. ૩૨, ખ્વારઝમીની મકતલે હુસૈન ભ.૧ પા. ૪૦, મિસ્બાહુલ અન્વાર પા. ૬૧, આઅલમુદ્દીન પા. ૨૮૫.

# ફઝીલત ૯૭: કેવા શ્રેષ્ઠ ખલીફા નિયુક્ત કર્યા

અહમદ બિન મોહમ્મદ બિન હુસૈન, વઝીરાહ બિન મોહમ્મદ બિન વઝીરાહથી નકલ કરે છે, તે તેમના દાદા વઝીરાહ બિન મોહમ્મદ અલ ગસ્સાનીથી, તે અલી બિન મુસા રેઝા (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

જ્યારે હું મેઅરાજની રાત્રે ઉપર જઈ રહ્યો હતો, મેં મારા જદ્દ નૂહ (અ.સ.)ની મુલાકાત કરી.

તેઓએ મને પુછયું: અય મોહમ્મદ (સ.અ.વ.)! તમોએ તમારી ઉમ્મત માટે કોને ખલીફા નિયુકત કર્યા?

મેં કહ્યું: હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)

નૂહ (અ.સ.)એ પુછયું: તમોએ કેવા શ્રેષ્ઠ ખલીફા નિયુકત કર્યા છે.

પછી મેં મારા ભાઈ મુસા (અ.સ.)થી મુલાકાત કરી, તેઓએ મને પુછયું: અય મોહમ્મદ (સ.અ.વ.)! તમોએ તમારી ઉમ્મત માટે કોને ખલીફા નિયુકત કર્યા?

મેં કહ્યુંઃ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)

મુસા (અ.સ.)એ કહ્યુંઃ તમોએ કેવા શ્રેષ્ઠ ખલીફા નિયુકત કર્યા છે.

પછી મેં મારા ભાઈ ઈસા (અ.સ.)થી મુલાકાત કરી, તેઓએ મને પુછયુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! તમોએ તમારી ઉમ્મત માટે કોને ખલીફા નિયુકત કર્યા?

મેં કહ્યુંઃ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)

મુસા (અ.સ.)એ કહ્યુંઃ તમોએ કેવા શ્રેષ્ઠ ખલીફા નિયુકત કર્યા છે.

પછી મેં જીબ્રઈલને પુછયુંઃ શા માટે મેં મારા પિતા ઈબ્રાહીમ (અ.સ.)ને ન જોયા?

તેથી જીબ્રઈલ મને એક જગ્યાએ લઈ ગયા જ્યાં મેં ઈબ્રાહીમ (અ.સ.)ને એક ઝાડ પાસે જોયા જે ઝાડમાં ઘેટા જેવું આચળ હતું. ઘણાના બાળકો તે ઝાડમાંના આચળમાંથી પીઈ રહ્યા હતા અને પોતાનું રીઝક મેળવી રહ્યા હતા. જ્યારે પણ કોઈ બાળકના મોઢામાં આચળ નીકળી જતું તો ઈબ્રાહીમ (અ.સ.) ફરી તેના મોઢામાં મુકતા.

ઈબ્રાહીમ (અ.સ.)એ મને પુછયુંઃ અય મોહમ્મદ (સ.અ.વ.)! તમોએ તમારી ઉમ્મત માટે કોને ખલીફા નિયુકત કર્યા?

મેં કહ્યુંઃ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)

ઈબ્રાહીમ (અ.સ.)એ કહ્યુંઃ તમોએ કેવા શ્રેષ્ઠ ખલીફા નિયુકત કર્યા છે. અય મોહમ્મદ (સ.અ.વ.)! મેં અલ્લાહ પાસે વિનંતી કરી કે મને અલી (અ.સ.)ના શીઆઓના બાળકોને રોઝી પહોંચાડવાની જવાબદારી અતા કર. તેથી કયામતના દિવસ સુધી હું તેઓને રીઝક પહોંચાડવા માટે જવાબદાર છું.[૧૧૬]

---

[116] ગાયાતુલ મરામ પા. ૬૯, હ. ૨૧, બેહારૂલ અન્વાર ભ.૨૭ પા. ૧૨૧ હ. ૧૦૨.

## ફઝીલત ૯૮: કયામતના દિવસે હઝરત અબુતાલિબ (અ.સ.)નું નૂર દરેક નૂર કરતા વધારે નૂરાની હશે સિવાય પાંચ નૂર

કાઝી અબુલ હસન મોહમ્મદ બિન ઉસ્માન બિન અબ્દિલ્લાહ અલ નાસેબી, જઅફર બિન મોહમ્મદ અલ અલવીથી નકલ કરે છે, તે અબ્દુલ્લાહ બિન અહમદથી, તે મોહમ્મદ બિન ઝિયાદથી, તે મોફઝઝલ બિન અમ્રથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ ફરમાવે છે:

અમીરૂલ મોઅમેનીન (અ.સ.) રહબાહમાં બેઠા હતા અને તેમની ફરતે લોકો બેઠા હતા, એક શખ્સ ઉભો થયો અને કહ્યું: યા અમીરૂલ મોઅમેનીન! અલ્લાહે તમને આ દરજ્જો અતા કર્યો છે પરંતુ તમારા પિતાને જહન્નમમાં અઝીય્યત આપવામાં આવશે.

મેં કહ્યું: ખામોશ થઈ જા. અલ્લાહ તારી ઝબાન બંધ કરે.[૧૧૭] અલ્લાહની કસમ! જેણે મોહમ્મદ (સ.અ.વ.)ને નબી બનાવી મોકલ્યા, અગર મારા પિતા ઝમીન ઉપરના તમામ લોકો માટે શફાઅત કરે

---

117 એ ન ભુલો કે અલી (અ.સ.) હક્ક સાથે અને હક્ક અલી (અ.સ.) સાથે છે.

તો અલ્લાહ તેને કબુલ કરશે. કેવી રીતે મારા પિતા જહન્નમમાં હોય જ્યારે કે હું તેમનો ફરઝંદ જન્નત અને જહન્નમને તકસીમ કરનાર છું? અલ્લાહની કસમ! જેણે મોહમ્મદ (સ.અ.વ.)ને નબી બનાવી મોકલ્યા, કયામતના દિવસે મારા પિતાનું નૂર દરેક નૂર કરતા વધુ હશે સિવાય પાંચ નૂરોઃ મોહમ્મદ (સ.અ.વ.)નું નૂર, મારૂં (અલી અ.સ.)નું નૂર, જનાબે ફાતેમા (સ.અ.)નું નૂર, હસન (અ.સ.)નું નૂર, હુસૈન (અ.સ.)નું નૂર અને હુસૈન (અ.સ.)ના ફરઝંદોમાંથી ઈમામો (અ.મુ.સ.)નું નૂર. અલ્લાહે તેમના નૂરને આદમ (અ.સ.)ની ખિલ્કતના બે હજાર વર્ષ પહેલા ખલ્ક કર્યું હતું.[૧૧૮]

---

[118] અલ હુજ્જાહ અલા સાબીત એલા તકફીર અબી તાલિબ પા. ૭૨, અલ દરજતુલ રફીઆહ પા. ૫૦, આમાલીએ તુસી ભ.૧ પા. ૩૩૧ હ. ૫૮, બેશારતુલ મુસ્તફા પા. ૨૪૯, તબરસીની અલ એહતાજાજ ભ.૧ પા. ૩૪૦, બેહારૂલ અન્વાર ભ.૩૫ પા. ૬૯, હ. ૩, અલ ગદીર ભ.૭ પા. ૩૮૭ હ.૩.

## ફઝીલત ૯૯: હઝરત અલી (અ.સ.)ની ફઝીલતની ગણત્રી શકય નથી

અલ મોઅફી ઝકરીયા અબુલ ફરજ, મોહમ્મદ બિન અહમદ બિન અબી સલજથી નકલ કરે છે, તે હસન બિન મોહમ્મદ બિન બહરામથી, તે યુસુફ બિન મુસા અલ કત્તાનથી, તે જુરૈરથી, તે લય્થથી, તે મુજાહીદથી, તે ઈબ્ને અબ્બાસથી, તે કહે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અગર તમામ ઝાડો કલમ બનાવી દેવામાં આવે, તમામ દરીયાઓ શાહી બનાવી દેવામાં આવે, તમામ જીન્નો ગણવાવાળા હોય અને તમામ માનવજાત લખવાવાળા હોય તો પણ તેઓ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની ફઝીલતોની ગણત્રી ન કરી શકે.[૧૧૯]

---

119 કન્ઝુલ ઉમ્માલ પા. ૧૨૮, મનાકીબે ખ્વારઝમી પા. ૨, કેફાયતો તાલિબ પા. ૨૫૧, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૨૧૬, લેસાનુલ મીઝાન ભ.૫ પા. ૬૨, મીઝાનુલ એઅતેદાલ ભ.૩ પા. ૪૬૭, બેહારૂલ અન્વાર ભ.૪ પા. ૭૦ હ. ૧૦૫, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ હ. ૧૧૧, અલ તરાએફ પા. ૧૩૮ હ. ૨૧૬, હિલ્યતુલ અબ્રાર ભ.૧ પા. ૨૮૯, યનાબીઉલ મવદ્દત પા. ૧૨૧, ગાયાતુલ મરામ પા. ૪૯૩ હ. ૧, મનાકીબે ખ્વારઝમી પા. ૨૩૫, અરજાહુલ મતાલિબ પા. ૧૧, કશ્ફુલ હક્ક ભ.૧ પા. ૧૦૮, અરબઈન અલ ખોઝાઈ હ. ૩૮, મિસ્બાહુલ અન્વાર પા. ૧૨૧, તાવીલુલ આયાત પા. ૮૮૮ હ. ૧૩, મવદ્દતુલ કુરબા પા. ૫૫.

## ફઝીલત ૧૦૦: અકીદાની કબૂલીયાત માટે હઝરત અલી (અ.સ.)ની વિલાયત અને તેમના દુશ્મનોથી બરાઅત જરૂરી

અબુ મોહમ્મદ હસન બિન અહમદ બિનમોહમ્મદ અલ મજલેદી, હુસૈન બિન મોહમ્મદ બિન ઈસ્હાકથી, તે મોહમ્મદ બિન ઝકરીયાથી, તે જઅફર બિન મોહમ્મદ (અ.સ.)થી, તેઓ તેમના પિતા (અ.સ.)થી, તેઓ અલી બિન હુસૈન (અ.સ.)થી, તેઓ અમીરૂલ મોઅમેનીન (અ.સ.), તેઓ ફરમાવે છે:

રસુલુલ્લાહ (સ.અ.વ.)એ ફરમાવ્યું:

અલ્લાહે મારા ભાઈ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ને એટલી બધી ફઝીલતો અતા કરી છે કે તેની ગણત્રી અશકય છે. અગર કોઈ તેમની ફઝીલતો ઉપર ઈમાન રાખતા એક ફઝીલત વર્ણવે તો અલ્લાહ તેના ભૂતકાળ અને ભવિષ્યના તમામ ગુનાહો માફ કરી દે છે. અગર કોઈ એક ફઝીલત લખે, ફરિશ્તાઓ તેના માટે ત્યાં સુધી ઈસ્તગ્ફાર કરશે જ્યાં સુધી તે લખાણ બાકી રહેશે. અગર કોઈ એક ફઝીલત સાંભળે તો અલ્લાહ તેના કાનોથી કરેલા તમામ ગુનાહો માફ કરી દેશે. અગર કોઈ એક

ફઝીલત વાંચે તો અલ્લાહ તેના આંખોથી કરેલા તમામ ગુનાહો માફ કરી દેશે.

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) ઉપર નઝર કરવી ઈબાદત છે અને તેમનો ઝીક્ર કરવો અલ્લાહની ઈબાદત છે.

અલ્લાહ કોઈપણ વ્યક્તિના અકીદાઓને કબુલ નથી કરતો જે અલી (અ.સ.)ની વિલાયતને કબુલ ન કરે અને જે તેમના દુશ્મનોથી બરાઅત ન કરે.[૧૨૦]

---

120 બેહારૂલ અન્વાર ભ.૨૬ પા. ૨૨૯ હ. ૧૦, મનાકીબે ખ્વારઝમી પા.૨, કેફાયતુલ તાલેબ પા. ૨૫૨, ફરાએદુસ્સીમતૈન ભ.૧ પા. ૧૯, મીઝાનુલ એઅતેદાલ ભ.૩ પા. ૪૬૭, આમાલીએ સદુક પા. ૧૧૯ હ. ૯, જામેઉલ અખ્બાર પા. ૧૭, તાવીલુલ આયાત પા. ૮૮૮, કશ્ફુલ હક્ક ભ.૧ પા. ૧૦૮, યનાબીઉલ મદ્દવત પા. ૧૨૧, ગાયાતુલ મરામ પા. ૨૯૩ હ. ૨, અલ મોહતઝર પા. ૯૮, કશ્ફુલ ગુમ્માહ ભ.૧ પા. ૧૧૨.

# આલીમોના આ કિતાબના બારામાં કથનો

અલ્લાહના નામથી જે રહમાન અને રહીમ છે

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની આશ્ચર્ય પમાડનારી ફઝીલતો બેશુમાર છે. આ એવું છે જેવી રીતે હઝરત રસુલે અકરમ (સ.અ.વ.) ફરમાવે છેઃ 'અગર તમામ ઝાડો કલમ બનાવી દેવામાં આવે, તમામ દરીયાઓ શાહી બનાવી દેવામાં આવે, તમામ જીન્નો ગણવાવાળા હોય અને તમામ માનવજાત લખવાવાળા હોય તો પણ તેઓ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.)ની ફઝીલતોની ગણત્રી ન કરી શકે.'

સુન્ની કિતાબો તેમની આશ્ચર્ય થાય તેવી ફઝીલતોથી ભરેલી છે. સુન્નીના અમૂક પ્રખ્યાત આલીમો જેમકે એહમદ બિન હમ્બલ, ઈસ્માઈલ બિન ઈસ્હાક, અલ નેસાઈ અને અબુ અલ નેશાપુરી કહે છે કે 'કોઈએ પણ આવી ભરોસાપાત્ર અને વિશ્વાસનીય હદીસો કોઈપણ સહાબી માટે નથી વર્ણવી જેવી હદીસો રસુલુલ્લાહ (સ.અ.વ.)એ હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) માટે વર્ણવી છે.'

આકા બુઝુર્ગ તેહરાની તેમની કિતાબ અલ ઝરીઆહમાં લખે છેઃ

હઝરત અલી ઈબ્ને અબી તાલિબ (અ.સ.) અને તેમના ફરઝંદોના બારામાં એક સૌ આશ્ચર્ય પમાડનાર ફઝીલતોનું સંકલન આલીમ અબીલ હસન મોહમ્મદ બિન એહમદ બિન અલી હસન બી શાઝાન અલ કુમ્મીએ કર્યું છે.

તેઓ શૈખ કરાચકી અને શૈખ નજાશીના ઉસ્તાદ હતા.

લેખક (અલ્લાહ તેમના દરજ્જા બલંદ કરે) એ એહલેબૈત (અ.મુ.સ.)ની ફઝીલતોના બારામાં એક સૌ રિવાયતો જમા કરી છે, જેમાંથી મોટાભાગની સ્પષ્ટપણે બાર અઈમ્મા (અ.મુ.સ.)ની નિયુક્તિ બયાન કરે છે. તેઓએ આ હદીસો સુન્નીઓના રાવીઓની સાકળથી બયાન કરી છે.

આ કિતાબ 'ઈબ્ને શાઝાનની ફઝાએલ'ના નામથી પણ સંબોધવામાં આવે છે, જેવી રીતે બેહારૂલ અન્વાર, મનાકીબે ખ્વારઝમી અને અલ દમાહ અલ સાકીબાહ.

શૈખ અલ કરચકી નકલ કરે છે કે તેમણે લેખક સાથે મુલાકાત કરી જેઓ મસ્જીદુલ હરામ, મક્કામાં વર્ષ ૪૧૨ માં તેમના ઉસ્તાદ હતા અને લેખકે તેમના માટે આ કિતાબની તમામ વિગતો નકલ કરી હતી.

# સુન્ની કિતાબો અને આલીમો જેઓએ આ કિતાબનો સંદર્ભ તરીકે ઉપયોગ કર્યો

બન્ને સુન્ની અને શીઆ આલીમોએ ઈબ્ને શાઝાનને સંદર્ભ તરીકે અને તેમની કિતાબોને ભરોસાપાત્ર ગણી છે. નીચે અમૂક સુન્ની કિતાબો છે જેઓએ પોતાની કિતાબોમાં આ કિતાબનો સંદર્ભ આપ્યો છે:

૧) અલ ઈસ્તેઆબ
૨) સવાએરૂલ મોહર્રેકા
૩) નુરૂલ અબસાર
૪) ફથ અલ બરી
૫) મુસ્તદરક અલા અલ સહીહૈન
૬) તફસીરે સલબી
૭) મનાકીબે ખ્વારઝમી
૮) તબકાત હનાબેલા
૯) અલ કામેલ ઈબ્ને અસીર
૧૦) કેફીયતુત્તાલીબ
૧૧) રિઝાઝુલ નઝરાહ
૧૨) નોઝમ દોરર અલ સીમતૈન
૧૩) તેહઝીબુલ તેહઝીબ
૧૪) તારીખુલ ખોલફા

૧૫)	સેરાતુલ હલબીયા
૧૬)	ઈસાફ અલ રાગેબીન
૧૭)	અલ રોવાઝ અલ અઝહર
૧૮)	મિફતાહુલ નજા
૧૯)	યનાબીઉલ મવદ્દત
૨૦)	તાજહેઝ અલ જૈશ
૨૧)	મકસદુલ તાલેબ
૨૨)	ફત્હુલ ઓલા
૨૩)	શર્હે જામે અલ સગીર અલ મનાવી
૨૪)	શવાહેદુત્તન્ઝીલ
૨૫)	તારીખે દમીશ્ક
૨૬)	મનાકીબ એહમદ બિન હમ્બલ
૨૭)	મનાકીબ અલ અશોરા લેલ ગશાબંદી
૨૮)	મેરકતુલ મફાતીહ ફી શર્હે મિશ્કાતુલ મસાબીહ
૨૯)	અલ મુખ્તાર ફી અલ મનાકીબ અલ અખ્યાર
૩૦)	એતહાફ ઝોવે અલ નજેબા
૩૧)	ઝોલોમાત અબી રિયાહ
૩૨)	તબકાત અલ માલેકીય્યા
૩૩)	મદાખેલ અલ કેરાવાની
૩૪)	શર્હ રેસાલત અલ હલબી
૩૫)	વસીલતુલ નજાત

૩૬)	તેહરીફુલ અહબાબ

૩૭)	મનલ અલ તાલેબ ફી મનાકેન અલી બિન અબી તાલિબ

નીચેના અમૂક સુન્ની આલીમો છે જેઓએ આ કિતાબ ઉપર ભરોસો કર્યો છે અને તેમાંથી હદીસો નકલ કરી છે:

૧) અલ હાફેઝ અબુ મોઅય્યદ અલ મુવફફક બિન એહમદ બિન મોહમ્મદ બિન અલ બકરી અલ હનફી જેઓ અખતબ અલ ખ્વારઝમ તરીકે ઓળખાય છે.

૨) અલ હાફેઝ અલ શાહીદ અબુ ઉબૈદુલ્લાહ મોહમ્મદ બિન યુસુફ બિન મોહમ્મદ અલ કુરૈશી અલ કન્જી અલ શાફેઈ જેઓને કિતાબ કેફાયતુત્તાલીબ લખી છે.

૩) અલ મોહદ્દીસ ઈબ્રાહીમ બિન મોહમ્મદ બિન મોઅય્યદ બિન અબ્દીલ્લાહ બિન અલી અલ હમાવાયની.

અબુલ ફથ મોહમ્મદ બિન અલી બિન ઉસ્માન અલ કરાજી, સૈયદ રઝી ઈબ્ને તાઉસ, અલ મજલીસી, સૈયદ હાશીમ બેહરાની અને અલ્લામા શૈખ અબ્દુલ હુસૈન અમીની સહીત ઘણા બધા શીઆ આલીમોએ પોતાની કિતાબો અને અભિપ્રાયોમાં આ કિતાબ અને ઈબ્ને શાઝાનના પ્રકાશનોને આધાર બનાવ્યો છે.

આ કિતાબમાં ઉલ્લેખ થયેલ રાવીઓને નીચેના શીઆ આલીમો પોતાની નઝદીક ભરોસાપાત્ર અને વિશ્વાસનીય ગણે છેઃ

૧) આલીમ અબી જઅફર મોહમ્મદ બિન અલી બિન હુસૈન બાબવૈય અલ કુમ્મી.

૨) આલીમ અબી મોહમ્મદ જઅફર બિન એહમદ બિન અલી અલ કુમ્મી.

૩) આલીમ, અબી અલ કાસેમ અલી બિન મોહમ્મદ બિન અલી અલ ખઝઝાઝ અલ કુમ્મી.

૪) આલીમ, અબી અબ્દુલ્લાહ મોહમ્મદ બિન મોહમ્મદ બિન નોઅમાન અલ મુફીદ.

૫) આલીમ અબી અલ અબ્બાસ એહમદ બિન અલી અલ નજાશી.

નીચે જણાવેલ રાવીઓને શીઆ આલીમોની નઝદીક ભરોસાપાત્ર છે અને તેઓએ તેમની કિતાબોમાં તેમનો ઉલ્લેખ પણ કર્યો છે:

૧) અબુ મોહમ્મદ ઈબ્રાહીમ બિન મોહમ્મદ અલ મસરી અલ ખય્યાત

૨) અબુલ હસન એહમદ બિન હસન, અલ ઝાક, અલ રઝી.

૩) નેશાપુરી એહમદ બિન અલ હસન બિન મોહમ્મદ.

૪) એહમદ બિન અલી બિન અલ હસન બિન શાઝાન અલ ફામી અલ કુમ્મી (તેમના પિતા)

૫) અબુલ હસન એહમદ બિન મોહમ્મદ બિન એહમદ બિન તરખાન અલ કીન્દી અલગ્રાની.

૬) એહમદ બિન મોહમ્મદ બિન અલ હુસૈન

૭) એહમદ બિન મોહમ્મદ બિન સઈદ બિન ઉકદા

૮) એહમદ બિન મોહમ્મદ બિન સુલૈમાન બિન અલ હસન બિન બકીર બિન અય્યાન બિન સોનન અબુ ગાલીબ અલ ઝરારી.

૯) અબુ અબ્દુલ્લાહ એહમદ બિન મોહમ્મદ બિન ઉબૈદીલ્લાહ બિન અલ હસન આઈશ

બિન ઈબ્રાહીમ બિન અય્યુબ બિન અલ જોહરી

૧૦) એહમદ બિન મોહમ્મદ બિન ઈમરાન અલ જર્રાહ

૧૧) એહમદ બિન મોહમ્મદ બિન મુસા બિન ઉરવાહ

૧૨) અબુ મોહમ્મદ જઅફર બિન એહમદ બિન અલ હુસૈન અલ શશી

૧૩) અબુલ કાસીમ જઅફર બિન મોહમ્મદ બિન કોલોહ (તેમના કાકા)

૧૪) અબુલ કાસીમ જઅફર બિન મોહમ્મદ બિન મસરૂર

૧૫) અલ હસન બિન એહમદ બિ સોખતોએહ

૧૬) અબુ મોહમ્મદ અલ હસન બિન એહમદ બિન મોહમ્મદ અલ મુગલદી

૧૭) અલ શરીફ અલ હસન બિન હમ્ઝા બિન અલી બિન અબ્દીલ્લાહ બિન મોહમ્મદ બિન અલ હસન અલ હુસૈન બિન અલી બિન અલ હુસૈન બિન અલી બિન અબી તાલેબ અલ તબરી.

૧૮) અલ શરીફ અલ નકીબ, હસન બિન મોહમ્મદ અલ અલવી અલ હુસૈની

૧૯) કાઝી, અબુ મોહમ્મદ અલ હસન બિન મોહમ્મદ બિન મુસા

૨૦) અબુ અબ્દુલ્લાહ અલ હુસૈન બિન એહમદ બિન મોહમ્મદ બિન અહવાલ

૨૧) મુત્તાકી શૈખ, અબુ અબ્દુલ્લાહ અલ હુસૈન બિન અબ્દીલ્લાહ અલ કુતુઈ

૨૨) ફારસી, અબુ મોહમ્મદ અલ હુસૈન અલ બૈય

૨૩) અબુ અબ્દુલ્લાહ અલ હુસૈન બિન મોહમ્મદ બિન ઈસ્હાક બિન ખતીબ અલ સુતી

૨૪) અલ હુસૈન બિન મોહમ્મદ બિન મેહરાન અલ દમઘાની

૨૫) કાઝીઉલ કોઝાત અબુ અબ્દુલ્લાહ અલ હુસૈન બિન હરૂન અલ દાબી

૨૬) સહલ બિન એહમદ બિન અબ્દીલ્લાહ બિન એહમદ બિન સહલ અલ દેબાગી અલ કુફી

૨૭) ઝકરીય્યા તલ્હા બિન એહમદ બિન તલ્હા બિન મોહમ્મદ અલ સરર્રામ અલ નેશાપુરી

૨૮) અબુ એહમદ અબ્દુલ અઝીઝ બિન જઅફર બિન મોહમ્મદ બિન કોલોએહ

૨૯) શૈખ અલ સાલેહ અબુ મોહમ્મદ અબ્દુલ્લાહ બિન અલ હુસૈન.

૩૦)　અબુલ કાસીમ અબ્દુલ્લાહ બિન મોહમ્મદ બિન ઈસ્હાક બિન સુલૈમાન બિન હનાના અલ બઝાઝ.

૩૧)　અબુ મોહમ્મદ અબ્દુલ્લાહ બિન યુસુફ બિન મામોઅહ અલ અસ્બહાની

૩૨)　અબુલ કાસીમ ઉબૈદુલ્લાહબિન અલ હસન બિન મોહમ્મદ અલ સખ્વે.

૩૩)　અબુલ હસન અલી બિન એહમદ બિન મોતોએહ અલ મકરી અલ વાહેદી.

૩૪)　અલી બિન અલ હુસૈન બિન અલી બિન અલ હસન અબુલ હસન અલ નહવી અલ રઝી

૩૫)　બિન મોહમ્મદ મોતોલઅ, અલ કલાંસી

૩૬)　અબુલ હસન અલી બિન મોહમ્મદ અલ મોકતેબ અલ લોગવે અલ રઝી.

૩૭)　અબુ હફસ અમ્ર બિન ઈબ્રાહીમ બિન એહમદ બિન કસીર અલ મકરી.

૩૮)　અલ હાફેઝ અબુ બક્ર મોહમ્મદ બિન એહમદ બિન અલ હુસૈન બિન અલ કાસીમ બિન અલ ગતરીફ અલ જોરજાની.

૩૯)　અલ શરીફ અબુ જઅફર મોહમ્મદ બિન એહમદ બિન મોહમ્મદ બિન ઈસા અલ અલવી.

૪૦) અબુલ હસન મોહમ્મદ બિન જઅફર બિન મોહમ્મદ બિન અલ નજ્જાર અલ કુફી અલ નહવી અલ તમીમી.

૪૧) મહાન શૈખ મોહમ્મદ બિન અલ હસન બિન એહમદ બિન અલ વલીદ.

૪૨) અબુલ તૈયબ મોહમ્મદ બિન અલ હુસૈન અલ તીમલી.

૪૩) મોહમ્મદ બિન હમ્માદ બિન બશીર.

૪૪) મોહમ્મદ બિન હામીદ બિન અલ હુસૈન બિન હામીદ બિન અલ રીસબીયા અલ લોખમી અલ જર્રાર.

૪૫) મોહમ્મદ બિન સાદ, અબુલ ફરજ

૪૬) મોહમ્મદ બિન સાદ, અલ દહકાન

૪૭) આલીમ અબુ બક્ર મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન હમદુન અલ ફઝલ.

૪૮) મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન મોહમ્મદ બિન ઉબૈદીલ્લાહ બિન અલ બોહલુલ બિન મતાર બિન મુતલીબ બિન મતાર બિન અબુલ ફઝલ અલ શૈબાની

૪૯) મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન અબ્દીલ્લાહ, અલ હફીઝ

૫૦) મોહમ્મદ બિન અબ્દીલ્લાહ બિન ઉબૈદુલ્લાહ બિન મુર્રા.

૫૧) કાઝી અબુલ હુસૈન મોહમ્મદ બિન ઉસ્માન બિન અબ્દીલ્લાહ અલ નાસેબી

૫૨) મોહમ્મદ બિન અલી બિન હુસૈન બિન મુસા બિન બાબવૈય 'અલ સદુક'.

૫૩) અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બિન અલી બિન ઝાનજેવીચ્યહ

૫૪) મોહમ્મદ બિન અલી બિન સુક્કર.

૫૫) અબુલ હુસૈન મોહમ્મદ બિન અલી બિન અલ મુફઝઝલ બિન હોમમ અલ કુફી.

૫૬) મોહમ્મદ બિન ફઝલ બિન તમામ અલ ઝચ્યાત

૫૭) મોહમ્મદ બિન એમાદ અલ તુસતરી

૫૮) મોહમ્મદ બિન મોહમ્મદ બિન મુર્રાત

૫૯) અબુલ ફરજ મોહમ્મદ બિન મુઝફ્ફર બિન એહમદ બિન સઈદ અલ દગાગ

૬૦) અબુલ ફરજ મોહમ્મદ બિન મુઝફ્ફર બિન કૈસ અલ મુકરી

૬૧) અબુ અબ્દુલ્લાહ મોહમ્મદ બિન વહબાન અલ હન્નાદ

૬૨) અબુ સહલ મેહમુદ બિન અમ્ર બિન મેહમુદ અલ અસ્કરી.

૬૩) કાઝી, અબુલ ફરજ અલ મોઅફી બિન ઝકરીય્યા બિન યહ્યા અલ નહરાવાની

૬૪) શૈખ નુહ બિન એહમદ બિન અયમન

૬૫) અબુ મોહમ્મદ હારૂન બિન મુસા બિન એહમદ બિન સઈદ અલ તલકબારી

૬૬) અબુ મોહમ્મદ બિન ફરીદ અલ બુશંજી